بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


**તા. ૦૧-નવેમ્બર-૨૦૧૦**

ઝીલ્ કૂઅ્દા-ઝીલ હજ્જ

હિજરી સન : ૧૪૩૧

વર્ષ : ૦૭, અંક : ૧૧, સળંગ અંક : ૮૩



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી (B.Sc.)
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


૦૧ સુન્ની દા'વતે ઈસ્લામીનો યોજાયેલ ભવ્ય..... ૦૨
૦૨ મહ઼બ્બતે રસૂલ صلی اللہ علیہ وسلم નો તક઼ાઝો અને મહોબ્બતના દાવેદારોની હાલત ! *(તંત્રી લેખ)* ૦૩
૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૦૯
૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૧
૦૫ હ઼દાઈક઼ે બખ્શિશ ૧૩
૦૬ હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین ૧૭
૦૭ નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... ૧૯
૦૮ કુર્બાની શા માટે? તથા એના સંબંધી અમુક મસાઈલ ૨૧
૦૯ કિ઼બ્લાએ અવ્વલ બયતુલ મુક઼દ્દસ : કલ આજ ઔર કલ ! ૨૩
૧૦ બાબરી મસ્જિદ સંબંધે મુસ્લિમોએ હવે શું કરવું જોઈએ ? ૨૭
૧૧ નવી પેઢીમાં ઈસ્લામથી દૂરીના સબબો..... ૩૧
૧૨ હઝરત ક઼ાઝી અબ્દુર્રહીમ બસ્તવી رحمۃ اللہ علیہ ૩૫
૧૩ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ અડગતાનો.... ૩૯
૧૪ સ્ત્રીની પોલિટિક્લ નેતાગીરી ઈસ્લામી રોશનીમાં ૪૫
૧૫ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૭


## નઅતે સરકાર : મદીના صلی اللہ علیہ وسلم

*અઝ : શેખ અબ્દુલગની અબ્દુર્રહમાન "ગનીમત"*

અલ્લાહ કી મખ્લૂક઼ કે સરકાર તુમ્હી હો
દોનોં જહાં કે માલિકો મુખ્તાર તુમ્હી હો
હમ આશિયોં કે હામીઓ ગમખાર તુમ્હી હો
કુલ આશિક઼ોં કે દિલબરો દિલદાર તુમ્હી હો
નબીયોં કે શાહ નાઈબે ખલ્લાકે દો આલમ
સુલ્તાને અરબ સૈયદે અબરાર તુમ્હી હો
હોતે હી પયદા ઉમ્મતે, આસી કો કિયા યાદ
હર આસી કી બખ્શિશ કે તલબગાર તુમ્હી હો
રોશન હુએ હંય તુમસે, યે મેહરો મહો અંજુમ
ચમકા દો હમેં નૂરી ચમકદાર તુમ્હી હો
આમદ સે તુમ્હારી હુવા હય દૂર અંધેરા
કુલ અંબિયામેં મમ્બએ અન્વાર તુમ્હી હો
મુંહ ફેર હી લેંગે સરે મહશર સભી અપને
હમ મુજરિમોં કે આક઼ા, તરફદાર તુમ્હી હો
ગભરાએ ક્યૂં મૈદાને ક઼યામત સે **"ગનીમત"**
આફતઝદોં કે જબકે મદદગાર તુમ્હી હો

# સુન્ની દા'વતે ઈસ્લામીનો યોજાયેલ ભવ્ય સુન્ની ઈજતેમા

કાર્યાલય

**ભરૂચ** : મુકામે ''વાદીએ રહમત'' (સબજેલ પાસે, મુહમ્મદપુરા)માં સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય સુન્ની ઈજતેમા તા. ૯–૧૦–૨૦૧૦ તથા ૧૦–૧૦–૧૦ (શનિ, રવિ) યોજાયો જેમાં હજારોની સંખ્યામાં પ્રથમ દિવસે બહેનો તથા બીજા દિવસે ભાઈઓએ હાજરી આપી દીન તથા સુન્નિયત પ્રત્યે પોતાની જાગૃતિની સાબિતી આપી હતી. શનિવારે ઝોહર બાદથી જનાબ કારી શમીમ (ઉસ્તાદ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ની તિલાવતથી તથા આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનુદ્દીન કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)ની ભલી દુઆઓથી ઈજતેમાની શરૂઆત થઈ હતી. હમ્દ તથા નઅત જનાબ ઈરફાનભાઈ (પાલેજ)એ પેશ કરી. ત્યારબાદ હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી સાહબનું ઈમાન અફરોઝ ઈસ્લાહી બયાન, ત્યારબાદ સૈયદ અમીનુદ્દીન સાહબે ''હયા''ના વિશે દિલ પીગળાવનારું બયાન કર્યું. અસરની નમાઝ બાદ મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી (સદર મુફતી જામિઆ અશરફિયા–મુબારકપુર)એ વિવિધ દીની સવાલોના જવાબો આપી ઈલ્મે દીનની મહેક પ્રસરાવી બહેનોનાં દિલોને રોશન કર્યા. મગરિબ બાદ અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના શાકિર અલી નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઝરોની હિફાઝત પર અસરકારક બયાન કરી ખોટા માર્ગે જવાથી બચીને મા બાપની ઈજ્જતને સાચવવા, ઈસ્લામી રાહે બાપર્દા જીવન જીવવા બહેનોને તલકીન કરી હતી. ત્યાર બાદ ઝિક્ર, દુઆ, સલાતો સલામ સાથે ઈશા પહેલાં બહેનોનો ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો. છેવટે ઘણી બહેનો હઝરત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના હાથ પર પર્દા હેઠળ બયઅત થઈ કાદરી રઝવી સિલસિલામાં દાખલ થઈ હતી. બીજા દિવસે રવિવારે સવારે દસ વાગ્યાથી મર્દોનો ઈજતેમા શરૂ થયો જેમાં જનાબ કારી શમીમ સાહબે (આમોદ) તિલાવતે કુર્આન પેશ કર્યું. જનાબ અબ્દુર્રઉફે (પાલેજ) નઅત શરીફ પેશ કરી, ત્યારબાદ જનાબ તારિકભાઈ મુબલ્લિગે ''બરકાતે શરીઅત''માંથી વુઝૂના ફઝાઈલ–મસાઈલનો દર્સ આપ્યો, સુન્નતો વિશે જનાબ મુઈનુદ્દીનભાઈ (હાજીપીર કિર્માણી–ભરૂચ)એ હાજરજનોને તા'લીમ આપી, જનાબ રાશિદભાઈ મુબલ્લિગે (મુંબઈ) ઈમાન તથા નમાઝ સંબંધે તર્બિયત કરી, જનાબ હાફિઝ અબ્દુર્રહીમ સાહબે નમાઝ સંબંધે હદીષનો દર્સ આપ્યો. ઝહોરની નમાઝ બાદ હઝરત સૈયદ અમીનુદ્દીન કાદરી સાહબ તકવા પર તથા પરાયી સ્ત્રીઓ પર બદ્નઝર કરવાથી બચવા હઝરત ખ્વાજા સાહબના હવાલાથી ઈબ્રતનાક બયાન કર્યું હતું. ત્યારબાદ બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબે પોતાના અનોખા અંદાઝમાં નઅત, બયાન સાથે દીન તથા સુન્નિયત પર, શરીઅત પર, સુન્નત પર ચાલવા માટે મજમાની અસરકારક તર્બિયત કરી હતી, યુવાનોને દીન પર ચાલવા પ્રોત્સાહિત કર્યા હતા. અસરબાદ હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન સાહબથી સવાલો જવાબનો ઈન્ટરેસ્ટિંગ ક્રમ ચાલ્યો જે મગરિબ બાદ પણ અડધો કલાક ચાલુ રહ્યો. ત્યાર બાદ મુફતી સાહબે દાઢી રાખવા વિશે યુવાનોને ઉભાર્યા તો કેટલાક યુવાનોએ દાઢી રાખવાનો હાથ ઉઠાવી વાયદો કર્યો હતો. ત્યાર બાદ ''મઅમૂલાતે હરમૈન શરીફૈન'' નામથી સેટમાં ત્રણ કિતાબો (૧) હજ્જ કયૂં કરેં ? (૨) હજ્જ કૈસે કરેં ? (૩) આદાબે મદીના + ગુજરાતી ''હજ્જ કેવી રીતે કરશો ?'' (લેખક : મૌલાના શાકિર અલી નૂરી)નો રસ્મે ઈજરા હઝરત કિબ્લા મુફતી સાહબના હસ્તે થયો. હઝરત શૌકતઅલી બાવા જંબુસરવાળા તથા હઝરત સૈયદ હશમત અલી બાવા જંબુસરવાળા, હાફેઝ આદમ સાહબ કંબોલ્વી સાહબ તથા અન્ય સાદાત ઉલમા રોનેકે સ્ટેજ હતા. દરમ્યાનમાં ઈશા પઢવામાં આવી પછી જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે પબ્લિકની માંગ પર નઅતો, મન્કબતો ગૌષો ખ્વાજાઓ રઝાની સંભળાવી મજમાને ગરમાવી દીધો. સુબ્હાનલ્લાહ ! ના અવાજો વારંવાર ઉઠતા રહ્યા છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ ઈસ્લામી ભાઈચારગી તથા અન્યને કામ લાગવા સંબંધે કુર્આન હદીષના હવાલા તથા સહાબા તથા બુઝુર્ગોના વાકયા પેશ કરી હૃદયદ્રાવક બયાન કર્યું, સાથોસાથ બદ્અકીદા સાથે શાદી તથા તેમને ત્યાં શાદી ગમીમાં જવાની મનાઈ કરતો શરીઅતનો હુકમ સંભળાવી મજમાને ઝંઝોળ્યો હતો. તેમજ ભરૂચ શહેર મધ્યે સુન્ની દા'વતે ઈસ્લામીનું ''તર્બિયત સેન્ટર'' શરૂ થઈ રહ્યું છે જેની ઈફતેતાહ તા. ૩–૧૧–૨૦૧૦ના રોજ થશે તો તેમાં દીની તા'લીમ માટે દાખલો મેળવવાનું એલાન કર્યું હતું. બયાન બાદ ઝિક્ર, દુઆ રિક્કઅંગેઝ રીતે થઈ છેવટે અવામમાંથી ઘણા યુવાનો અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના હાથ પર બયઅત કરી કાદરી રઝવી સિલસિલામાં જોડાયા હતા.

# મહ઼બ્બતે રસૂલ ﷺનો તક઼ાઝો અને મહોબ્બતના દાવેદારોની હાલત !

તંત્રી લેખ.....

વર્તમાન સમયે આશિક઼ે નબી હોવાનો દાવો કરનારા આપણા મોટાભાગના સુન્ની ભાઈ બહેનોની સ્થિતિ જોઈને કોઈપણ અહલે સુન્નતના હમદર્દને ખરી હમદર્દી દીન તથા સુન્નિયતથી હશે તો, લોહીનાં આંસૂ રડવા દિલ બેકરાર થઈ જશે, દિલો દિમાગ બેચૈનીનો શિકાર બની જશે. દા.ત. કોઈ સુન્નીના ઘરે શાદીમાં કે મૈયતમાં ભીડ જુઓ તો મોટાભાગે સુન્ની, વહાબી–દેવબંદી સૌની ભેળસેળ અચૂક જોવા મળશે અને માન પાન સાથે તેમની સાથે મુસાફા તથા ગળે મળવાનાં દશ્યો, શાનદાર મેહમાની તથા તેમની તા'ઝીમ થવાનાં દશ્યો જોવા મળશે, સુન્ની દેવબંદીનો કોઈ ભેદ ન જણાશે. એ જ પ્રમાણે કોઈ દેવબંદી, વહાબી, અહલે હદીષને ત્યાં આવો પ્રસંગ હશે તો ખુશી ખુશી સુન્ની ભાઈઓ પહોંચી જશે, તેમજ રોજ ઉઠીને સાંભળવા મળશે કે ફલાણાના છોકરા કે છોકરીની શાદી ફલાણા ગામના દેવબંદીને ત્યાં નક્કી થઈ ! ફોરેન જવાની કે માલદારીની લાલચમાં અથવા આમ પણ રોજ બરોજ સગાઈ સંબંધ તથા શાદીઓ હાલના એવા સમયે વધી રહી છે જ્યારે કે વહાબી, દેવબંદી, અહલે હદીષ વગેરેના કુફ્રી અક઼ીદાઓને બયાનોમાં કિતાબોમાં સચોટ રીતે સતત જાહેર કરવામાં આવે છે. છતાં આપણા કહેવાતા સુન્ની ભાઈ બહેનો જાણવા સમજવા છતાં જાણે દીનથી બેઝાર થઈ ગયાં હોય તેમ એ વાત પર કોઈ લક્ષ આપ્યા વિના રસૂલે પાક ﷺના દુશ્મનોને પોતાના સગાં વહાલાં બનાવી રહ્યાં છે.

### ★ રસમી સુન્ની નહીં, અસલી સુન્ની બનો ! ★

સામાજિક પ્રસંગોની મેહફિલો જુઓ તો લાગશે કે કોઈને કોઈ જ ચીજની પડી નથી કે સુન્ની શું વહાબી દેવબંદી શું ?! એમાં કોઈ અપવાદ નથી જણાતુ, આમ આદમી હોય કે સુન્ની સંસ્થાઓના ઠેકેદારો, મોલ્વી હાફેઝજી શું કે કહેવાતા રૂહાની પેશ્વા કે રહબરો શું ! ઈલ્લા માશાઅલ્લાહ ! શાદીની દા'વત આવી તો કોણ કોની સાથે પરણે છે, કોઈ પરવા નહીં ! ભલે બદ્અક઼ીદાની સુન્ની સાથે કે સુન્નીની બદ્અક઼ીદા સાથે શાદી થઈ રહી છે, ચકાસણી વિના પહોંચી જઈને મોં દેખાડી આવીને નિમંત્રકને ખુશ કરી આવશે ! અલ્લાહ વ રસૂલની રાજી નારાજગીની ચિંતા નહીં કરે ! અને આશિક઼ે રસૂલ, આશિક઼ે ગૌષો ખ્વાજા વ રઝા તો એવા જણાશે કે ગામોનાં ગામોને ન્યાઝો ખવડાવી આપશે ! એક તરફ તો દેવબંદીઓ સાથે સગાઈ તથા ગળે મળવાનાં સંબંધો ભરપૂર રાખશે, કોઈ બદ્મઝહબની દા'વત નહીં ચૂકે અને તેમને પોતાના ત્યાં નોંતરવાનું નહીં ચૂકે, તો બીજી બાજુ આશિક઼ તો એવા કે અવાર નવાર મદીના પાકની હાજરી આપશે, તેમજ બુઝુર્ગોના દુનિયાભરનાં આસ્તાનાઓના ચક્કર કાપતા રહી પોતે પ્રખર સુન્ની તથા આશિક઼ે અવલિયા હોવાના દષ્ટાંતો પેશ કરશે ! અમે એમને "રસમી સુન્ની" કહીશું ! કેમ કે કેવળ સુન્ની રસમોને કરતા રહેવું અને અસ્લ હુકમો રબ તઆલા તથા તેના મહબૂબ ﷺના બદ્મઝહબો વિશે જે છે તેની અવગણના કરી મનમાની કરી બદ્મઝહબોથી મેલજોલ કરતા રહેવું એ તેમની ખરી સ્થિતિ દર્શાવી આપે છે.

## ★ કડવુ લાગે તો માફ કરજો ! ★

એક ઈમામ સાહબ પુત્રીની શાદીમાં (ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા થકી) સહાય માટે એક બાવાસાહબની સિફારિશની ચિટ્ઠી લઈને મારી પાસે આવ્યા. અને આવા બે ત્રણ દાખલા મારી સાથે બન્યા છે. મેં પૂછયું, પુત્રીની શાદી ક્યાં કરો છો ? તો દેવબંદી ગામનું નામ બતાવ્યું. મેં પૂછયું, છોકરાવાળા સુન્ની છે ? તો કહ્યું કે, જમાતી છે ! મેં કહ્યું, બાવા સાહબે પૂછયું ખરું કે ક્યાં શાદી થાય છે ? શાથી સિફારિશ કરી આપી ? પછી મેં કહ્યું કે તમો આ રિશ્તો કટ કરી સુન્નીમાં કરો તો ભરપુર મદદ કરીશું, કેમ કે વહાબી સાથે નિકાહ થતા નથી, જે સંબંધ થશે તે હરામકારી (ઝિના) થશે. પણ તે ભાઈ લાચારી દર્શાવી ચાલ્યા ગયા. આ છે ઈમામોની હાલત ! તો પબ્લિકની શું હાલત હોય ? આવું કરનારા ઈમામો પબ્લિકની શું સુધારણા કરી શકે ? અને કેટલાક કહેવાતા રહબરો દરેકની શાદીમાં હાજરી આપી આર્શિવાદ આપી આવે છે ! એને જગત જોઈ રહ્યું છે, એનાથી જ કૌમ ભટકી રહી છે. હા ! તો મૂળ વિષય પર આવીએ. બેશક઼ ! મહબ્બતે રસૂલ ﷺ વિના નજાતનો કોઈ જ વિકલ્પ નથી. એટલા જ માટે કહેવામાં આવ્યું કે :–

*કી મુહમ્મદ ﷺસે વફા તૂને તો હમ તેરે હૈં–યહ જહાં ચીઝ હૈ ક્યા લોહો ક઼લમ તેરે હૈં* –(ડો. ઈકબાલ)

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ–લિલ્લાહિલ હ઼મ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા* –(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)

મહબ્બતે રસૂલ ﷺ એ ઈમાનનું માપદંડ છે. તૌહીદનો સ્વીકાર કરનારા, અલ્લાહને એક માનવાનો દાવો કરનારા, અસલી કિતાબી ઈસાઈ, યહૂદી તથા અન્ય મઝહબમાં પણ મળી શકે છે પણ અલ્લાહને એક માનવાની સાથોસાથ અલ્લાહના આખરી નબી, આખરી રસૂલ, આપણા આક઼ા વ મૌલા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પર ઈમાન ન લાવે ત્યાં સુધી કોઈ મુસલમાન નથી થઈ શક્તું. વળી કેવળ ઝબાની કલ્મો પઢી લેવાથી પણ કામ નહીં ચાલે બલ્કે કલ્મો પઢયા પછી પણ રસૂલે પાક ﷺથી કેવી મહોબ્બત હોવી જોઈએ તેને પણ જોતા ચાલો.

## ★ કોઈ વ્યક્તિ મો'મિન ક્યારે ગણાશે ? ★

આશિક઼ે રસૂલ હોવાનો દાવો, મો'મિન હોવાનો દાવો તો ઘણા લોકો કરે છે પણ આવો ! કુર્આન હદીષની રોશનીમાં સાચો મો'મિન કોને કહેવાશે તેનો અભ્યાસ કરતા ચાલીએ. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ''તમ્હીદે ઈમાન''માં આ પ્રમાણે દર્શાવે છે :–

તમારો પરવરદિગાર કુર્આને પાકમાં (સૂ. તૌબા, આ. ૨૪)માં ફર્માવે છે : **અર્થાત** :''તમે ફર્માવી દો કે અય લોકો ! જો તમારા બાપ, તમારા બેટા, તમારા ભાઈ, તમારી ઔરતો, તમારા કુટુંબીજનો, તમારો કમાઈનો માલ, અને તે વેપાર કે જેમાં તમને નુકસાનનો ભય છે, અને તમારી પસંદગીનાં મકાનો, એનામાંની કોઈ ચીજ પણ તમને અલ્લાહ અને એના રસૂલ અને એના રસ્તામાં કોશિશ કરવા કરતાં વધુ વહાલી છે તો વાટ જુઓ ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો અઝાબ ઉતારે. અને અલ્લાહ ફાસિક઼ો (એના હુકમોને ન માનનાર)ને રસ્તો નથી આપતો.'' (હિદાયત નથી આપતો.)

આ આયતથી જણાયું કે જેને દુનિયામાં કોઈ પણ સગુ, કોઈ માલ કે કોઈ ચીજ અલ્લાહ અને રસૂલથી વધુ પ્યારી છે તે અલ્લાહ તઆલાના દરબારથી મરદૂદ (ધુતકારેલ) છે. અલ્લાહ તેને પોતાના તરફ રસ્તો નથી બતાવતો. તેણે અલ્લાહના અઝાબની રાહ જોવી જોઈએ. (અલ્લાહ તઆલા બચાવે)

### ★ ઈમાન નામ છે રસૂલ ﷺની મહોબ્બતનું ★

હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું કે સરકારે અકદસ ﷺ એ ફર્માવ્યું કે **કોઈ વ્યક્તિ તે સમય સુધી મો'મિન નથી થઈ શક્તો જ્યાં સુધી કે હું તેના મા બાપ, પુત્રો અને તમામ લોકોથી અધિક પ્રિય ન થઈ જાઉં.** *(બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ)*

હઝરત શૈખ મુહક્કિક શાહ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہ આ હદીષ હેઠળ ફર્માવે છે : ''કામિલ મો'મિનના ઈમાનની નિશાની એ છે કે **મો'મિનની નજીક રસૂલે કરીમ ﷺ તમામ ચીજો, તમામ લોકો કરતાં અધિક મહબૂબ તથા ઈજ્જતદાર હોય.** આ હદીષમાં હુઝૂર ﷺ ના અધિક મહબૂબ હોવાનો મતલબ એ છે કે હક્કોની અદાયગીમાં હુઝૂર ﷺ ને ઊંચા માને એ રીતે કે હુઝૂરના લાવેલા દીનને સ્વીકારે, હુઝૂરની સુન્નતોની પયરવી કરે, હુઝૂરની તા'ઝીમ તથા અદબ બજાવી લાવે અને દરેક શખ્સ તથા દરેક ચીજ એટલે કે પોતાની જાત, પોતાની ઔલાદ, પોતાનાં માબાપ, પોતાનાં સગા સ્નેહીઓ તથા પોતાની માલ સંપત્તિ પર હુઝૂર ﷺ ની રઝા તથા ખુશ્નૂદી (રાજીપા)ને અગ્રસ્થાને રાખે. જેનો અર્થ એ છે કે પોતાની દરેક પ્યારી ચીજ એટલે સુધી કે પોતાની જાનના ચાલ્યા જવા પર પણ રાજી રહે, પરંતુ હુઝૂર ﷺ ના હક્કને દબાવવાનું માન્ય ન રાખે. *(અશિઅતુલ લમ્આત, ભા. ૧, પેજ–૪૮, બહવાલા અન્વારુલ હદીષ)* તેમજ અન્ય એક હદીષે પાકમાં છે :–

એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہએ રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! આપ મારી જાન સિવાય દરેક ચીજથી મને અધિક પ્રિય છો ! તો નબી ﷺએ ફર્માવ્યું : **તમારામાંથી કોઈ મોમિન નથી થઈ શકતુ જ્યાં સુધી હું તેની નજીક તેની જાન કરતાં પણ અધિક પ્યારો ન થઈ જાઉં.** આ સાંભળીને હઝરત ઉમરે અર્ઝ કરી : તે જાતની કસમ ! જેણે આપના ઉપર કિતાબ નાઝિલ ફર્માવી, આપ (મને) મારી જાન કરતાં પણ અધિક પ્રિય છો. તો હુઝૂરે ફર્માવ્યું : ''હવે તમારું ઈમાન મુકમ્મલ થયું.'' *(સહીહ બુખારી શરીફ, બહવાલા સહાબાનો ઈશ્કે રસૂલ)*

પ્યારા દીની ભાઈઓ ! કુર્આન હદીષની રોશનીમાં આપે જાણી લીધું કે ઈમાન નામ છે રસૂલ ﷺની મહોબ્બતનું. તો હવે રસૂલે પાક ﷺની મહોબ્બત સાથે દુનિયાની કોઈ પણ ચીજ, માલ મિલ્કત, હોદ્દા કે ઈજ્જતની મહોબ્બત ટકરાય અથવા ઔલાદ, ભાઈ, બહેન, માબાપ, સગાં કે ગમે તે વ્યક્તિની મહોબ્બત ટકરાય તો સર્વને જતાં કરીને રસૂલે પાક ﷺની મહોબ્બતને અગ્રતા આપવી, તેમનું માન સાચવવું ત્યાં સુધી કે મહબ્બતે રસૂલ ﷺમાં જાન આપવાનો વારો આવે તો તેને પણ......સારાંશ કે મહબ્બતે રસૂલ ﷺ આગળ સર્વને ત્યજી દેવાં, સર્વ મહોબ્બતો કુર્બાન કરી દેવી, રસૂલે પાક ﷺનું સન્માન બાકી રાખવું એનું નામ જ ઈમાન છે. એટલા જ માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

*કરું તેરે નામ પે જાં ફિદા, ન બસ એક જાં દો જહાં ફિદા,*
*દો જહાંસે ભી નહીં જી ભરા, કરું ક્યા કરોડોં જહાં નહીં !*

### ★ સહાબાએ કિરામમાં ઈશ્કે રસૂલ કેવો હતો ?! ★

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! રસૂલે પાક ﷺની મહોબ્બતનો કેવળ દાવો નહીં ચાલે ! પણ

ખરેખર તમારા દિલોમાં ઈશ્કે રસૂલ ﷺનો સાગર મોજાં મારે છે તો તેનું પ્રદર્શન કઈ રીતે થશે ? શું ખુદા વ રસૂલના દુશ્મનો, નબીપાકના ગુસ્તાખ બદ્અક઼ીદાવાળાઓ સાથે શાદી વહેવાર તથા દોસ્તી કરીને કે તેમનાથી નફરત કરીને ?! આવો ! કુર્આન હદીષ પર મજબૂત ઈમાન તથા યક઼ીન ધરાવનારા, સાચા તથા ઉમ્મતમાં સૌથી શ્રેષ્ઠ મો'મિન એટલે સહાબાએ કિરામનાં દષ્ટાંતો જોઈ લો અને તમારી જાતને સવાલ કરો કે શું તમે પણ ગુસ્તાખે નબીથી આવી નફરત ધરાવો છો કે પછી તેમના વહાલા કે સગા વહાલા બનો છો ?!

## ★ હઝરત ઉમરે કાફિર મામાને કત્લ કર્યો ★

જંગે બદ્રમાં મક્કાથી લડવા માટે આવનાર કાફિરો મુહાજિરોના નિકટના સગાઓ હતા. પરંતુ મુહાજિરોના દિલોમાં અલ્લાહ અને રસૂલની મહોબ્બત એટલા વધુ પ્રમાણમાં હતી કે પોતાની સામુ પોતાના બાપ, બેટા અને નિકટના સગાને દેખીને તેમની હિંમતમાં કોઈ કમી આવી શકતી ન હતી, તે જ લડાઈમાં અમીરૂલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો સગો મામો આસ બિન હિશામ બિન મોગીરા ગુસ્સા અને ક્રોધથી મેદાનમાં આવ્યો. તેનાથી મુકાબલો કરવા માટે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ આવ્યા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ તેના માથામાં એટલી તાકતથી તલ્વાર મારી કે તલ્વાર માથુ કાપતી જડબા સુધી પહોંચી ગઈ અને હઝરત ફારૂકે આઝમે કિ઼યામત સુધી આવતા મુસલમાનો માટે એ દાખલો કાયમ કર્યો કે કબીલો અને સગાઈ બધુ જ મહબ્બતે રસૂલ પર કુર્બાન કરી શકાય છે. જે રસૂલનો તે આપણો અને જે રસૂલનો નહીં તે આપણો પણ નહીં, ભલે ને ગમે તેટલો નિકટનો સગો હોય. હઝરત ઉમરે તલ્વાર ખેંચીને દર્શાવી આપ્યું કે, "હે રસૂલ ! આપનો રિશ્તો બાકી રાખવા માટે અમે દરેક રિશ્તો કાપવા તૈયાર છીએ ! સર્વ રિશ્તાઓ કપાઈ જાય, પણ આપનો રિશ્તો બાકી રહેવો જોઈએ !"

## ★ હઝરત અબૂબક્ર તથા તેમનો પુત્ર ★

તારીખુલ ખુલ્ફામાં છે : હઝરત અબૂ બકર સિદીક઼ رضی اللہ عنہ પોતાના સાહેબઝાદા હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہથી વાતચીત કરી રહ્યા હતા. જંગે બદ્ર વિષે ચર્ચા થઈ, હઝરત અબ્દુર્રહમાને ઝમાનએ જાહિલિયતનો કિસ્સો બયાન કરતાં અર્ઝ કરી, અબ્બા હુઝૂર ! જંગે બદ્રમાં હું અબૂજહલના લશ્કર સાથે હતો અને આપ સરકારે દો આલમ ﷺ ના સહાબા સાથે હતા. જ્યારે લડાઈની આગ ભડકી રહી હતી તે સમયે અનેક વખત આપ મારી તલ્વારની લપેટમાં આવ્યા પરંતુ મેં તમારી ઉપર હુમ્લો ન કર્યો. આ વાત સાંભળીને હઝરતે અબૂ બકર સિદીક઼ رضی اللہ عنہ એ ફર્માવ્યું, બેટા ! لَوْ اَهْدَفْتَ لِيْ لَمْ اَنْصَرِفْ مِنْكَ જો તું મારી લપેટમાં આવી ગયો હોત તો હું તારાથી પાછો ન ફરતો અને તને મારીને જ રહેતો, કારણ કે અલ્લાહ અને રસૂલની મહોબ્બતમાં અમારી માન્યતા જ એ છે કે જે તેમનો તે અમારો અને જે તેમનો નહીં તે અમારો નહીં ! પછી સગાઈમાં તે અમારો ગમે તેટલો નિકટનો હોય.

## ★ હઝરત અબૂ હુઝૈફાએ બાપ સામે તલ્વાર ખેંચી ! ★

સીરતે ઈબ્ને હિશામમાં છે, જંગે બદ્રમાં કાફિર લશ્કરનો જનરલ ઉત્બા બિન રબીઆ હતો. તે મુકાબલા માટે મેદાનમાં આવ્યો, મુસલમાનો તરફથી તેના બેટા હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہ તલ્વાર ખેંચીને તેની સાથે લડવા માટે નીકળ્યા. પરંતુ સરકારે દો આલમ ﷺને એ પસંદ ન આવ્યું કે બેટાની તલ્વારથી બાપનું લોહી વહે, એટલે તેમને સ્થાને હઝરત હમ્ઝા رضی اللہ عنہ ને મોકલ્યા. આપે તેને ક઼ત્લ કર્યો.

બાપને કતલ કરવા માટે નીકળવું કોઈ સામાન્ય કામ નથી ! પરંતુ સહાબાએ કિરામ દુનિયાની સઘળી સગાઈઓ અને સંબંધોને ઈમાનના ત્રાજવામાં લાવીને જોખતા હતા. ઈમાનવાળો જો સગો ન હોય તો પણ તે તેમને ભાઈથી વધારે પ્યારો હતો અને બાપ ઈમાનવાળો ન હોય તો તેમને દુશ્મનથી વધુ બુરો લાગતો હતો. કારણ કે **દરેક સગાઈ અને સંબંધની ઈજ્જત અને કૃદ્ર ઈમાન પછી જ થાય છે,** ઈમાન વગર બધી નિસ્બતો બેકાર અને બેઈજ્જત છે.

## ★ બાપના ગળા પર તલ્વાર મૂકી ! ★

અબ્દુલ્લાહ બિન ઓબય મુનાફિકના ફરઝંદનું નામ અબ્દુલ્લાહ હતું, પરંતુ આપ સાચા અને પાકા મુસલમાન અને આશિકે રસૂલ હતા. જ્યારે તેમને જાણવા મળ્યું કે મારા બાપે રસૂલે પાક ﷺની શાનમાં ગુસ્તાખી કરી છે તો જંગથી પરત આવવા પર મદીના મુનવ્વરાથી બહાર તલ્વાર લઈને ઉભા થઈ ગયા અને પોતાના બાપને કહ્યું કે હું તને મદીનામાં ત્યાં સુધી પ્રવેશવા નહીં દઉં, જ્યાં સુધી તું એ વાતનો ઈકરાર ન કરે કે તું બેઈજ્જત છે અને મુહમ્મદ ﷺ ઈજ્જતવાળા છે ! તે અચરજમાં પડી ગયો ! કારણ કે હઝરત અબ્દુલ્લાહ પોતાના બાપ સાથે હમેશાં સારો વર્તાવ કરતા હતા, પરંતુ હુઝૂરના વિરોધમાં જવાથી બાપની કોઈ ઈજ્જત અને મહોબ્બત બાકી રહેતી નથી ! અંતે તેણે મજબૂર થઈને કહ્યું, વલ્લાહ ! હું બેઈજ્જત છું અને મુહમ્મદ ﷺ ઈજ્જતવાળા છે. ત્યાર બાદ મદીનામાં પ્રવેશવા દીધો. *(બહવાલા : તોહફાએ નજાત, ભાગ–૯, સહાબાએ કિરામનો કિરદાર અને આપણે, અઝ : મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા, પ્રેસ્ટન, યુ.કે.)*

## ★ સમયની નઝાકતને સમજો, હજી સમય છે, પાણી પહેલાં પાળ બાંધો ! ★

હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! શું સહાબાએ કિરામનાં આ દષ્ટાંતો આપણી હિદાયત માટે પૂરતાં નથી ?! એને વારંવાર વાંચો અને તમારા દિલને જ સવાલ કરો કે મારાં કેટલાં સગાં બદ્અકીદા છે અને તેમની સાથે હું શું વહેવાર રાખું છું ?! હાલ જંગનો સમય તો નથી રહ્યો, પણ તમે સંબંધ કટ કરીને તેમનાથી દૂર તો થઈ શકો છો. સહાબાએ કિરામનો તો તે માર્ગ છે કે જેમના માટે નબી ﷺએ ફર્માવ્યું, "મારા સહાબાઓ તારાઓ જેમ છે (સીધો માર્ગ સૂચવનારા) જેની પણ પેરવી કરશો નજાત પામશો." તો પછી તેમનાથી ઉલ્ટી રાહ અને ઉલ્ટી ચાલ ચાલીને નબીપાક ﷺના ગુસ્તાખો સાથે શાદી વહેવાર કરીને આપણે ક્યાંથી નજાત પામી શકીશું ?! અને જો બદ્અકીદાઓથી સગાઈ સંબંધ બાંધવાનો આ ક્રમ આવો ચાલુ ને ચાલુ જ રહેશે તો કૌમ બર્બાદ થઈ જશે, માટે હે સુન્નીઓ ! તમને મહબ્બતે રસૂલનો વાસ્તો ! ઈમામ હુસૈન તથા સર્વ અહલે બયતે કિરામનો વાસ્તો ! ગૌષે પાકનો વાસ્તો ! ખ્વાજા સાહબનો વાસ્તો ! સર્વ અવલિયાનો વાસ્તો ! કે જેમની મહોબ્બતનો તમે દમ ભરો છો ! આ બાબતે ગંભીર બનો અને તમારા પુત્ર પુત્રીઓની ખાત્રીપૂર્વક અકીદાની સ્પષ્ટ આમને સામને ચોખવટ કરીને સંપૂર્ણ તપાસ કરીને ફક્ત સુન્નીઓમાં જ શાદી કરો તેમજ પૂરાણી સગાઈઓને હળવાશથી અકીદા બાબતે ચોખવટ કરીને તેમને અલવિદા કહી આપો એમાં જ પૂરી કૌમની ભલાઈ છે, એમાં જ દુનિયા તથા આખેરતમાં ઈજ્જત તથા નજાત છે. વિચારો ! પહેલાં સર્વ સુન્ની જ હતા પછી આ વહાબિયત શાથી ફેલાઈ રહી છે ?! ખરેખર ! શાદી સગાઈ સંબંધથી તેને ખૂબ જ ઉત્તેજન મળ્યું છે જે તેમનાથી સગાઈ કરે છે તેનો ઈમાની જોશ ક્રમે ક્રમે ઉતરી જાય છે, અને ઘરે તેમની આવન જાવન રહે છે જેની અસરથી ઔલાદ એ તરફ જવાનો ૧૦૦% ખતરો રહે છે અને એવું જ થઈ રહ્યું છે.

### ★ બદ્અક્દા સાથે શાદી વિશે શરીઅતનો હુકમ ★

**મસ્અલા** : વહાબીઓ, દેવબંદીઓ, તબ્લીગી જમાઅતવાળાઓ, મૌદૂદી જમાઅતવાળાઓ, (ગૈર મુકલ્લિદો) અને રાફઝીઓ સાથે નિકાહ–શાદી કરવી, તેમની સાથે મેલજોલ રાખવી અને તેમની પાછળ નમાઝ જાઈઝ છે કે નહીં ?

**અલ્જવાબ** : ઉપરોકત જમાઅતો પોતાના બાતિલ અક્દાઓના કારણે શરીઅતના હુકમ મુજબ બદમઝહબ, ગુમરાહ છે અને બદમઝહબોના વિશે ખૂદ નબીએ અકરમ ﷺ ફર્માવે છે, (અર્થ) : **બદમઝહબ જો બીમાર પડે તો પૂછવા ન જાવ અને જો મરી જાય તો જનાઝા પર હાજર ન થાવ અને જ્યારે તેમને મળો તો સલામ ન કરો અને તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, ખાણુ ન ખાવ, તેમની સાથે શાદી–વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો.** રિવાયત કરી એને મુસ્લિમે અબૂ હુરૈરહથી તથા અબૂ દાઊદે ઈબ્ને ઉમર તથા ઈબ્ને માજહ્એ જાબિરથી તથા ઓકૈલી તથા ઈબ્ને હબ્બાને અનસ رضی اللہ عنہ થી. મુહક્કિકે અલલ ઈત્લાક્ ફત્હુલ ક્દીરમાં ફર્માવે છે : (અર્થ) : ઈમામ મુહમ્મદ رضی اللہ عنہએ શૈખેન હઝરત સૈયદના ઈમામે આઝમ અબૂ હનીફા તથા સૈયદના કાઝી ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہથી રિવાયત કરી કે **બદમઝહબોની પાછળ નમાઝ જાઈઝ નથી.** જેથી હદીષ શરીફ અને ફિક્હના ઈર્શાદથી સ્પષ્ટ થયું કે, વહાબીઓ (ગૈર મુકલ્લિદો), દેવબંદીઓ, મૌદૂદી જમાઅત (કહેવાતી જમાઅતે ઈસ્લામી)વાળાઓ અને રાફઝીઓ સાથે શાદી વિવાહ કરવો, તેનાથી મેલજોલ રાખવી જાઈઝ નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ. **લખનાર** : જલાલુદ્દીન અહમદ અમજદી *(૨૩ મોહર્રમ, હિ. ૧૩૮૯, ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧)*

### ★ નિકાહ પઢાવનારા તેહકીક્ વિના નિકાહ ન પઢાવે ! ★

નિકાહ પઢાવનારા મોલ્વીઓ, ઈમામો પણ પોલ ન ચલાવે, જગા સાચવવાના ખાતર કે કોઈની શેહ શરમમાં કે લાપરવાહીમાં ગમે તેના નિકાહ ન પઢાવે, બલ્કે નિકાહ પઢાવવા કોઈ કહે તો તેમને સીધુ પૂછે કે છોકરો, છોકરી, ગવાહો વગેરે સુન્ની છે કે નહીં ? અને પછી પણ તેહકીક્ કરીને જ આગળ વધે. એના અનુસંધાનમાં એક શરઈ હુકમ પણ જોઈ લો :–

**મસ્અલા** : શું ફર્માવે છે મુફતિયાને એઝામ આ મસ્અલામાં કે 'ઝયદ' જે હાજી છે તેણે પોતાની પૌત્રીની શાદી વહાબી છોકરા સાથે નક્કી કરી અને **નિકાહ પઢાવવા માટે એક સુન્ની મોલ્વીને છોકરાને ત્યાં લઈ ગયા.** મોલ્વી સાહબને અગાઉથી જાણ ન હતી કે છોકરો વહાબી છે પણ પાછળ થી ખબર પડી, તો આ સ્થિતિમાં મોલ્વી સાહબના માટે શો હુકમ છે ?

**અલ્જવાબ** : જ્યારે કે વહાબિયત સામાન્યતઃ ફેલાઈ રહી છે તો મોલ્વી સાહબે તેહકીક્ કરવી અનિવાર્ય હતી, તેહકીક્ વિના નિકાહ પઢી આપવાને કારણે જ્યારે કે પાછળથી છોકરો વહાબી હોવાની જાણ થઈ તો **મોલ્વી સાહબ તૌબા તથા ઈસ્તિગફાર કરે** અને બાલિગ છોકરો વહાબી મુર્તદ હોય અથવા નાબાલિગ હોય પણ તેના વલી (વાલી) વહાબી હોય તો **આ સંજોગોમાં નિકાહના બાતિલ હોવાનું જાહેર એલાન કરે** અને નિકાહખ્વાનીના પૈસા પણ પાછા આપી દે. વહુવ તઆલા અઅ્લમ. *(લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી, ફતાવા ફૈઝુર્રસૂલ, ભાગ–૧)*

રબ્બે ક્દીર તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આપણને ખુદા વ રસૂલના દુશ્મનોથી દૂર રહેવાની તૌફીક્ આપે અને દીનો સુન્નિયત પર આપણને તથા ક્યામત સુધી આપણી ઔલાદને રાખે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાન તફસીર

نَزَّلَ
عَلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ
وَاَنْزَلَ التَّوْرٰىةَ وَ الْاِنْجِيْلَ ﴿۳﴾ مِنْ قَبْلُ هُدًى
لِّلنَّاسِ وَاَنْزَلَ الْفُرْقَانَ ۬ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ
اللّٰهِ لَهُمْ عَذَابٌ شَدِيْدٌ ؕ وَاللّٰهُ عَزِيْزٌ ذُوانْتِقَامٍ ﴿۴﴾
اِنَّ اللّٰهَ لَا يَخْفٰى عَلَيْهِ شَيْءٌ فِي الْاَرْضِ وَلَا فِي
السَّمَآءِ ﴿۵﴾

### ત.....ર્જુ.....મો.....

નાઝિલ ફર્માવી એણે આપ પર આ કિતાબ હક્ક (સત્ય)ની સાથે[3] સમર્થન કરનારી છે એ (કિતાબો)ની જે આનાથી અગાઉ (ઉતરી) છે, અને ઉતારી એણે તૌરાત તથા ઈન્જીલ આનાથી અગાઉ લોકોની હિદાયતના માટે અને ઉતાર્યું કુર્આનને[4] બેશક ! એ લોકો જેમણે કુફ્ર કર્યું[5] અલ્લાહની આયતોની સાથે તેમના માટે સખ્ત અઝાબ છે. અને અલ્લાહ તઆલા ગાલિબ (સર્વોપરિ) છે બદલો લેનાર છે બેશક ! અલ્લાહ તઆલા, નથી છુપી રહેતી એના પર કોઈ ચીજ[6] જમીનમાં તથા ન આસમાનમાં.

### તફસીર...............

૩. હક્કથી શું મુરાદ છે. અલ્લામા કુર્તબીએ એનો અર્થ હુજ્જતુલ ગાલિબા લખ્યો છે એટલે કે આ કિતાબમાં એવી દલીલો પેશ કરવામાં આવી છે જેનો કોઈ જવાબ નથી. પરંતુ ''હક્ક''નો જે ભાવાર્થ અલ્લામા રાગિબ અસ્ફહાનીએ વર્ણવ્યો છે તે ઘણો જ સમૃદ્ધ અને સરસ છે. લખે છે : ''કોઈ કૌલ તથા ફેઅલ એ વખતે હક્ક (સત્ય) કહેવાય છે જ્યારે કે તે એ રીતે પામવામાં આવે જેવો જોઈએ, એ અંદાઝથી પામવામાં આવે જેટલો યોગ્ય તથા મુનાસિબ હોય અને એ સમયે પામવામાં આવે જ્યારે કે એની જરૂર હોય.'' (મુફરદાત) કુર્આનને بالحق બિલ્હક્કની સિફત સાથે જોડીને અલ્લાહ તઆલાએ એ હકીકતને સ્પષ્ટ કરી આપી કે કુર્આન આવ્યું અને એવી આન બાન સાથે આવ્યું જે એની શાનને પાત્ર હતી. એવી દલીલો તથા બુરહાનથી સજ્જ થઈને આવ્યું જેને સદ્ બુદ્ધિ માનવા માટે મજબૂર હતી. અને બરાબર એ વખતે આવ્યું જ્યારે ચો તરફ ઘટાટોપ અંધકાર છવાઈ ચૂક્યો હતો અને માનવતાનો કારવાં ગુમરાહીના અંધકારમાં ભટકી રહ્યો હતો અને એ સમયના તકાદાઓને પૂર્ણ કરવા માટે જ્યારે કે માનવ બુદ્ધિ પોતાના બાળપણની સરહદોને પાર કરીને ફિકો નઝર (ચિંતન દૃષ્ટિ)ના મેદાનમાં કદમ રાખી ચૂકી હતી અને માનવીની બુદ્ધિ પ્રભાવિત કરનારા મો'જિઝાઓથી કેટલાય અંશે અધિક બુદ્ધિને સંતુષ્ઠ કરનારી સ્પષ્ટ આયતોની જરૂરત હતી. સુબ્હાનલ્લાહ ! શું એઅ્જાઝ છે بالحق ''બિલ્હક્ક''ના એક શબ્દમાં ! અર્થોનો સમુદ્ર ભરીને રાખી દીધો છે.

فرقان શબ્દ ફુર્કાન અર્થ કેવળ અલગ અલગ કરવું નથી જે શબ્દ فرق ''ફર્ક''નો ભાવાર્થ છે, બલ્કે હક્ક તથા બાતિલને અલગ અલગ પાડવાને ''ફુર્કાન'' કહેવામાં આવે છે. અહીં એ શબ્દથી કઈ ચીજ મુરાદ છે ? ઉલમા થકી વિવિધ કથનો નકલ થયેલ છે, પરંતુ ઈમામ ઈબ્ને જરીર

તબરીએ કહ્યું કે એમની નજીક બેહતર કૌલ આ છે : ''હક્ક તથા બાતિલમાં તફાવત દર્શાવનારી શક્તિને ફુર્કાન કહેવામાં આવે છે.'' ઈમામ રાઝીની નજીક એ મો'જિઝાઓ છે, અને અમુક મુતાખ્ખેરીન (પાછલા ઉલમાએ) કહ્યું કે એનાથી મુરાદ બુદ્ધિ છે કેમ કે એનાથીની પણ હક્ક તથા બાતિલની તમીઝ થઈ શકે છે.

પ્રથમ આયતમાં તૌહીદની દલીલ હતી એમાં નબુવ્વતે મુહમ્મદીની સાબિતી છે અને ચહેરો મુબારક નજરાનના નસારા (ઈસાઈઓ)ની તરફ છે કે જ્યારે તમે તૌરાત તથા ઈન્જીલને અલ્લાહનું કલામ માનો છો અને તમારા ઈમાનની દલીલ એ ઠરાવો છો કે જેમના પર આ કિતાબો નાઝિલ થઈ તેઓ મો'જિઝાવાળા હતા જેમના લીધે તમે તેમની સચ્ચાઈને માનવા માટે મજબૂર થઈ ગયા તો કુર્આનને શા માટે અલ્લાહનું કલામ નથી સ્વીકારતા ?! જ્યારે કે જે પાક ઝાત પર આ કિતાબ નાઝિલ થઈ એણે તો એ મો'જિઝાઓ દેખાડયા છે જેનું દૃષ્ટાંત જ નથી.

**૫.** સદ્‌બુદ્ધિને સંતુષ્ઠ કરવા માટે દલીલો પેશ કરી. હવે હઠધર્મોને દર્દનાક અઝાબ તથા સખત બદલાની ધમકી આપવામાં આવી રહી છે.

**૬.** હઝરત ઈસા عليه السلام ની ઉલૂહિયત (ખુદા હોવા)નું બાતિલ હોવાની અન્ય દલીલ રજૂ કરવામાં આવી રહી છે કે અલ્લાહ તઆલા તો તે છે કે જેનો ઈલ્મ એટલો વિશાળ તથા વિસ્તારવાળો છે કે કોઈ ચીજ કોઈ સમયે એનાથી છુપી નથી અને આ ઈલ્મ એનો ઝાતી છે, કોઈનો અર્પણ કરેલો નથી. અને ઈસા عليه السلام નો ઈલ્મ ન આ પ્રમાણે વિસ્તારવાળો છે અને ન એમનો ઝાતી ઈલ્મ છે, બલ્કે એટલો છે જેટલો અલ્લાહ ﷻ એ અતા કર્યો છે, તો એ ખુદા કેવી રીતે થઈ શકે છે ?

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. પટેલ યુવાન** : તા. ૧૩–૯–૧૯૮૯, એજ્યુ. **B.E. in Electronic & Communication,** ઊંચાઈ : ૫.૮', ભાષા : હિંદી, અંગ્રેજી, ગુજરાતી, અરબી, વાંચન શોખ, એજ્યુકેટેડ સુન્ની દીનદાર યુવતી પસંદગી પાત્ર. મો. ૯૪૨૮૫ ૧૯૪૫૧ (ભરૂચ સાઈડ)

**૨. પટેલ યુવાન** : ઉ ૨૨ વર્ષ, **MBBS**માં સ્ટડી, વિદેશમાં સ્થાયી યુવાન, **MBBS** થતી સુન્ની દીનદાર યુવતી પસંદગી પાત્ર, સંપર્ક કરો : મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**૩. પઠાણ યુવતી** : ઉંમર : ૨૭ વર્ષ, ઊંચાઈ : ૫.૨', વજન : ૪૬ કિગ્રા. એજ્યુ. : **B.A., M.A., C.D.** હોબીઝ : નમાઝ, ઈસ્લામિક નોલેજ જાણવું, કુકીંગ, પિતા બિઝનેસમાં છે. મો. ૯૪૨૭૭૮૭૧૭૬ (વડોદરા સાઈડ)

**૪. સુન્ની વ્હોરા યુવતી** : ઉંમર : ૨૨ વર્ષ, ઊંચાઈ : ૧૫૫ સે.મિ., એજ્યુ. : **B. Sc., M. Sc. (Physics) M.S. Uni.,** કોમ્પ્યુટર : વેબ પેજ ડિઝાઈનિંગ, કોમ્પ્યુટર એઈડેડ ઓફીસ ટ્રેનિંગ (આણંદ તરફ) મો. ૯૭૨૩૬૧૨૩૦૩, ૯૬૨૪૮૫૦૬૯૯

**૫. સોલંકી યુવતી** : જ.તા. ૭–૮–૧૯૮૧, ઉંચાઈ : ૫'.૪'', વજન : ૫૬ કિગ્રા., એજ્યુ : **M.D.** (ગાયનેક) હાલ પ્રાઈવેટ ટ્રસ્ટ હોસ્પિટલમાં ડયૂટી, પગાર : માસિક રૂા. ૬૦,૦૦૦/– મો. ૯૭૧૪૮૦૦૭૩૮ (જુનાગઢ તરફ)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

**હદીષ :** હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં તૌરાતનો નુસ્ખો લાવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ તૌરાતનો નુસ્ખો છે ! હુઝૂર ખામોશ રહ્યા[૧]. આપ પઢવા લાગ્યા અને હુઝૂર ﷺનો ચેહરો મુબારક બદલાવા લાગ્યો. અબૂબક્ર બોલ્યા કે તમને રડવાવાળીઓ રડે ! તમે રસૂલુલ્લાહ ﷺના ચેહરાએ અન્વરનો હાલ નથી જોતા ?![૨] ત્યારે હઝરત ઉમરે હુઝૂર ﷺના ચેહરાએ અન્વરને જોયો તો બોલ્યા, હું અલ્લાહ વ રસૂલના ગઝબથી અલ્લાહની પનાહ માગું છું અમે અલ્લાહની રબૂબિયત, ઈસ્લામના દીન હોવા પર તથા મુહમ્મદ મુસ્તફાના નબી હોવા પર રાજી છીએ[૩]. ત્યારે હુઝૂર ﷺએ ફર્માવ્યું, એની કસમ ! જેના કબજામાં મુહમ્મદ મુસ્તફાની જાન છે, જો હઝરત મૂસા આજે જાહેર થઈ જાય અને તમે તેમની પયરવી કરો અને મને છોડી આપો તો સીધા માર્ગથી ભટકી જશો[૪]. જો મૂસા علیہ السلام જીવંત હોત[૫] અને મારી નબુવ્વત પામત તો મારુ અનુસરણ કરતા[૬]. (દારમી) એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારુ કલામ (હદીષ) અલ્લાહના કલામને મન્સૂખ નથી કરતું[૭] અને અલ્લાહનું કલામ મારા કલામને મન્સૂખ કરે છે. અને અલ્લાહનું કલામ અમુક અમુકને મન્સૂખ કરે છે[૮]. અને હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અમારી અમુક હદીષો અમુકને કુર્આનની જેમ મન્સૂખ કરે છે[૯].

## સ....મ....જૂ....તી....

**૧.** એ ખામોશી નારાજીની હતી કે હઝરત ઉમર યહૂદીઓ પાસે શા માટે જાય છે અને તૌરાતમાં શું શોધે છે ?! પણ હઝરત ઉમર સમજ્યા કે આ ખામોશી ઈજાઝતની છે એટલા માટે પઢવાનુ શરૂ કરી આપ્યું. એટલા માટે ફારૂકે આ'ઝમના આ કાર્ય મુબારક પર કોઈ વાંધો નથી. ઈજતેહાદી ખતા માફ છે.

**૨.** વાત એ હતી કે હઝરત ઉમર સાથે કાગળ હતા અને આપ પઢવામાં વ્યસ્ત હતા. હઝરત અબૂ બક્ર ચેહરાએ અન્વરને જોઈ રહ્યા હતા. હઝરત અબૂબક્રના આ શબ્દો મૌતની દુઆ માટે ન હતા બલ્કે અરબના મુહાવરા પ્રમાણે ગુસ્સો પ્રદર્શિત કરવા માટે હતા. આપની એ નારાજી એટલા માટે હતી કે હઝરત ફારૂકનું એ કાર્ય હુઝૂરની તકલીફનો સબબ હતું, નારાજી નફસના માટે ન હતી હુઝૂરના માટે હતી, જેથી એનાથી એ સાબિત નથી થતુ કે સહાબા આપસમાં અદાવત રાખતા હતા.

**૩.** હઝરત ફારૂકે આ'ઝમ હુઝૂરને રાજી કરવા માટે આ જ શબ્દો અર્ઝ કરતા હતા જેમાં પોતાની વફાદારીનું પ્રદર્શન છે એટલે કે મારી આ ખતા મઆઝલ્લાહ ! નાફર્માનીની બિના પર નથી, અમે પૂરાણા આસ્તાના ચૂમનારા છીએ ! નાચીઝ બંદા છીએ !

**૪.** એટલે કે ગુમરાહ થઈ જશો. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે હવે હિદાયત કયામત સુધી હુઝૂરની પયરવી (અનુસરણ)માં જ સમાયેલી છે. જો અસલી તૌરાત તથા ઈન્જીલ મળી જાય બલ્કે ખૂદ તૌરાત તથા ઈન્જીલવાળા નબી તશરીફ લઈ આવે ત્યારે પણ હિદાયત હુઝૂરની પાસે જ મળશે. પાછલી આસ્માની કિતાબો પહેલાં હિદાયત હતી પણ હવે નથી. ચાંદ, તારા અને ચિરાગ રાતે

રોશની આપે છે દિવસમાં નહીં. યુવાન માણસ ચૂંસણી તથા માના દૂધથી જીવંત નથી રહી શકતો. બીજુ એ કે કુર્આન તથા સુન્નતના સિવાય અન્ય (આગલી) કિતાબોથી હિદાયત હાંસલ કરવી, તેમને પઢવી મના છે. ત્રીજુ એ કે કોઈ શખ્સ પોતાના ઈમાન પર ભરોસો ન કરે, દરેક કિતાબ ન પઢે, દરેકની વઅઝ ન સાંભળે કે જ્યારે હઝરત ઉમર જેવા સહાબીને તૌરાત જેવી કિતાબ પઢવાથી રોકી દેવામાં આવ્યા, તો આપણી શું ગણત્રી ?! ઈમાનની દૌલત ચોરાહા પર ન રાખો, નહીં તો ચોરાઈ જશે.

**૫.** એટલે જાહેરી રીતે જીવતા હોત, નહીં તો હકીકતમાં તો જીવંત જ છે. *(મિર્કાત)*

**૬.** કેમ કે એમનો દીન મન્સૂખ થઈ ચૂક્યો એટલા માટે મેઅરાજની રાત્રે સર્વ નબીઓએ આપણા હુઝૂરના દીનની નમાઝ હુઝૂરની ઈકતેદામાં અદા કરી. મૂસા علیہ السلام, ખિઝર علیہ السلام પાસે પહોંચીને તૌરાતના અહકામ લાગુ ન પાડી શક્યા જો કે તૌરાત બાકી હતી, પણ હઝરત ખિઝર પર લાગુ ન હતી.

**૭.** એટલે કે હદીષથી કુર્આનની આયતની તિલાવત રદ નથી થઈ શકતી પણ હુકમની રીતે ઘણી આયતો હદીષોથી મન્સૂખ છે જેમ કે હદીષ لا وَصِيَّةَ لِلْوَارِثِ થી વારિસના માટે વસિયતનું જાઈઝ હોવું સાબિત કરનાર આયત મન્સૂખ છે, એટલા માટે જ હુઝૂરનું ફર્માવવું કે, "અંબિયાનો વારસો નથી વહેંચાતો." હુઝૂરના હક્કમાં વારસાની આયતની નાસિખ છે. સજદાએ તા'ઝીમીનું જાઈઝ હોવું (આગલી ઈમ્મતોમાં) કુર્આનથી સાબિત છે પણ હદીષથી મન્સૂખ થયું છે. અહીં کلامی થી મુરાદ હુઝૂરના ઈજતેહાદો છે, એટલે કે મારું ઈજતેહાદી કલામ, કુર્આની હુકમને મન્સૂખ નહીં કરે, જેથી હદીષ સ્પષ્ટ છે.

**૮.** યાદ રાખશો નસ્ખની (મન્સૂખ કરવાની) ચાર સ્થિતિઓ છે : કુર્આનનું કુર્આનથી નસ્ખ થવું, જેમ કે કાફિરો પર નરમીની આયતો જેહાદની આયતથી મન્સૂખ છે, હદીષનું હદીષ થકી નસ્ખ, જેમ કે પહેલાં કબ્રોની ઝિયારત હદીષની રૂએ પહેલાં મના હતી, પછી હદીષથી જ એને જાઈઝ કરવામાં આવી. ફર્માવે છે : اَلَا فَزُوْرُوْهَا કુર્આનનું નુસ્ખ થવું હદીષ થકી, જેમ કે તા'ઝીમી સજદો. હદીષનું નસ્ખ થવું કુર્આનથી જેમ કે બયતુલ મુકદ્દસનું કિબ્લો બનવું હદીષથી હતું તેનું નસ્ખ કુર્આનથી થયું કે રબ તઆલાએ ફર્માવ્યું : وُجُوْهَكُمْ شَطْرَهٗ એની સંપૂર્ણ તેહકીક અમારી તફસીરે નઈમી, પારા–૩માં જુઓ.

**૯.** એટલે જેવી રીતે આયતોની નાસિખ (મન્સૂખ કરનાર) છે એ જ પ્રમાણે અમુક હદીષો અમુકની નાસિખ છે. યાદ રાખશો કે નસ્ખનો અર્થ છે :"મુદ્દતનું વર્ણન" એટલે નાસિખ એ વર્ણવે છે કે મન્સૂખ હુકમની મુદ્દત આજ સુધી હતી, જેમ કે ડોકટરનું પોતાનો નુસ્ખો બદલવું.

**લેખ હરીફાઈનું પરિણામ......**

વિષય : **નવી પેઢીની ઈસ્લામથી દૂરીના સબબો તથા તેનો ઈલાજ**

**પ્રથમ નં. : અબ્દુર્રહમાન દાઉદ પટેલ-પારખેત**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**બીજો નં. : અબ્દુર્રઉફ યાકૂબ પટેલ-પાલેજ**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**ત્રીજો નં. : મુહમ્મદ વસીમ-કુરચણ**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

## કરજ લેનાર તથા આપનાર અને ઈસ્લામી શરીઅત

વર્તમાનકાળમાં સામાન્યતઃ લોકો કરજ ઉધાર–ઉછીના લઈને આપનારને પરત કરતા નથી. તો આમ કરવું શરીઅતની રૂએ કેવું છે ? સાથોસાથ કરજ આપવાની ફઝીલત શું છે ? તથા કરજદારને મોહલત આપનાર તથા માફ કરનાર માટે શી ફઝીલતો છે ? તથા કરજ લઈને ખોટા કરનાર પર શરીઅતનો શું હુકમ લાગે છે તેની વિગતો સાથે લેખ મોકલવો. *–તંત્રી*

**તા. ૧૦–૦૧–૨૦૧૧ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** *-તંત્રી*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**ગમ હો ગએ બેશુમાર આકા**
**બંદા તેરે નિષાર આકા**

**અર્થ** : "હે અમારા આકા ! અમારા સરદાર ! ﷺ ગુલામ આપ પર કુર્બાન થાય, મારા ગમ, દુ:ખ ઘણા વધી ગયા છે. આપ ગમોને દૂર કરનાર છો, અમારા ગમને દૂર કરી દો. બીજો શેઅરમાં આ'લા હઝરતે સહાબાએ કિરામની સુન્નત પર અમલ કરીને અર્ઝ કરી છે જેવું કે હદીષોમાં ઘણી જગ્યાએ જોવા મળે છે કે જ્યારે કોઈ સહાબી હુઝૂર ﷺની બારગાહમાં કાંઈક અર્ઝ કરતા તો કહેતા કે "ફિદાક અબી વ ઉમ્મી યા રસૂલલ્લાહ ! ﷺ આપ પર મારા માબાપ કુર્બાન !"

**બિગળા જાતા હૈ ખેલ મેરા**
**આકા ! આકા ! સંવાર આકા !**

**અર્થ** : "હે મારા સરદાર ! ﷺ મારા કામો બગડી રહ્યાં છે, આપ મારા કામો બનાવી દો. હુઝૂર ﷺને મુશ્કેલીના વખતે પુકારવાથી કામો બને છે અને મુશ્કેલીઓથી છૂટકારો મળે છે, આ વિશે ઘણી રિવાયતો જોવા મળે છે, ઉદાહરણ રૂપે એક હદીષ આપની સમક્ષ રજૂ કરું છું :–

હઝરત અમ્ર બિન સાલિમ રાજિઝ رضی اللہ عنہ જ્યારે મક્કા શરીફથી હિજરત કરી મદીના મુનવ્વરહ્ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં કાફિરોએ આપના પર હુમલો કર્યો. જનાબ રાજિઝે હુઝૂરને પુકાર્યા "હુઝૂર ! મને બચાવો !" તે સમયે હુઝૂર હઝરત મયમૂનહ رضی اللہ عنہاના ઘરે વુઝૂ બનાવી રહ્યા હતા, ત્યાંથી જ હુઝૂર ﷺએ રાજિઝની પુકાર સાંભળી અને લબ્બેક! કહ્યું અને રાજિઝની મદદ કરી બચાવી લીધા. જ્યારે હઝરત અમ્ર બિન સાલિમ રાજિઝ મદીના શરીફ પહોંચ્યા તો આપે અમુક શેઅરો કહ્યા તેમાંથી એક આ પણ છે :–

**(તર્જુમો)** : "તું રસૂલુલ્લાહ ﷺથી મદદ માંગ કેમ કે આપની મદદ હમેશાં તૈયાર છે, અને અલ્લાહના બંદાઓને પુકાર તારી મદદ માટે પહોંચશે." *(હવાલો : કિતાબુલ ઈસ્તીયાબ, ભાગ–૨, પેજ–૪૪૬, દલાઈન્નબુવ્વત, બયહકી, ભાગ–૧, પેજ–૩૨)*

આ બનાવની સાબિતી હઝરત મયમૂનહ رضی اللہ عنہاએ પણ આપી. ફર્માવે છે કે, એક વખતે હુઝૂર ﷺ મારા ઘરે વુઝૂ ફર્માવી રહ્યા હતા તો મેં સાંભળ્યું કે આપે ત્રણ વખત લબ્બૈક ! કહી ફર્માવ્યું, "તારી મદદ ! થઈ ગઈ !" મેં અર્ઝ કરી, હુઝૂર ! આપ કોને લબ્બૈક કહી રહ્યા છો ? આપે જવાબ આપ્યો, રાજિઝ (અમ્ર બિન સાલિમ) મને મદદ માટે પુકારી રહ્યા છે. *(હવાલો : તબ્રાની, પેજ–૨૦૧)*

અલ્લામા હાફિઝ ઈબ્ને કષીર "અલબિદાયહ વન્નિહાયહ્"માં લખે છે કે, "જંગના સમયે યા મુહમ્મદા ! (યા રસૂલલ્લાહ ! ﷺ) પુકારવું મુસલમાનોની ઓળખ બની ગઈ હતી."

*યા રસૂલલ્લાહ કે નારે સે હમ કો પ્યાર હૈ*
*જિસને યે ના'રા લગાયા ઉસકા બેળા પાર હૈ*

આ વિષય પર વધુ માહિતી મેળવવા માટે જુઓ આ'લા હઝરતના રિસાલા : (૧) નિદાએ યા રસૂલલ્લાહ, ફતવાએ રઝવિય્યહ્ જદીદ (ભાગ–૨૯) (૨) અલ અમ્નુ વલ ઉલા, ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩૦ (૩) બરકાતુલ ઈમ્દાદ, ભાગ–૨૧

**મંજધાર પે આકે નાવ ટૂટી**
**દે હાથ કે હોઉં મૈં પાર આક઼ા**

**અર્થ :** "હે મારા આક઼ા ! દરિયાની વચ્ચે આવીને મારી નૌકા તૂટી રહી છે, આપ સહારો આપો જેથી હું દરિયો પાર થઈ જાઉં."

**ટૂટી જાતી હૈ પીઠ મેરી**
**લિલ્લાહ યે બોજ ઉતાર આક઼ા !**

**અર્થ :** "ગુનાહોના બોજના કારણે મારી પીઠ તૂટી રહી છે, હુઝૂર ! ખુદાના વાસ્તે મારા આ બોજને ઉતારી આપો જેથી મારી મુશ્કેલીઓ આસાન થઈ જાય.

**હલ્કા હૈ અગર હમારા પલ્લા**
**ભારી હૈ તેરા વક઼ાર આક઼ા !**

**અર્થ :** "હિસાબના દિવસે જો અમલના ત્રાજવામાં અમારી નેકીઓનું પલ્લુ હલકુ હોય તો શું થયું ! આપનો વક઼ાર, મર્તબો ઘણો બુલંદ છે, આપની શફાઅતનો વજન ભારી છે જે અમારા હલકા પલ્લાને ભારી બનાવી દેશે."

**મજબૂર હૈં હમ તો ફિક્ર ક્યા હૈ**
**તુમ કો તો હૈ ઈખ્તિયાર આક઼ા !**

**અર્થ :** "હે મારા આક઼ા ! શફીએ મેહશર ! જો ગુનાહોના કારણે અમે મજબૂર અને બેઈખ્તિયાર છીએ તો કોઈ ગમ નથી, કારણ કે આપ તો ઈખ્તિયારવાળા છો, આપને શફાઅતનો અધિકાર આપવામાં આવ્યો છે."

હુઝૂર ﷺને ખુદાપાકે શફાઅતનો ઈખ્તિયાર, અધિકાર આપ્યો છે, જેની ચાહે શફાઅત ફર્માવે. આ વિષય પર બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, ઈબ્ને માજહ, અબૂ દાઊદ, ઈબ્ને હબ્બાન, બયહકી, તિર્મિઝી, તબ્રાની, મુસ્નદે ઈમામ અહમદ વગેરે હદીષોની અનેક કિતાબોમાં ઘણી બધી હદીષો જોઈ શકાય છે જેનું સારાંશ એ છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, "ખુદા તઆલાએ મને અધિકાર આપ્યો કે તું શફાઅત લઈ લે અથવા અડધી ઉમ્મત માટે જન્નત. તો મેં શફાઅતને લઈ લીધી જે વધુ કામ આપનાર છે મારી શફાઅત ફક્ત નેક લોકો માટે જ નથી, બલ્કે મોટા મોટા ગુનાહગારો માટે છે." આ વિષય પર વધુ વિગત માટે જુઓ ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૨૯, કિતાબ : શફાઅતે સૈયદિલ મહબૂબીન ﷺ.

**મૈં દૂર હૂં તુમ તો હો મેરે પાસ**
**સુન લો મેરી પુકાર આક઼ા !**

**અર્થ :** જો હું જાહેરમાં આપથી દૂર છું તો શું થયું, અય મારા આક઼ા ! આપ તો ખુદાની આપેલ તાક઼તથી સદા મારી પાસે છો, મારી પુકાર સાંભળીને મારી મદદ કરો ! "

હુઝૂર ﷺનું નજીક હોવું કુર્આનથી સાબિત છે : "નબી ઈમાનવાળાઓની જાનથી પણ વધુ નિકટ છે." *(પારા–૨૧, રુકૂઅ–૧૭, સૂરએ અહઝાબ)*

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે, તમામ "ફઝા" (વાતાવરણ, પૃથ્વીની પહોળાઈ) એટલે આખી દુનિયા હુઝૂર ﷺની રૂહથી ભરેલી છે. (હુઝૂર ﷺની રૂહ બધે જ મૌજૂદ છે.) *(હવાલો : ફુયૂઝુલ હરમૈન, પેજ–૨૮)*

ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ તન્વીર, પેજ–૩૫ પર લખે છે : હઝરત જિબ્રઈલ علیہ السلام હુઝૂર ﷺની બારગાહમાં હઝરત દહયા કલ્બી (સહાબી)ની સૂરતમાં હાજર હોવા છતાં સિદરતુલ મુન્તહાથી પણ જુદા ન થતા હતા. (એટલે કે બંને જગ્યાએ હાજર રહેતા હતા)

અને શરહુસ્સુદૂર, પેજ : ૧૩, ૧૭ તથા ફતાવાએ હદીષિયહ, પેજ–૩ પર છે કે હઝરત ઈઝરાઈલ علیہ السلام મૌતના ફરિશ્તા દરેક રૂહવાળી વ્યક્તિ પાસે હર ઘડી મૌજૂદ છે.

જ્યારે જિબ્રઈલ علیہ السلام સિદ્રાથી પૃથ્વી પર આવ્યા પછી પણ સિદ્રા પર મૌજૂદ રહે છે અને હઝરત ઈઝરાઈલ علیہ السلام દરેક જગ્યાએ મૌજૂદ છે તો પછી હુઝૂર ﷺની અઝમતનું શું કહેવું જ શું કે હુઝૂર ﷺ તો જિબ્રઈલ علیہ السلام અને ઈઝરાઈલ علیہ السلامના સરદાર છે, જ્યારે ગુલામોની શાન એ છે કે દરેક જગ્યાએ મૌજૂદ છે તો પછી સરદારની હાજરી

પર શંકા કેવી ?!

**મુઝસા કોઈ ગમઝદહ ન હોગા**
**તુમસા નહીં ગમગુસાર આક઼ા !**

**અર્થ** : "હે મારા પ્યારા આક઼ા ﷺ ! દુનિયામાં મારા જેવો કોઈ ગમઝદા, દુઃખી નહીં હોય અને આપના જેવો ગમગુસાર, ગમ દૂર કરનાર ન થયો છે, ન થશે. તો આપ પર મારા ગમ, દુઃખને દૂર કરી આપો."

**તુમ વહ કે કરમ કો નાઝ તુમસે**
**મૈં વો કે બદીકો આર આક઼ા !**

**અર્થ** : "હે મારા આક઼ા ! ﷺ આપની શાને કરીમીનું કહેવું જ શું કે કરમ (સખાવત)ની નિસ્બત, સંબંધ આપની સાથે હોવાથી તે નાઝ કરે છે અને હું એવો ગુનેહગાર છું કે બુરાઈની નિસ્બત મારી સાથે હોવાથી તે શરમાય છે."

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં પોતાની નમ્રતા, આજિઝી વ્યક્ત કરી છે.

**ગરદાબ મેં પળ ગઈ હૈ કશ્તી**
**ડૂબા ડૂબા ઉતાર આક઼ા !**

**અર્થ** : "યા રસૂલલ્લાહ ! ﷺ ગુનાહોના ગિરદાબ (ભંવર, ચક્રવાત)માં મારા જીવનની હોડી ફસાઈ ગઈ છે આપ તેમાંથી મને ઉઠાવી લો."

કુર્આનમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : "જો તેઓ પોતાની જાન પર જુલ્મ કરી બેસે (ગુનોહ કરે) તો અય મહબૂબ ! તમારી બારગાહમાં હાજર થાય, પછી અલ્લાહથી માફી માંગે અને રસૂલ તેઓની સફારિશ ફર્માવે તો જરૂર અલ્લાહને તૌબા ! ક઼બૂલ કરનાર મહેરબાન પામશે.

**ફિર મુંહ ન પળે કભી ખિઝાં કા**
**દે દે ઐસી બહાર આક઼ા !**

**અર્થ** : "હે મારા આક઼ા ! મને એવી બહાર (વસંત ઋતુ) આપો કે મારી જિંદગીમાં ફરી ક્યારેય ખિઝાં (પાનખર ઋતુ)ને મારી સામે આવવાની હિંમત ન થાય."

**જિસકી મરઝી ખુદા ન ટાલે**
**મેરા હૈ વહ નામદાર આક઼ા !**

**અર્થ** : "મારા આક઼ા ﷺની શાન એવી છે કે ક્યારેય ખુદા આપની વાતને ઠુકરાવતો નથી અને હુઝૂર જે કાંઈ ઈચ્છે ખુદાએ પાક તે આપે છે. ખૂદ ખુદાએ પાક ફર્માવે છે : **(તર્જુમો)** : "અને જરૂર તમારો રબ તમને તમારી મરજી પ્રમાણે આપશે." *(કુર્આન, પારા–૩૦)* અને ક઼યામતના દિવસે પણ ખુદા ફર્માવશે, "મારા મહબૂબ ! માંગો ! તમારી માંગ પૂરી કરવામાં આવશે." આપની ઈચ્છાથી જ ખાનાએ કા'બાને ક઼િબ્લો બનાવવામાં આવ્યો.

*ખુદા કી રઝા ચાહતે હૈં દો આલમ*
*ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ*

*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

**હૈ મુલ્કે ખુદા પે જિસકા ક઼બ્ઝા**
**મેરા હૈ વો કામગાર આક઼ા !**

**અર્થ** : મારા નબી ﷺ એવા કામગાર (ખુશનસીબ, બાદશાહ) છે જેમને ખુદા પાકે પોતાની ખુદાઈ પર એટલે કે ૧૮૦૦૦ દુનિયાઓ પર કબજો અને અધિકાર આપ્યો છે, હુઝૂર ﷺના મુખ્તિયાર હોવા પર ઘણી બધી દલીલો મૌજૂદ છે, ઉદાહરણ રૂપે થોડીક હદીષોનો અભ્યાસ કરીએ. હુઝૂર ﷺ ફર્માવે છે : (૧) હૂં સૂઈ રહ્યો હતો કે જમીનના બધા જ ખજાનાઓની ચાવીઓ મારા હાથ આપવામાં આવી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૧૮)* (૨) મને દુનિયાની ચાવીઓ આપવામાં આવી. *(જવાહિરુલ બયાન, ભાગ–૧, પેજ–૩૯૬)* (૩) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે, હઝરત આમેના رضی اللہ عنہاએ ફર્માવ્યું કે જ્યારે હુઝૂર ﷺની વિલાદત (જન્મ) થઈ ત્યારે મેં જોયું કે એક સફેદ વાદળે આપને ઢાંકી દીધા અને આપ મારી સામેથી ગાયબ થઈ ગયા. પછી તે પર્દો હટી ગયો તો શું જોઉં છું કે લીલા રેશમનું વાળેલું કાપડ આપની મુઠ્ઠીમાં છે અને કોઈ પુકારી રહ્યો છે, વાહ ! વાહ ! મુહમ્મદ ﷺએ તમામ દુનિયા પર કબ્જો કરી લીધો, પૃથ્વી અને આકાશમાં

કોઈ મખ્લૂક઼ એવી નથી રહી જે હુઝૂર ﷺના ક઼બ્જામાં ન આવી હોય. *(દલાઈલુન્નબુવ્વત)*

આ વિષય પર ઘણી કિતાબો લખવામાં આવી છે, વધુ જાણકારી માટે જુઓ : આ'લા હઝરત رحمۃ اللہ علیہની કિતાબ "અલ અમ્નુ વલઉલા, મુનીયતુલ્લબીબ" મુફતી અહમદ યારખાં رحمۃ اللہ علیہની કિતાબ "સલતનતે મુસ્તફા ﷺ".

**સોયા કિએ નાબકાર બંદે**
**રોયા કિએ ઝાર ઝાર આક઼ા !**

**અર્થ** : "નિકમ્મા (બેકાર) ગુલામ (ઉમ્મતી) તો રાત્રે મીઠી નિદ્રામાં સૂતા રહ્યા અને પ્યારા આક઼ા ! આખી આખી રાત ઉમ્મતના ગમમાં રડતા રહ્યા."

**ક્યા ભૂલ હૈ ઉનકે હોતે કેહલાએં**
**દુન્યા કે યે તાજદાર આક઼ા !**

**અર્થ** : "કેટલી મોટી ભૂલ છે કે શહનશાહે કાઈનાતની હાજરીમાં દુનિયાનો કોઈ બાદશાહ ખૂદને આક઼ા (સરદાર) કહેવડાવે, કારણ કે મોટાથી મોટા પણ હુઝૂરના અદના ખાદિમની હૈસિયતથી જ છે. જુઓ હઝરત જિબ્રઈલ علیہ السلام ફરિશ્તાઓના સરદાર છે પરંતુ હુઝૂર ﷺની બારગાહના ખાદિમ છે, બલ્કે તમામ નબીઓ પણ હુઝૂર ﷺને પોતાનો આક઼ા, સરદાર માને છે જેનું ઉદાહરણ મેઅરાજની રાત્રે મસ્જિદે અક્સામાં જોવા મળ્યું કે હુઝૂર સર્વના ઈમામ બન્યા."

**ઉનકે અદના ગદા પે મિટ જાએં**
**ઐસે ઐસે હઝાર આક઼ા !**

**અર્થ** : "પ્યારા આક઼ા ! ﷺની શાનો શૌકતની તો વાત જ શું ?! આપના અદના ગુલામ પર હજારો સરદારો અને બાદશાહો કુર્બાન થઈ જાય છે."

**બે અબ્રે કરમ કે મેરે ધબ્બે**
**લા તગ઼્સિલુ હલ્ બિહાર આક઼ા !**

**અર્થ** : "મારા આક઼ા ! ﷺ આપના કરમના વરસાદ વગર મારા ગુનાહોના ધબ્બા (ડાઘ)ને સમંદરો પણ નથી ધોઈ શકતા. "લા તગસિલુ હલ બિહાર" અરબી વાક્ય છે, અર્થ તેને સમંદરો નથી ધોઈ શકતા.

**ઈતની રહમત "રઝા" પે કર લો**
**લા યક઼રબુહુલ્ બવાર આક઼ા !**

**અર્થ** : "મારા આક઼ા ! ﷺ "રઝા" (ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ) પર એટલી મહેરબાની ફર્માવો કે દીનો દુનિયાની મુસીબતો અને તકલીફો તેના નજીક ન આવી શકે."

"લા યક઼રબુહુલ બવાર" અરબી શબ્દો છે. અર્થ : તકલીફો તેના નજીક ન આવે."


**અણમોલ કિતાબો મંગાવો !**

★ **બહારે શરીઅત ભાગ–૧ થી ૫ તથા ભાગ–૬ થી ૧૦** (બે જિલ્દોમાં) અક઼ીદા, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, નિકાહ, તલાક.....વગેરે લગતી હદીષો તથા મસાઈલનો અજોડ ખજાનો. ૧ સેટના રૂા. ૩૦૦/– (ટપાલ ખર્ચ ૨૫/– રૂા.)

★ **કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન** (કુર્આન શરીફનો આ'લા હઝરતે કરેલ ઉર્દૂ તર્જુમો તથા સદરુલ અફાઝિલની લખેલ તફસીરનો ગુજરાતી અનુવાદ) હદિયો : **૩૫૦/–**રૂા. (ટપાલ ખર્ચ ૨૫/– રૂા.) ગુજરાતીમાં કુર્આન સમજવા જરૂરથી મંગાવશો.

★ **નુઝહતુલ ક઼ારી શરહે બુખારી** (ભાગ–૧) હદિયો : **૧૫૦/–**રૂા. (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.)

★ **નુઝહતુલ ક઼ારી શરહે બુખારી** (ભાગ–૨) હદિયો : **૧૮૦/–**રૂા. (ટપાલ ખર્ચ ૧૫/– રૂા.)

★ **બુઝુર્ગોના અક઼ીદા** (પેજીસ–૩૩૬) હદિયો : **૧૦૦/-** રૂા. (ટપાલ ખર્ચ ૫/– રૂા.)

પ્રાપ્તિ સ્થાન : અંજુમને રઝાએ મુસ્તફા, મા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃاللہ تعالی علیھم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### મજલિસ : ૧૦

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃاللہ علیہ)*

### મુસીબતના વિશે ચર્ચા

મુસીબતના વિશે ચર્ચા ચાલી રહી હતી. આપે ફર્માવ્યું કે અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہએ પયગંબરે ઈસ્લામ ﷺથી રિવાયત કરી કે **જે શખ્સ મુસીબતમાં આહોઝારી (હાયપીટ) કરે છે તેના પર ખુદા લઅનત કરે છે.** (લઅનત એટલે અલ્લાહની રહમતથી દૂર થવું)

પછી ફર્માવ્યું કે મશાઈખ તબકાતે કહ્યું કે **મુસીબતમાં આહોઝારી કરવું કુફ્ર (નાશુક્રી) છે અને જે શખ્સ એવું કરે છે તેનું નામ મુનાફિક઼ોમાં લખી દેવામાં આવે છે અને એવા શખ્સ પર ખુદાની લઅનત થાય છે.**

પછી ફર્માવ્યું કે મશાઈખ તબકાતે કહ્યું છે કે **જે શખ્સ મુસીબતના સમયે હાયપીટ કરે છે અને રોક્કળ મચાવે છે તો ચાલીસ દિવસના ગુનાહ તેના માથે લખી દેવામાં આવે છે અને સો વરસની ઈબાદત તેની સ્પેર (અદ્ધર) કરી દેવામાં આવે છે, અને જો એ જ હાલતમાં તૌબા કર્યા વિના મૃત્યુ પામે તો દોઝખમાં શૈતાનની સાથે હશે.**

### શોક માટે કાળો લિબાસ પહેરવો કેવો ?

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા ઈબ્રાહીમ અદ્હમ رحمۃاللہ علیہ એક રસ્તે પસાર થયા. જ્યારે આપે રડવા ચીસો પાડવાનો અવાજ સાંભળ્યો તો કલાઈ પીગળીને કાનમાં નાખી દીધી અને બહેરા થઈ ગયા. ત્યારબાદ (ખ્વાજા ઉષ્માન હારૂનીએ) ફર્માવ્યું કે, "જે શખ્સ મુસીબતના વખતે પોતાનાં કપડાં ફાડે તેના પ્રતિ ખુદા રહમતની નજર નહીં નાખે અને ક઼યામતના દિવસે તેને સખત અઝાબમાં નાખવામાં આવશે. અને એક રિવાયતમાં આ પ્રમાણે આવ્યું છે કે જે શખ્સે કપડાં ફાડી નાખ્યાં, તો ક઼યામતના દિવસે તેના બંનેવ ભવાંઓ વચ્ચે લખ્યું હશે કે આ શખ્સ ખુદાવંદે તઆલાની રહમતથી નિરાશ છે, પણ તૌબા કરે તો નહીં. અને **જે શખ્સ મુસીબતના વખતે લિબાસને કાળો કરે (કાળો પોશાક પહેરે) તેના માટે દોઝખમાં સિત્તેર ઘરો તૈયાર થશે અને તેની કોઈ પ્રકારની ઈતાઅત (ફર્માબરદારી) ક઼બૂલ થતી નથી.** અને એવું ન થશે કે જાણે તેણે સિત્તેર મો'મિનોને જાનથી મારી નાખ્યા છે. અને **હજાર બદી તેના આમાલનામામાં લખવામાં આવે છે, અને આસ્માન તથા જમીનના ફરિશ્તા તેના પર લઅનત કરે છે જ્યાં સુધી તે કાળા કપડાં પહેરેલો રહે છે.**

### પાણી પીવડાવવા તથા ખવડાવવાની ફઝીલત

પછી પાણી આપવાના બારામાં ચર્ચા થઈ તો આપ (હઝરત ઉષ્માન હારૂની) رحمۃاللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે **જે સમયે કોઈ માણસ તરસ્યાને પાણી આપે છે તે જ ઘડીએ તેના સર્વ ગુનાહો બખ્શી દેવામાં આવે છે જાણે કે**

**તે હમણા માના પેટથી પેદા થયો છે, અને વિના હિસાબે જન્નતમાં જશે અને એ દિવસે મરી જાય તો શહીદ થઈને મરશે.**

પછી ફર્માવ્યું કે **જે શખ્સ ભૂખ્યાને ખાવા ખવડાવે તેની હજાર હાજતોને અલ્લાહ તઆલા પૂરી કરે છે અને દોઝખની આગથી આઝાદ કરે છે અને જન્નતમાં એના માટે એક મહેલ બનાવે છે.**

## પુત્રીઓને પ્યાર કરવાની ફઝીલત

પછી ફર્માવ્યું કે, પુત્રીઓ ખુદાનો તોહફો છે તો જે શખ્સ તેણીઓને ખુશ રાખે છે તેનાથી ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ખુશ થાય છે અને જે શખ્સને ખુદાવંદે તઆલા પુત્રીઓ અર્પણ કરે તેનાથી ખુદા ખુશ હોય છે, અને જે પુત્રીઓના જન્મ પર ખુશી જાહેર કરે તો એ ખુશી પ્રદશિત કરવું ખાનાએ કા'બાની ૭૦ વારની ઝિયારતથી પણ અધિક ફઝીલતવાળુ છે. જે માં બાપ પોતાની પુત્રીઓ પર રહમ કરે છે તેમના પર ખુદા રહમ કરે છે.

પછી ફર્માવ્યું કે મેં ''આષારે અવલિયા''માં લખેલું જોયું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, **જે શખ્સને ત્યાં એક પુત્રી હશે તો કયામતના દિવસે તેના તથા દોઝખના વચ્ચે પાંચસો વરસનું અંતર હશે. (દોઝખથી એટલો દૂર રહેશે.)**

પછી ફર્માવ્યું કે અવલિયા અલ્લાહ તથા અંબિયાએ કિરામ **છોકરાઓ કરતાં છોકરીઓને અધિક પ્યાર (વહાલ) કરતા હતા.**

પછી ફર્માવ્યું કે ખ્વાજા સર્રી સકતી رحمة الله عليهની એક પુત્રી હતી જેને તે ખૂબ જ પ્યાર કરતા હતા. જેથી આપને એકવાર નવા કૂજા તથા ઠંડા પાણીની ઈચ્છા થઈ, તો જેવું આપે ઝબાન મુબારકથી કાઢયું કે જો ઠંડુ પાણી અને નવો કૂજો હોય તો એના વડે રોઝો ઈફતાર કરું ! એને આપનાં પુત્રીએ સાંભળ્યું તો તુર્ત જ આપની સમક્ષ રાખી દીધું. અસ્રની નમાઝનો સમય હતો. ખ્વાજા સાહબને ઊંઘ આવી અને આપ સૂઈ ગયા તો શું જુએ છે કે જાણે અલ્લાહ જન્નત જેવા ઘરમાં તે પુત્રીને પૂછે છે કે હે છોકરી ! તું કોની પુત્રી છે ? તેણીએ કહ્યું, હું તે શખ્સની પુત્રી છું જેણે નવા કૂજામાં ઠંડુ પાણી પીધું. આ સાંભળી આપે જેવો કે પગ પર હાથ માર્યો તો કૂજો તૂટી ગયો અને ના'રો મારીને કહ્યું કે, હે સર્રી ! નવા કૂજામાં પાણી ન પીવું જોઈએ ! જેઓ આવા પ્રમાણમાં દુનિયાવી લગાવ રાખે છે તે હરગિઝ હરગિઝ આવા મર્તબા પર નથી પહોંચી શકતા.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. الحمد الله على ذالك


**હજ્જ તથા મદીના શરીફના આદાબ સંબંધે લાજવાબ કિતાબો !**

★ **હજ્જ કેવી રીતે કરશો ?** (પોકેટ સાઈઝ, પેજીસ–૩૦૪, કિંમત : રૂા. ૨૫/–) ★ **આદાબે મદીના** (પોકેટ સાઈઝ, પેજીસ–૧૪૪, કિંમત : રૂા. ૨૦/–)

લેખક : અતાએ મુફતીએ આ'ઝમ **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર અલી નૂરી** *(અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)*

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)

પ્રકાશક : **સુન્ની દાવતે ઈસ્લામી (દયાદરા શાખા)** **C/o.** ફયઝાને રઝાએ મંઝિલ, મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ફોન નં. ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**કોમ્પ્યુટર ટીચર જોઈએ છે**

**દારુલ ઉલૂમ બુખારીયા ફયઝુર્રસૂલ** (મુા. ચાંચવેલ, તા. વાગરા, જિ. ભરૂચ) ખાતે તલબાને કોમ્પ્યુટરની તા'લીમ માટે અનુભવી, દીનદાર, સુન્ની ટીચરની તાત્કાલિક જરૂરત છે તો લાયકાતવાળા ઉમેદવાર ઉપરોક્ત સરનામે પોતાના સર્ટિફિકેટ સાથે સંપર્ક કરે.

મો. ૯૪૨૭૮ ૭૮૬૩૧,
મો. ૯૪૨૬૮ ૬૪૭૬૧

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

(કાર્યાલય)

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો. અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી બરકાતે ખ્વાજા*

એક તરફ નબી વલીના ઈખ્તિયારોને માનનારને મુશ્રિક કહેનારા દેવબંદી પોતાના મોલ્વીની શાનને મહાન દર્શાવવા કેવા જૂઠા કિસ્સા વર્ણવે છે અને તેમાં તેમના ઘડેલા શિર્કના ક઼ાયદાને કેવો હજમ કરી જાય છે તે દર્શાવતો અને તેમની મુનાફિક઼તને ઉઘાડી પાડતો કિસ્સો તેમની જ કિતાબોમાં તેમની જ ઝબાની સાંભળો !

## મૃત્યુ બાદ મોલ્વી ક઼ાસિમ નાનોત્વીનું મદ્રસા દેવબંદમાં આગમન !

હાલના દારુલ ઉલૂમ (દેવબંદ)ના મુહતમીમ્ મુહમ્મદ તૈયબ બયાન કરે છે કે, જે સમયે મોલ્વી રફીઉદ્દીન સાહેબ મદ્રસાના મુહતમીમ્ હતા, તે સમયે કેટલાક મુદર્રસીન (શિક્ષકો) દરમ્યાન આપસમાં ઝઘડો થઈ ગયો, આ ઝઘડામાં સદર મુદર્રિસ મોલ્વી મેહમૂદુલ હસન સાહેબ પણ સામેલ થઈ ગયા અને ઝઘડો એકદમ વધતો ગયો, ત્યાર પછી બન્યું તે ક઼ારી મુહમ્મદ તૈયબ સાહેબની જબાનથી સાંભળો, તેમણે લખ્યું છે કે :–

*એ દરમ્યાન એક દિવસ વહેલી સવારે ફજરની નમાઝ પછી મૌલાના રફીઉદ્દીન સાહેબે મૌલાના મેહમૂદુલ હસન સાહેબને પોતાના હુજરામાં બોલાવ્યા (આ હુજરો દારુલ ઉલૂમમાં છે) મૌલાના હાજર થયા અને હુજરાના બંધ કમાડ ખોલીને અંદર દાખલ થયા, મોસમ સખત ઠંડી હતી, મૌલાના રફીઉદ્દીન સાહેબે ફર્માવ્યું કે, "પ્રથમ મારા શરીર ઉપરનો ઝભ્ભો જોઈ લ્યો, મેં જોયું તો એ ભીંજાએલ હતો, તરબતર હતો. ત્યાર પછી તેમણે ફર્માવ્યું કે, હમણાં હમણાં મૌલાના (મુહમ્મદ કાસિમ) નાનોત્વી સાહેબ (શરીર સાથે) મારી પાસે પધાર્યા હતા જેના કારણે હું પસીનો પસીનો થઈ ગયો અને મારો ઝભ્ભો પણ પસીનાથી તરબતર થઈ ગયો, તેમણે આવીને મને કહ્યું કે, મહમૂદ હસનને કહી દે કે તે આ ઝઘડામાં પડે નહીં ! બસ, આ કહેવા માટે તમને મેં બોલાવ્યા છે. મૌલાના મહમૂદ હસન સાહબે વિનંતિ કરતાં કહ્યું કે, હઝરત ! હું આપના હાથ પર તૌબા કરું છું, હવે પછી આ મામલામાં હું કંઈ જ કહીશ નહીં. (અરવાહે ષલાષા, પેજ–૨૪૨, નવુ નામ : હિકાયાતે અવલિયા)*

## મોલ્વી કાસિમ નાનોત્વીનો ખુદાઈ તસર્રુફ

હવે એક નવો તમાશો પણ જુઓ, કારી મુહમ્મદ તૈયબની ઉપરોક્ત રિવાયત પર દેવબંદી ધર્મના પેશ્વા મોલ્વી અશરફઅલી થાન્વી સાહબે એક નવો હાશિયો ચડાવ્યો છે, જેમાં ઉપરોક્ત વાતના સમર્થનમાં લખ્યું છે કે :–

*આ બનાવ રૂહ (આત્મા)ની મિષાલનો છે, અને તેનાં બે કારણો હોઈ શકે છે, એક એ કે શરીર મિસાલી હતો પરંતુ પંચેન્દ્રિય શરીરની જેમ, બીજું કારણ એ કે "રૂહે" પોતે જ પંચેન્દ્રિયમાં પોતાની મેળે પોતાની શક્તિ વડે શરીરને તૈયાર કરી લીધો હશે. –(અરવાહે ષલાષા, પેજ–૨૪૩)*

લાઈલાહ ઈલ્લલ્લાહ ! જોઈ રહ્યા છો તમે ?! એક બનાવની સાથે કેટલા "મુશ્રિકના અકીદાઓ" લપેટાયેલા છે ?! પ્રથમ અકીદો કે, મોલ્વી કાસિમ સાહેબ નાનોત્વીના સંબંધે કે તેમને ગયબનું ઈલ્મ હોવાનું માનવું, કેમ કે તેમને ગયબનો ઈલ્મ ન હોતો તો "બરઝખની દુનિયા" (કબ્ર)માં તેમને તેની ખબર કેવી રીતે થઈ ગઈ કે, દેવબંદના મદ્રસામાં મુદર્રિસો વચ્ચે સખત ઝઘડો થઈ ગયો છે ?! અને તે ઝઘડામાં મદ્રસાના સદર મુદર્રિસ મોલ્વી મેહમૂદુલ હસન સાહેબ પણ તેમાં સામેલ થઈ ગયા છે. માટે જઈને તેમને રોકવા જોઈએ, .......બીજી બાબત "રૂહ"ની તસર્રુફની શક્તિ, તેનું શું કહેવું ?! થાન્વી સાહબના લખવા પ્રમાણે આ ફાની દુનિયામાં ફરીવાર આવવાને માટે તેમણે (રૂહે) પોતે જ અગ્નિ, પાણી, હવા અને માટીનો એક માનવ શરીર તૈયાર કરી લઈ અને પોતે જ તેમાં પ્રવેશી, ત્યાર પછી હાલવા, ચાલવાની શક્તિથી સજ્જ થઈ અને કબ્રમાંથી નીકળી સીધા દેવબંદના મદ્રસામાં આવી પહોંચી !

વિચારવાની વાત એ છે કે, **દેવબંદી મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વીની "રૂહ"ને માટે આ ખુદાઈ અખ્તયાર લેશપાત્ર ચું કે ચાં કર્યા વિના મોલ્વી રફીઉદ્દીન સાહેબે પણ સ્વીકારી લીધો. અને મોલ્વી મહેમૂદુલ હસન સાહેબ પણ તેના પર આંખો બંધ કરીને ઈમાન લઈ આવ્યા, અને થાન્વી સાહબનું તો શું કહેવું ? તેમણે તો માનવ શરીરનો "ખાલિક જ" તેને ઠરાવ્યો, અને હવે, કારી મુહમ્મદ તૈયબ સાહબ તેનો પ્રચાર કરી રહ્યા છે !** અને હાલના દેવબંદીઓ તેને છાપી પ્રસિદ્ધ કરી રહ્યા છે.

આ પરિસ્થિતિમાં એક સમજદાર ઈન્સાન એ વિચાર્યા વિના રહી શક્તો નથી કે "રૂહ"ને માટે આ પ્રમાણેની શક્તિ અને અખ્તયાર, ગયબી ઈલ્મ અને સમજ શક્તિની જે તાકતો સરવરે કૌનૈન ﷺ અને રબના મુકર્રબોના હક્કમાં સ્વીકારવાને આ શ્રીમાનો (દેવબંદીઓ) "કુફ્ર" અને "શિર્ક" સમજે છે, એ તેમના મૌલાનાને સંબંધે કેવી રીતે ઈસ્લામ અને ઈમાન બની ગયું ?! લો ! સાથે સાથે જોઈ લો ! રસૂલે પાક ﷺ માટે એમનો અકીદો શું છે ? દેવબંદી પેશ્વા મોલ્વી રશીદ અહમદ ગંગોહી જણાવે છે કે :–

*"અને એ અકીદો રાખવો કે આપ એટલે હુઝૂર ﷺને ગયબનું ઈલ્મ હતું એ* **"સ્પષ્ટ શિર્ક"** *છે.*
*–(ફતાવા રશીદિયા, ભાગ–૨, પેજ–૧૪૧)*

જોઈ લીધું તમે ?! શું આથી એમ માનવાને કારણ નથી કે એ શ્રીમાનોને ત્યાં "કુફ્ર"ને "શિર્ક"ની તમામ ચર્ચાઓ એટલા માટે છે કે, અંબિયા અવલિયાની હુકૂમતો અને અઝમતોની વિરુદ્ધ જંગ કરવાને માટે તેનો હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવે, "નિર્ભેળ તવહીદ"ના અકીદાની લાગણી તેની પાછળ હોત તો "શિર્ક"ના સવાલ પર પોતાના અને પારકાની વચ્ચે જરા પણ ફરક રાખવામાં આવ્યો ન હોત. તમે જ નક્કી કરો આ પરથી કે શું દેવબંદી જમાઅત નબી વલીની ગુસ્તાખ તથા તેમની દુશ્મન જમાઅત નથી ?! દુશ્મની બીજી કઈ ચીજનું નામ છે ?! *(ક્રમશઃ)*

# કુર્બાની શા માટે ?

## તથા એના સંબંધી અમુક મસાઈલ

કાર્યાલય

**સવાલ** : કેટલાક એજ્યુકેટેડ પણ દીની રીતે અન એજ્યુકેટેડ નામના મુસલમાન અથવા ગૈરમુસ્લિમ લોકો કુર્બાનીના સંબંધે ગુમરાહીભરી વાતો વહેતી કરતા રહે છે. એવા જ એક ગુમરાહે કહ્યું કે કુર્બાનીનો પાયો હઝરત ઈબ્રાહીમ علیہ السلامના ખ્વાબ (સ્વપ્ન) પર છે અને ખ્વાબ તથા ખયાલની વાતો ભરોસાપાત્ર નથી જેથી કુર્બાની કરવી નાદાની છે. એના બારામાં શરીઅતનો શું હુકમ છે ?

**જવાબ** : ખુદા તઆલાનું ફર્માન છે : "હે મારા પુત્ર ! મેં સ્વપ્ન જોયું છે કે હું તને ઝબહ કરું છું." *(પારા–૨૩, સૂ. સાફ્ફાત, આયત–૧૦૨)* આ આયતની તફસીરમાં અલ્લામા શયખ સુલૈમાન જુમલ رحمۃ اللہ علیہ લખે છે, (અર્થ) : "હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ ૮ ઝીલ હજ્જની રાતમાં ખ્વાબ જોયો કે કોઈ કહેનારો કહી રહ્યો છે કે અલ્લાહ તઆલાએ આપના પુત્રને ઝબહ કરવાનો તમને હુકમ આપ્યો છે. જ્યારે સવાર થઈ તો આપ ફિકરમાં પડયા કે આ હુકમ અલ્લાહ તરફથી જ છે કે શૈતાનના તરફથી ?! જ્યારે બીજી રાત્રે એ જ પ્રમાણેનો ખ્વાબ જોયો તો યકીન થઈ ગયું કે પુત્રના ઝબહનો હુકમ અલ્લાહ તરફથી જ છે. ત્રીજી રાત્રે એ જ પ્રમાણેનો ખ્વાબ આપે ફરી જોયો તો હઝરત ઈસ્માઈલ علیہ السلامની કુર્બાનીનો આપે નિશ્ચય કર્યો અને તેમને કહ્યું, "હે મારા પુત્ર ! હું ખ્વાબ જોઉં છું કે હું તમને ઝબહ કરી રહ્યો છું." *(તફસીરે જુમલ, ભાગ–૩, પેજ–૫૪૭)* અને એ જ પ્રમાણે આરિફ બિલ્લાહ હઝરત અહમદ બિન મુહમ્મદ સાવી رحمۃ اللہ علیہએ પણ તફસીરે સાવી, ભાગ–૩, પેજ–૩૨૦માં લખ્યું છે. અને હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ આ જ આયતની તફસીરમાં જણાવે છે : "અંબિયાનો ખ્વાબ (સ્વપ્ન) હક્ક઼ હોય છે અને તેમનાં કામો અલ્લાહ તઆલાના હુકમથી થાય છે."

જેથી જ્યારે અંબિયાએ કિરામ علیہم السلامનો ખ્વાબ હક઼ીક઼ત પર આધારિત હોય છે અને તેમનું દરેક કામ અલ્લાહ તઆલાના હુકમથી જ થાય છે તો હઝરત ઈબ્રાહીમ علیہ السلامનું હઝરત ઈસ્માઈલને ઝબહ કરવું અલ્લાહ તઆલાની વહી અને તેના હુકમથી હતું. તેમના મુબારક ખ્વાબને પોતાના ખ્વાબો ખયાલની જેમ સમજીને અવિશ્વસનીય ઠરાવવું ઉઘાડી ગુમરાહી તથા બદ્‌મઝહબી છે.

અને વળી ખુદા તઆલાએ આપણા નબી ﷺને હુકમ ફર્માવ્યો, فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ "તમારા રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો." *(પા. ૩૦, સૂ. કૌષર)* એટલા માટે હુઝૂર ﷺ, સહાબાએ કિરામ, તાબઈને એઝામ, ઈસ્લામના ઈમામો, મહાન ફક઼ીહો, મુફસ્સિરો, મુહદ્દિષો رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ કુર્બાનીઓ કરી, બલ્કે આખા જગતના મુસલમાન ૧૪૦૦ ઉપરાંત વરસોથી કુર્બાની કરતા આવ્યા. અને કેમ ન કરે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જેનામાં શક્તિ હોય અને કુર્બાની ન કરે તે અમારી ઈદગાહની નજીક હરગિઝ ન આવે." *(ઈબ્ને માજહ, અન્વારુલ હદીષ–૩૬૨)*

જેથી કુર્બાનીને ખ્વાબો ખયાલની વાત કહીને તેને અવિશ્વસનીય ઠરાવનાર તથા કુર્બાનીને નાદાની ઠરાવનાર ગુમરાહ તથા બદ્‌ઝહબ છે. અલ્લ્લાહ બેહતર જાણનાર છે. **લખનાર** : (મુફ્તી) જલાલુદ્દીન અહમદ અમજદી *(૨૨ ઝીલ ક઼અદા, હિ.સ. ૧૪૧૯)*

**સવાલ** : જેને બીજા કે ત્રીજા દિવસે કુર્બાની કરવાની હોય તો તે કુર્બાની કરીને જ વાળ બનાવે કે ઈદે અદહાની નમાઝ પછી કપાવે ? સુન્નત શું છે ?

### ★ નખ તથા વાળ કાપવા વિશે ★

**જવાબ** : ઝીલ હજ્જના આગલા દસ દિવસોમાં નખો, વાળ વગેરે ન કતરાવવું "મુસ્તહબ સુન્નત" છે, જો (કુર્બાની થતા સુધી) ન કપાવે તો બેહતર છે

અને **કપાવે તોય કોઈ જ વાંધો નથી.** બલ્કે જો કોઈ કારણે કપાવવામાં ચાલીસ દિવસ થઈ ગયા તો ઝીલ હજ્જના દિવસોમાં જ કપાવે કે ચાલીસ દિવસથી વધુ (નખો તથા ડૂંટી નીચેના વાળ) ન કપાવવું ગુનોહ છે, અને મુસ્તહબના માટે ગુનોહ કરવાની ઈજાઝત નથી. એ જ પ્રમાણે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ફતાવા રઝવિય્યહ્, ૬/૩૮૫માં દર્શાવ્યું છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ અબરાર અહમદ અમજદી બરકાતી **અલ્જવાબ સહીહ** : (મુફતી) જલાલુદીન અહમદ અમજદી

### ★ બદ્અકીદાની ભાગીદારીમાં કુર્બાની ! ★

**સવાલ** : ગૈર મુકલ્લિદ અથવા દેવબંદીની ભાગીદારીમાં મોટા જાનવરની કુર્બાની કરવી કેવી ?

**જવાબ** : હઝરત અલ્લામા હસ્કફી رحمۃ اللہ علیہ લખે છે :

ان کان شریك الستة نصرانیا او مرید اللحم لم یجز عن واحد

સાબિત થયું કે નસ્રાની (ઈસાઈ)ની ભાગીદારીની સાથે કુર્બાની જાઈઝ નથી. અને જ્યારે નસ્રાનીની ભાગીદારીમાં કુર્બાની જાઈઝ નથી, તો ગૈર મુકલ્લિદ, દેવબંદી કે જેઓ નસ્રાનીથી બદ્તર અને ખબીષતર છે તેની ભાગીદારીમાં એથીયે વિશેષ રીતે જાઈઝ નથી. સૈયદના આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : "અસલી કુફ્રનો એક સખત પ્રકાર નસ્રાનિયત છે, અને એનાથી બદ્તર મજૂસિયત, એનાથી બદ્તર બુતપરસ્તી, એનાથી બદ્તર વહાબિયત, એ સૌથી બદ્તર અને ખબીષતર દેવબંદિયત." *(ફતાવા રઝવિય્યહ્, ૬/૩)* જેથી ગૈર મુકલ્લિદ તથા દેવબંદીની ભાગીદારી સાથે મોટા જાનવરની કુર્બાની જાઈઝ નથી. (એવું થશે તો કોઈની કુર્બાની થશે નહીં.) અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : મુહમ્મદ સમીરુદ્દીન જયબી મિસ્બાહી **અલ્જવાબ સહીહ** : (મુફતી) જલાલુદીન અહમદ અમજદી

### ★ એક વેચી બીજા જાનવરની કુર્બાની ★

**સવાલ** : એક બકરો કુર્બાનીની નિય્યતથી ખરીદયો પછી તેને વેચીને બીજા બકરાની કુર્બાની કરી તો એવા શખ્સના બારામાં શરીઅતનો શું હુકમ છે ?

**જવાબ** : જો તે માલિકે નિસાબ હતો તો એ જાનવરના ખરીદવાથી એના પર કુર્બાની વાજિબ ન થઈ બલ્કે શરીઅતની રૂએ એના પર કોઈપણ એક જાનવરની કુર્બાની વાજિબ હતી જેથી જ્યારે એણે એને વેચીને એના જેવા બીજા જાનવરની કુર્બાની કરી આપી તો તેની કુર્બાની થઈ ગઈ, અને વાજિબની જિમ્મેદારી માથેથી ઉતરી ગઈ.

અને જો તે શખ્સ માલિકે નિસાબ ન હતો તો એના પર એ જ જાનવરની કુર્બાની વાજિબ હતી અને વેચવું જાઈઝ ન હતું. જેમ કે બહારે શરીઅત ભાગ–૧૧, પેજ–૧૦૮ પર છે કે, "ફકીરે (ગરીબ, સાહિબે નિસાબ નથી તેણે) કુર્બાનીના માટે જાનવર ખરીદયું તો એના પર એ જ જાનવરની કુર્બાની વાજિબ છે અને જો માલદારે (સાહિબે નિસાબે) ખરીદયું તો એને ખરીદવાથી કુર્બાની એના પર વાજિબ ન થઈ." એ જ પ્રમાણે હિદાયહ્, ૪/૪૪૮ પર છે. જેથી આ સ્થિતિમાં ફકીર (ગૈર સાહિબે નિસાબ)ના માટે જરૂરી છે કે જે જાનવરને વેચ્યું છે તેની કિંમત પણ સદકો કરી આપે. પરંતુ જો બીજો બકરો પ્રથમથી ઓછી કિંમતનો રહ્યો તો બાકીના રૂપિયાને સદકો કરે. એવું ફતાવા રઝવિય્યહ્, ૬/૪૬૨માં છે. અલ્લાહ બેહતર જાણનાર છે. **લખનાર** : (મુફતી) મુહમ્મદ આલમ મિસ્બાહી **અલજવાબ સહીહ** : (મુફતી) જલાલુદીન અહમદ અમજદી

**ચેતવણી** : સાહિબે નિસાબ એટલે સાડા બાવન તોલા ચાંદી કે સાડા સાત તોલા સોનુ અથવા થોડુ સોનુ, થોડી ચાંદી તથા વેપારનો સામાન રોકડ વગેરે (દેવું બાદ કરતાં) જેની પાસે સાડા બાવન તોલા ચાંદી સુધી (ની કિંમત જેટલુ) થઈ જાય તેના પર કુર્બાની વાજિબ છે, ૧૨મા ચાંદે જો એટલો માલ હાથ ચડે તો તે દિવસે પણ કુર્બાની વાજિબ થશે. અને સાહિબે નિસાબે દર વરસે કુર્બાની કરવી પડશે.

**નોંધ** : જવાબો "ફતાવા ફકીહે મિલ્લત" (અઝ : મુફતી જલાલુદીન અમજદી رحمۃ اللہ علیہ)માંથી દર્શાવ્યા છે.

# ક઼િબ્લાએ અવ્વલ
# બયતુલ મુક઼દ્દસ
## કલ આજ ઔર કલ !



રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

મસ્જિદે હરામ (મક્કા મુઅઝ્ઝમા) અને મસ્જિદે નબવી પછી મસ્જિદે અક઼સા જેને મુસલમાનોનો પ્રથમ ક઼િબ્લો હોવાની સાથે સાથે એક ઐતિહાસિક મહત્વ પ્રાપ્ત છે. જેને બૈતુલ્લાહના ચાલીસ વરસ પછી હઝરત યાકૂબ علیہ السلامએ પેલેસ્ટાઈનની ધરતી પર બનાવી હતી. અસંખ્ય અંબિયાએ કિરામ علیہم السلام એના દામનમાં આરામ ફર્માવી રહ્યા છે. આ જ એ સ્થળ છે જ્યાં ઈમામુલ અંબિયા صلی اللہ علیہ وسلمએ શબે મેઅરાજમાં તમામ અંબિયા વ મુરસલીનની ઈમામત ફર્માવી અને ત્યાંથી જ આસ્માનોની સૈર માટે રવાના થયા. કુર્આનમાં આ જમીનને બરકતવાળી જમીન કહેવામાં આવી : ''જેમાં અમે તમામ જહાનવાળાઓ માટે બરકત રાખી છે.'' (સૂ. અંબિયા, આ. ૭૧) એ સરઝમીન જેને કુર્આન પવિત્ર અને મુક઼દ્દસ ધરતી કહે છે : ''હે મારી ક઼ૌમના લોકો ! એ મુક઼દ્દસ (પવિત્ર) સરઝમીનમાં પ્રવેશ કરો જે અલ્લાહ તઆલાએ તમારા નામે લખી દીધી છે.'' (સૂ. માઈદહ, આ. ૨૧) ઉપરાંત ઘણાય અંબિયાએ કિરામનો ઈતિહાસ આ પાક જમીન સાથે સંબંધિત છે માટે ''બૈતુલ મુક઼દ્દસ'' ઈસ્લામી જગતનું દિલ છે. એ ધરતીના દરેકે દરેક રજકણ સાથે મુસલમાનોની અક઼ીદત અને દિલી જઝ્બાત જોડાયેલ છે.

આપણો ક઼િબ્લએ અવ્વલ (બૈતુલ મુક઼દ્દસ મસ્જિદે અક઼સા) જે દરેક યુગમાં યહૂદીઓની સાઝિશોનો શિકાર થતો રહ્યો છે. બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળ હિ.સ. ૧૫માં મુસલમાનોએ તેને ફતેહ કરી તેના પર કબ્જો મેળવ્યો, પરંતુ મુસલમાનોએ તેને મેળવવા માટે કોઈ જુલ્મ અને સખ્તીથી કામ ન લીધું. ઘણા લાંબા સમય સુધી બૈતુલ મુક઼દ્દસ મુસલમાનોના હાથોમાં રહ્યું, મુસલમાનો સંપૂર્ણ આઝાદી સાથે તેમાં નમાઝ પઢતા. પરંતુ મુસ્લિમોના ક઼િબ્લએ અવ્વલ પર નાજાઈઝ કબ્જો મેળવવા હમેશાં પાદરીઓ નાપાક કોશિશો કરતા રહ્યા જેમાં એમને સફળતા પણ મળી. એને મુસ્લિમ શાસકોની અંજામથી બેપરવાહી કહો અથવા આપણી કમનસીબી ! હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળ પછી એક સમય એવો પણ આવ્યો કે મુસલમાનોના હાથોમાંથી ક઼િબ્લએ અવ્વલ નીકળી ગયો અને તેમણે (ઈસાઈઓએ) મુસલમાનોનું એવું ક઼ત્લે આમ કર્યું કે એમની જ ઝબાની : ''એમના ઘોડાઓ ગુઠણ સુધી મુસલમાનોના ખૂનમાં ડૂબેલા હતા અને ૬/૭ દિવસોમાં સીત્તેર હજાર મુસલમાનો ક઼ત્લ કરી દેવામાં આવ્યા !''

લગભગ ૯૦ વરસ સુધી બૈતુલ મુક઼દ્દસ પર ઈસાઈઓનો નાજાઈઝ કબ્જો રહ્યો ત્યાર પછી સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہએ હિ.સ. ૫૮૩માં અલ્લાહની નુસ્રત અને મદદથી ફરીથી બૈતુલ મુક઼દ્દસને મુસલમાનોના કબ્જામાં લીધું. એક મુદ્દત સુધી આ બાબરકત જમીન મુસલમાનોના કબ્જા હેઠળ રહી. તુર્કી ઉષ્માની હુકૂમતે ''બૈતુલ મુક઼દ્દસ''ના

સુરક્ષા પ્રબંધની સાથે સાથે ઈસાઈઓ અને યહૂદીઓને તેના નજીક પણ ફરકવા નથી દીધા.

અરબસ્તાન પર નજદી વહાબી હુકૂમત પહેલાં તુર્કી સુન્ની ઉષ્માની શાસન હેઠળ જે અરબ વિસ્તાર હતો તે જ્યારે વિવિધ ભાગોમાં વહેંચાઈ ગયો અને ઉષ્માની હુકૂમત કમજોર થઈ ગઈ પછી અંગ્રેજોની ફૌજ "શહરે કુદ્સ" (બૈતુલ મુક઼દ્દસ)માં પ્રવેશી ગઈ અને સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૧૮માં પેલેસ્ટાઈન પર બ્રિટનનો કબ્જો થઈ ગયો. ત્યાર પછીથી જ બ્રિટને પેલેસ્ટાઈનની ધરતી પર યહૂદીઓને વસાવવાનું શરૂ કરી દીધું. દુનિયાભરના યહૂદીઓને ત્યાં વસવાટ કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું. જેના કારણે ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૪૫ દરમિયાન ૯૨ હજાર યહૂદીઓ ત્યાં પહોંચ્યા. ત્યાર પછી ૧૯૪૬ થી ૧૯૪૮ સુધીમાં બીજા ૬૧ હજાર યહૂદીઓ વિવિધ સ્થળોએથી પેલેસ્ટાઈન આવ્યા અને ૨૭ હજાર એકર જમીનના વિસ્તારમાં ૭૩ હજાર યહૂદી કોલોનીઓ બનાવવામાં આવી. જુલ્મ તથા જંગલીપણાનો એ નઝારો પણ દુનિયાએ જોયો કે ૧૯૪૮માં અમેરિકી તથા બ્રિટનની મદદથી "ઈઝરાઈલ"ની સ્થાપ્ના કરી દેવામાં આવી, આના પર જેટલોય માતમ કરવામાં આવે ઓછો છે. ઈસ્રાઈલની સ્થાપ્નામાં સંયુક્ત રાષ્ટ્ર (યુનો)એ શરમજનક રોલ અદા કર્યો છે, એટલા જ માટે ડો. ઈકબાલે એને કફનચોરોની ટોળી કહી સંબોધેલ છે.

ઈઝરાઈલના જન્મ પછી એકવાર ફરી ૧૯૬૭માં બૈતુલ મુક઼દ્દસ જાલિમોના હાથોમાં આવી ગયું, અત્યાર સુધીમાં લાખો પેલેસ્ટાઈની બે ઘર અને ૫૦ હજારથી અધિક ખતમ થઈ ચૂક્યા છે, આજે સ્થિતિ એ છે કે કોઈ દિવસ એવો નહીં જતો હોય જેમાં પેલેસ્ટાઈનીઓ શહીદ અથવા ઝખ્મી ન થતા હોય, મુસલમાનોને એમનું અસ્લી વતન છોડવા મજબૂર કરવામાં આવી રહ્યા છે, ઔરતો, નાના બાળકો, વૃદ્ધોને પણ બેરહમીની સાથે ક઼ત્લ કરવામાં આવે છે. સાર એ કે કોઈ સવાર, કોઈ સાંજ તેમના જુલ્મ અને જંગલીપણાથી ખાલી નથી હોતી. માત્ર આટલું જ નહીં, ઈન્ટરનેશનલ યહૂદી ચળવળની ગુપ્ત યોજના હેઠળ યહૂદી પ્લાનિંગ થઈ ચૂકેલ છે કે મસ્જિદ અક઼સાનું અસ્તિત્વ સંપૂર્ણપણે ખત્મ કરી દેવામાં આવે.

૧૮૯૭માં યહૂદી ચળવળની સ્થાપ્ના પછી યહૂદીઓ અને ઈસાઈઓ એ વાત પર એકમત છે કે બૈતુલ મુક઼દ્દસ અને મસ્જિદે અક઼સાને યહૂદીઓની મિલ્કત બનાવી દેવામાં આવે, યહૂદિયત અને યહૂદી ચળવળના એક ઝંડાધારી "હર્ટઝલ"નું કથન છે કે "જો બૈતુલ મુક઼દ્દસ પર સંપૂર્ણ કબ્જો મળી જાય તો શહેરમાંથી એ તમામ નિશાનીઓને મિટાવી દઈશ જે યહૂદીઓના નજીક સન્માનપાત્ર નથી." યહૂદી ચળવળના એક બીજા કાર્યકર્તા "ગ઼ોર્યૂન"નું કહેવું છે : "બૈતુલ મુક઼દ્દસ વિના ઈઝરાઈલની કોઈ કલ્પના નથી અને હૈકલ (દીવારે સુલૈમાની) વિના એની કોઈ હક઼ીક઼ત નથી." જ્યારે "એરિયલ શેરોન"નું માનવું છે કે : "બૈતુલ મુક઼દ્દસ હવે હમેશાં માટે ઈઝરાઈલની મિલ્કત છે જેના માટે હું આખી દુનિયાની ચેલેંજ સ્વીકારવા તૈયાર છું. કેવળ આટલુ જ નહીં, બલ્કે આ યહૂદીઓનું મહત્વનું સ્થાન છે, ન અમારું મક્કા છે, ન મદીના, ન વેટકીન, બલ્કે અમારું તો માત્ર હૈકલે સુલેમાની છે !"

યહૂદીઓની ગુપ્ત સાઝિશ એ છે કે કોઈ પણ રીતે મસ્જિદે અક઼સાનો ધ્વંશ કરીને તેની જગ્યાએ "હૈકલે સુલેમાની" બનાવવામાં આવે, તેમના દાવા મુજબ "મસ્જિદે અક઼સા" હૈકલે સુલેમાનીને તોડીને બનાવવામાં આવી છે. યહૂદીઓની આ ઝેહરીલી બકવાસોના આધારે સરળતાથી સમજી શકાય છે કે મસ્જિદે અક઼સાનો ધ્વંશ કરવાની યોજના એ તેમની હાલની ભાંગફોડ એ સાઝિશનો એક ભાગ છે અને તેઓ પોતાની નાપાક યોજના પર અમલ પણ કરી રહ્યા છે. હૈકલે સુલેમાનીના અવશેષોના સંશોધન કામની આડમાં મસ્જિદે અક઼સાની આસપાસ અને અંદર ખોદકામ ચાલુ છે અને ૭૦થી વધુ સુરંગો

ખોદાઈ ચૂકી છે જેથી મસ્જિદે અક્સાના પાયા ખોખરા થઈને કોઈ પણ સમયે ભૂકંપ જેવી આકસ્મિક સ્થિતિમાં ભાગી પડે. (અલ્લાહ ન કરે) જેથી મુસલમાનોને ત્યાં નમાઝ પઢવાથી રોકવા, પશ્ચિમી બૈતુલ મુક્દસમાં યહૂદીઓને વસાવવાના અને મુસલમાનોને તેમના ઘરોથી બેઘર કરવાના રસ્તા સાફ થઈ જાય. તદ્ઉપરાંત ગુપ્ત રીતે હૈકલે સુલેમાની (પૌરાણિક યહૂદી ઈબાદતગાહ)ના બાંધકામની તૈયારી પણ ઘણા જ આયોજનપૂર્વક ચાલી રહી છે.

જાહેર છે કે આ રીતે મુસલમાનોની ગૈરતને લલકારવાના તથા તેમના મૂળ હક્કોથી તેમને વંચિત રાખવાની કોશિશો થઈ રહી છે. જ્યારે કે ઈતિહાસ સાક્ષી છે કે પેલેસ્ટાઈન પર હમેશાં મુસલમાનોનો કબ્જો રહ્યો છે અને આ ધરતી તેમની મિલ્કત છે, તે છતાંય ઈઝરાઈલ નથી ચાહતુ કે મુસલમાનોની અમાનત એમને સોંપી સંપૂર્ણપણે મઝહબી આઝાદી અને મૂળ હક્કો આપવામાં આવે. એક બાજુ યહૂદીઓ અને ઈસાઈઓના જુલ્મો સિતમની આ હકીકત છે તો બીજી બાજુ બીચારા પેલેસ્ટાઈનીઓની દયાજનક સ્થિતિ એ છે કે તેઓ રોટી, કપડાં અને મકાન સુદ્ધાંના મોહતાજ છે. ઈઝરાઈલ થકી આવા અત્યાચાર હોવા છતાં પેલેસ્ટાઈનીઓની દીની ગૈરતની એ શાન છે કે તેઓ આવી સ્થિતિમાં પણ મુકાબલો કરી રહ્યા છે. જે રીતે ઈસ્રાઈલને અમેરિકા અને બ્રિટનનું પીઠબળ મળી રહ્યું છે જો પેલેસ્ટાઈનીઓને પણ જીવન જરૂરિયાતની સાથે સાથે યહૂદીઓના મુકાબલા માટે સાધનસામગ્રી પૂરતા પ્રમાણમાં મળી જાય તો એ દિવસો દૂર નથી કે યહૂદીઓને પોતાની ક્બ્ર માટે જમીન શોધવી મુશ્કેલ થઈ જાય.

આ છે આપણા કિબ્લએ અવ્વલ બૈતુલ મુક્દસ, મસ્જિદે અક્સા અને પેલેસ્ટાઈનીઓની હાલની દુ:ખદ પરિસ્થિતિ ! અરબ દેશોના કહેવાતા મુસ્લિમ ઐશપરસ્ત રાજાઓ અને અન્ય મુસ્લિમ રાષ્ટ્રોના આગેવાનો આ દુદર્શાને સારી રીતે જાણે છે, પરંતુ તેમનાં દિલ મુર્દા થઈ ચૂક્યાં છે કે ઈઝરાઈલ વિરુદ્ધ એક શબ્દ પણ નથી બોલી શકતા ! કારણ કે મુસ્લિમ હુકમરાનો પોતાના વ્યક્તિગત અને રાજનૈતિક ફાયદા ખાતર પોતાના ઈમાન અને ઝમીરનો અમેરિકા તથા બ્રિટનના હાથે સોદો કરી ચૂક્યા છે, દુનિયાના નક્શા પર આજે લગભગ ૫૬ મુસ્લિમ દેશો છે, જો બધા જ મુસ્લિમ દેશો એકી સાથે ઈઝરાઈલના જુલ્મો સિતમ અને અમેરિકા તથા બ્રિટનના અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવે અને ઈસાઈ, યહૂદી દેશોની બનાવટોનો બોયકોટ કરે તો ઈઝરાઈલ તો શું અમેરિકા અને બ્રિટન પણ ગુઠણો ટેકવા મજબૂર થઈ શકે છે.

*કુફ્ર સે કુફ્ર બગ્લગીર નઝર આતા હૈ*
*ક્યૂં નહીં હોતે મુસલમાં ભી મુસલમાં કે કરીબ*

પરંતુ અફસોસ ! એક મુસ્લિમ દેશના સંબંધો બીજા મુસ્લિમ દેશ સાથે સારા નથી, મિસર પોતાની સરહદોમાં પેલેસ્ટાઈનીઓને પ્રવેશ આપવા રાજી નથી, ઈરાક, કુવૈતને જોઈ નથી શકતું, સઊદી અરબ અને સીરિયા આમને સામને છે. આવી નાઝુક સ્થિતિમાં બૈતુલ મુક્દસ પર ફરી કબ્જો તો દૂરની વાત, તેની તથા તેના અસ્તિત્વની સુરક્ષા પર પણ પ્રશ્ન વિરામ દેખાય છે. આજે યહૂદી અને ઈસાઈ તાક્તો હજાર આપસી ઈખ્તેલાફ હોવા છતાં મુસલમાનોના વિરુદ્ધમાં એકમત છે, આજે જરૂરત છે મુસ્લિમ ઈત્તેહાદની, જરૂરત છે ઈસ્લામ માટે પોતાના સર્વ અંગત ઈખ્તેલાફ મિટાવવાની.......જરૂરત છે ઈસ્લામી એકતાની.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળમાં જયારે બૈતુલ મુક્દસ પર મુસલમાનોનો કબજો થયો તો અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ ત્યાં ગયા, આપની સાથે હઝરત બિલાલ પણ હતા, રસૂલુલ્લાહ ﷺના પર્દો ફર્માવી ગયા પછી બિલાલ એવા ખામોશ થયા કે લોકો આપની પુરસોઝ અઝાન સાંભળવા તરસી ગયા, મસ્જિદે અક્સામાં બિલાલ અઝાન ન દેતા, પરંતુ ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ કહ્યું, ''બિલાલ ! ઘણા

લાંબા સમયથી મસ્જિદે અક્સા અને બૈતુલ મુક્દસની દરો દીવારે અઝાન નથી સાંભળી અને હવે બૈતુલ મુક્દસ મુસલમાનોના કબ્જામાં આવી ગયું છે તો શું આઝાદીની પહેલી અઝાન પણ નહીં પઢો ?! બિલાલે અઝાન કહી અને લોકોના રૂદનથી મસ્જિદે અક્સા ગુંજી ગઈ હતી.

આજે ફરી એકવાર મસ્જિદે અક્સાની દીવાલો અઝાનની અવાજ માટે તરસી રહી છે...વરસોથી મસ્જિદે અક્સાના દ્વાર કોઈ મોઅઝ્ઝિનની રાહ જોઈ રહ્યા છે....મસ્જિદે અક્સાનું ફર્શ નમાઝીઓની પેશાનીઓ માટે તડપી રહ્યું છે.

પરંતુ બૈતુલ મુક્દસ પર આજે યહૂદીઓનો કબ્જો છે, તેના દ્વાર મુસલમાનો માટે બંધ છે. મિમ્બર અને મેહરાબની બેહુર્મતિ (બેઅદબી) કરવામાં આવી રહી છે, એના સેહનમાં જાલિમ યહૂદીઓ મુસલમાનોનું ખૂન વહાવી રહ્યા છે. આજે ફરી એકવાર પેલેસ્ટાઈન અને બૈતુલ મુક્દસ કોઈ સલાહુદ્દીન ઐયૂબીની રાહ જોઈ રહ્યાં છે.

યહૂદીઓના જાલિમ હાથોમાંથી બૈતુલ મુક્દસને મુક્ત કરવા સૌ પ્રથમ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ જંગ કરી હતી, એ જંગ આજે પણ જારી છે અને ત્યાં સુધી જારી રહેશે જ્યાં સુધી દુનિયાથી જુલ્મો સિતમ અને નાઈન્સાફીનો ખાત્મો ન થઈ જાય, ઈલ્હાદ, અધર્મતા અને બેદીનીનો નાશ ન થઈ જાય, શૈતાની તાકતો પરાજીત ન થઈ જાય.

આજે પેલેસ્ટાઈનીઓનો બચાવ, મસ્જિદે અક્સાની સુરક્ષા અને પ્રાપ્તિ એ આપણો દીની, અખ્લાકી, રૂહાની અને કૌમી ફર્ઝ છે, આપણે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીનાં સ્વપ્નો સાકાર કરી શકીએ છીએ પરંતુ એના માટે જરૂરી છે કે આપણે અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺની ફર્માંબરદારી કરીએ, પોતાની હાલત બદલીએ, દીન પર મરી મિટવાનો જઝબો પેદા કરીએ, એકતા અને ઈત્તેહાદ પેદા કરીએ.


*એક હોં મુસ્લિમ હરમ કી પાસ્બાની કે લિએ*
*નીલ કે સાહિલ સે લેકર તા બખાકે કાશ્ગર*

બૈતુલ મુક્દસની અઝમતો અને તેનું તક્દુસ (પવિત્રતા) પોકારી રહી છે.... હવે જાલિમોના ચુંગલથી મને કાઢવા માટે કોઈ સલાહુદ્દીન ઐયૂબી આવવાનો નથી, તમારી એકતા અને ઈત્તેહાદ જ સલાહુદ્દીન ઐયૂબીનો અઝીમ કિરદાર અદા કરી શકે છે.

*રાસ્તા તકતી હૈ ફિર મસ્જિદે અક્સા તેરા*

## ★ સુન્ની દા'વતે ઈસ્લામી થકી હાજીઓના તર્બિયતી કેમ્પો ★

**ભરૂચ** : મુકામે તા. ૩–૧૦–૨૦૧૦ના રોજ "દારુલ ઉલુમ ગુલશને અજમેર–ભરૂચ" મુકામે હાજીઓની તા'લીમ માટે હજ્જ તથા ઝિયારતના મસાઈલ, ફઝાઈલ, તરીકો, આદાબે મદીના વગેરેની તર્બિયત કરવામાં આવી. સવારે નવ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધી મૌલાના કલીમુલ્લાહ નિઝામી (સદર : દારુલ ઉલૂમ ગુલશને અજમેર) તથા જનાબ હાફેઝ અબ્દુર્રહીમ સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ તર્બિયત કરી. બાદમાં ન્યાઝ જમાડવામાં આવી. એ જ પ્રમાણે ૨–૧૦–૨૦૧૦ના રોજ **વડોદરા**–તાંદલજા ચિશ્તિયા મસ્જિદ ખાતે તથા બીજીવાર ત્યાં જ ૧૬–૧૦–૨૦૧૦ના રોજ હજ્જ તર્બિયતી કેમ્પ થયો જેમાં હાફેઝ અ. રહીમ ઉપરાંત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી)એ પણ તર્બિયત કરી. ૨૬–૯–૨૦૧૦ના રોજ એમના જ થકી **જંબુસર**–જામા મસ્જિદ ખાતે તર્બિયત કેમ્પ થયો. ૧૩–૧૦–૨૦૧૦ના રોજ **ભાવનગર**–ગરીબ નવાઝ મસ્જિદ (મર્કઝે સુન્ની દા'વતે ઈસ્લામી–ભાવનગર) ખાતે તર્બિયતી કેમ્પ થયો. ૧૩–૧૦–૨૦૧૦ **બોડેલી** દારુલ ઉલૂમ ફયઝાને ઈમામ અહમદ રઝામાં તર્બિયતી કેમ્પ થયો. ૧૪–૧૦–૨૦૧૦ **નાપાડ** (તા. જિ. આણંદ) મુકામે હજ્જ તર્બિયતી કેમ્પ યોજાયો. તા. ૨૨–૧૦–૧૦ **ભરૂચ**–બાવડી મહોલ્લા સીદીમિયાં મસ્જિદ ખાતે હજ્જ તર્બિયતી કેમ્પ ગોઠવાયો હતો. અલ્હમ્દુલિલ્લાહ ! પુષ્કળ હાજી ભાઈઓ બહેનોએ દરેક ઠેકાણે હાજરી આપી હજ્જ વ ઝિયારતનું માર્ગદર્શન મેળવ્યું હતું.



# બાબરી મસ્જિદ સંબંધે

# મુસ્લિમોએ હવે શું કરવું જોઈએ?


અઝ : **હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી** (દારુલ કલમ–દિલ્હી)

રજૂકર્તા : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી દયાદરવી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)


*બાબરી મસ્જિદ વિવાદ સંબંધે ૩૦–૯–૨૦૧૦ના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના ફેંસલા પછી મુસ્લિમોમાંથી અવનવા પ્રત્યાઘાતો સાંભળવા જોવા મળ્યા. કેટલાક કહેવાતા મુસ્લિમોએ કહ્યું કે આ વહેંચણી ત્રણ ભાગમાં થઈ એ સારું થયું, એક ઝઘડો પતી જાય ! કેટલાકે એ જગાએ બીજુ કાંઈ બનાવવાની સલાહો દર્શાવી.......વગેરે. તો અહલે સુન્નતના મહાન મુફક્કિર હઝરત અલ્લામા યાસીનઅખ્તર મિસ્બાહીનું એના વિશે શું માર્ગદર્શન છે તે વાંચો અને શરીઅત વિરુદ્ધના ખયાલોને ત્યજી દીન તથા ઈમાન પર અડગ રહેશો એવી અપીલ છે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ઈ.સ. ૧૫૨૮થી ૨૨ ડિસેમ્બર ૧૯૪૯ સુધી બાબરી મસ્જિદ અયોધ્યામાં હમેશાં બાજમાઅત નમાઝ થતી રહી. ૨૨ તથા ૨૩ ડિસેમ્બર ૧૯૪૯ની વચ્ચેની રાતમાં પણ ઈશાની નમાઝ બાજમાઅત થઈ અને પછી એ જ રાતના કોઈક હિસ્સામાં કેટલાક બદમાશ કોમવાદી તત્વોએ બાબરી મસ્જિદની અંદર મૂર્તિ રાખી દીધી જેની ખબર ફેલાતાં જ અયોધ્યાનું વાતાવરણ ગરમ થઈ ગયું. એક હિંદુ ઈન્સપેકટરે પોલીસ સ્ટેશનમાં એ રિપોર્ટ નોંધાવ્યો કે રાતના અંધકારમાં બાબરી મસ્જિદની અંદર મૂર્તિ રાખી દેવામાં આવી. તે સમયના કોંગ્રેસી વડા પ્રધાન જવાહરલાલ નેહરૂ તથા કેંદ્રિય ગૃહ પ્રધાન સરદાર પટેલે યુ.પી. ગવર્નમેન્ટને ઓર્ડર કર્યો કે તાત્કાલિક ધોરણે મસ્જિદમાંથી મૂર્તિ બહાર કાઢવામાં આવે, પરંતુ અગમ્ય (નામાલૂમ) સબબોના હેઠળ એનું પાલન ન થઈ શક્યું.

બાબરી મસ્જિદને વિવાદાસ્પદ બનાવવાનું ષડયંત્ર અસલમાં એક અંગ્રેજ ઓફિસર કાર્લીગીનું છે, જેણે લગભગ ઈ.સ. ૧૮૫૦માં લેખિત સ્વરૂપે એ મમરો મૂક્યો કે બાબરી મસ્જિદનું બાંધકામ રામજન્મ ભૂમી પર થયું છે, અને અહીં બાબરી મસ્જિદ બંધાતા પહેલાં રામ મંદિર હતું. આ સાઝિશ (ષડયંત્ર)ના પાછળ એક પ્લાન હતો કે મુસલમાનો તથા હિંદુઓ વચ્ચે મતભેદની ખાઈને વિશાળ તથા ઊંડી કરીને પોતાની સત્તા તથા હુકૂમતને લંબાવવામાં આવે. એના માટે રામ તથા બાબર બે નામોની પસંદગી કરવામાં આવી કે રામની આસ્થા (શ્રદ્ધા)થી જ્યારે બાબરના નામનો ટકરાવ થશે તો હિંદુઓ ખૂબ જ સરળતાપૂર્વક અને ઝડપભેર ઉશ્કેરાઈ જશે અને ક્રમે ક્રમે હિંદુઓ તથા મુસલમાનોનો એ એહસાસ કે અંગ્રેજોની ગુલામીથી તેમણે હરીમળીને આઝાદી પ્રાપ્ત કરવી જોઈએ, એ ખત્મ થઈ જશે અને હિંદુસ્તાનીઓના દિલોમાં અંગ્રેજોની નફરત મંદ પડી જશે, અને આ હિંદુસ્તાનીઓ આપસમાં લડતા ઝઘડતા થઈ જશે. આ સાઝિશ બ્રિટનના દૌરમાં તો સફળ ન થઈ શકી અને વાત કેવળ કોર્ટ કચેરી સુધી સીમિત રહી, પરંતુ

ઈ.સ. ૧૯૪૭માં હિંદના આઝાદ થયા બાદ એ સાઝિશે પોતાની અસર દેખાડવાનું શરૂ કર્યું અને ક્રમે ક્રમે બાબરી મસ્જિદની સમસ્યા એટલી ગંભીર બનતી ગઈ અને એની આંચ એટલી તેજ થઈ કે આજે આખુ હિંદુસ્તાન એના તાપ હેઠળ આવી ગયું છે.

૩૦ સપ્ટેમ્બર ઈ.સ. ૨૦૧૦ના રોજ ઈલાહાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચનો જે ફેંસલો મીડિયા થકી જાહેરમાં પ્રદર્શિત થયો એને સાંભળીને મોટાભાગના હિંદુસ્તાનીઓ આશ્ચર્યચક્તિ થઈ ગયા કે છેવટે આ કેવો ફેંસલો છે જેની અંદર કાનૂનને અગ્રતા આપવાને બદલે શ્રદ્ધાને અગ્રતા આપવામાં આવી છે. એ જ કારણે મોટાભાગના લોકો એને પોલિટિક્લ સમાધાન તથા પંચાયતી ફેંસલા સમાન ગણાવે છે. બાબરી મસ્જિદ તથા રામ જન્મભૂમી કેસથી સંબંધિત બંને પક્ષો માલિકીપણાના હક્કનો ફેંસલો કોર્ટથી મેળવવા ચાહતા હતા. કોર્ટ સમક્ષ જે સવાલો હતા એ સવાલોની દિશા પણ એવી જ હતી કે જમીનની માલિકી કોની છે ? એ જ જવાબ કોર્ટે શોધવાનો હતો અને એનો ફેંસલો કરવાનો હતો, પરંતુ અફસોસ કે એવું કાંઈ ન થઈ શક્યું. હાઈકોર્ટના આ ફેંસલાથી દેશ સમક્ષ એક મહાન સમસ્યા ખડી થઈ ગઈ છે કે હવે સાબિતીઓ તથા સાક્ષીઓ તથા દસ્તાવેજોના પાયા પર ફેંસલા થશે કે આસ્થા (શ્રદ્ધા)ના આધારે ફેંસલા કરવામાં આવશે ?! જો શ્રદ્ધાના પાયા પર ફેંસલા થવા માંડશે તો દેશની શાંતિ તથા અમ્ન અને લો એન્ડ ઓર્ડરને સંભાળવો એક અતિશય જટીલ સમસ્યા બની જશે. બાબરી મસ્જિદની જમીનની જેવી રીતે વહેંચણી કરવામાં આવી છે તેણે પણ ફેંસલા પર પ્રશ્નાર્થ ચિન્હ રાખી દીધું છે કે જ્યારે સુન્ની વક્ફ બોર્ડની અપીલ ખારિજ (આઉટ) કરી દેવામાં આવી હતી તો મસ્જિદની જમીનના ત્રણ ટુકડા કરીને એક ટુકડો એને આપવાની વાત ક્યા આધારે કરવામાં આવી ? અને એ વાત પણ સમજ બહારની છે કે બે હિસ્સા હિંદુઓને આપવામાં આવ્યા અને એક હિસ્સો મુસલમાનોને આપવામાં આવ્યો.

આ ફેંસલાનું આ પાસુ પણ અત્યંત જટીલ છે કે લગભગ ૫૦૦ વર્ષ પૂરાણી મસ્જિદના મામલામાં દખલઅંદાઝી તથા હસ્તક્ષેપ કરીને કેટલાક નવા દાવેદારો તથા કબ્જાધારી માણસો પોતાનો હિસ્સો મેળવી શકે છે, તો અન્ય ઈબાદતગાહો બલ્કે અન્ય જમીન જાયદાદના મામલામાં પણ એવાં નવાં દષ્ટાંતો ઉભરી શકે છે અને કબજાધારીઓ તથા ફિત્ના કરનારાઓની હિંમત બુલંદ થઈ શકે છે. મુસલમાનો સમક્ષ ભૂતકાળના કડવા અનુભવોએ ભવિષ્યમાં જન્મ લઈ શકનારા ઘણા ખતરાઓનો નિર્દેશ આ ફેંસલાએ કર્યો છે. કેવળ મુસલમાન જ નહીં, બલ્કે આખો દેશ ઉઘાડી આંખે એ જોઈ રહ્યો છે કે બહુમતિ સંખ્યા અને શ્રદ્ધાનું પુર એવી તીવ્રતા સાથે કાનૂન તથા વ્યવસ્થાને લપેટમાં લઈને આબાદીઓમાં પ્રવેશી ચૂક્યું છે અને મજબૂત તથા અડગ કિલ્લાઓની દીવાલો સાથે તેનાં મોજાંઓ ટકરાઈ રહ્યાં છે, આ ઘણી જ ભયાનક સ્થિતિ છે જેના નિવારણ તથા સુધારણાની દરેક દેશપ્રેમી હિંદુસ્તાનીએ ભરપુર કોશિશ કરવી જોઈએ.

બાબરી મસ્જિદ સમસ્યાનો હલ ત્રણ રીતે થઈ શકે છે :–

(૧) આપસમાં સમજદારીથી સમાધાન માટે ચર્ચાઓનો ક્રમ (૨) પબ્લિકની જાગૃતિ માટે વિવિધ રાજ્યો તથા શહેરોમાં પબ્લિકમાં જલસા (૩) કોર્ટના કેસ.

૬ ડિસેમ્બર (જ્યારે બળપૂર્વક કાયદો હાથમાં લઈને કટ્ટરવાદી કોમવાદી પરિબળોએ મસ્જિદ શહીદ કરી નાખી)થી પહેલાં જ આ ત્રણે રીતો અપનાવી શકાતી હતી. હાઈકોર્ટના ફેંસલા પછી પ્રથમ બે રીતોની ન કોઈ જરૂરત છે અને ન તો કોઈ ફાયદો, બલ્કે નુકસાન થઈ શકે છે અને એ યકીની (નિશ્ચિત) છે કે સંઘ પરિવારને સીધો એનો મોકો મળશે કે તે દેશના વાતાવરણને ગરમ કરીને કટ્ટરવાદી અને કોમવાદી તત્વોને દિમાગી તથા અમલી રીતે નવેસરથી એવું તૈયાર કરી આપે કે ''અડવાણીની રથયાત્રા'' તથા ૬–ડિસેમ્બર–૧૯૯૨ જેવી કોઈ ભયંકર હરકત કરી બેસે.

હવે કેવળ એક જ સ્થિતિ સુપ્રિમ કોર્ટ જવાની બાકી રહી જાય છે અને યક઼ીની હદ સુધી એની શક્યતા છે કે બંનેવ પક્ષો પોતાનો કેસ સુપ્રિમ કોર્ટ સુધી લઈ જશે. હવે ત્યાં શું ફેંસલો થશે એના પર સમયથી પહેલાં કોઈ સૂચન નથી થઈ શકતું. શ્રદ્ધાના સ્થાને સાક્ષીઓ, દસ્તાવેજોને આધાર બનાવીને જે પણ ફેંસલો આવશે તે મસ્જિદના ફેવરમાં હશે અને એ સાબિત તથા સ્પષ્ટ થઈ જશે કે જમીન મસ્જિદની છે અને માલિકીપણાનો હક્ક઼ તેને જ પ્રાપ્ય છે.

કોઈપણ મસ્જિદની જમીનના બારામાં દેશ તથા રાષ્ટ્ર સમક્ષ એ હક઼ીક઼ત સ્પષ્ટ રહેવી જોઈએ કે **જે જગાને નમાઝ પઢવાના માટે મસ્જિદના માટે ખાસ કરી દેવામાં આવે તે જમીન હમેશાંના માટે મસ્જિદની જ જમીન ઠરે છે. તેનું વેચાણ કે અદલા બદલી કે ભેટ આપવું કે ગીરો આપવું કોઈ સંજોગોમાં જાઈઝ નથી. એ જમીનને કોઈકને કોઈ અન્ય કામ માટે માલિક બનાવવું ત્યાં સુધી કે મદ્રસો, ખાનક઼ાહ કે યતીમખાનુ કે મુસાફરખાનુ વગેરે પણ મસ્જિદના કોઈ પણ હિસ્સામાં બનાવવું હરગિઝ જાઈઝ નથી.** જો કોઈ આબાદીના સર્વ મુસલમાનો એકમતિએ પણ કોઈ મસ્જિદને અથવા તેના કોઈ હિસ્સાને બીજા શખ્સને આપવા ચાહે અને કોઈ અન્ય કામમાં વાપરવા ચાહે તો **તેઓને એનો હરગિઝ અધિકાર નથી,** ન તેઓ કોઈ અન્યને આપી શકે છે અને ન તેની વહેંચણી કરી શકે છે, અન ન તો અદલા બદલીમાં મસ્જિદની એક ગજ જમીન આપવાનો તેમને અધિકાર છે, ન એવું કરવું શરીઅતની રૂએ તેમના માટે જાઈઝ છે.

વહેંચણીની ફોર્મ્યુલા કોંગ્રેસી વડાપ્રધાન નરસિંહા રાવના સમયમાં સામે આવી હતી કે એક ગુંબદ મુસલમાન લઈ લે અને બાકીનાને જતા કરે. કેટલાક ગવર્નમેન્ટના ચાપલૂશ તથા તકસાધુઓ અથવા ભોળા લોકો આ ફોર્મ્યુલાનું સમર્થન તથા તેની વકાલત કરી રહ્યા હતા, પરંતુ જાહેર છે કે એ ફોર્મ્યુલા કે મસ્જિદની વહેંચણી કરીને એનો અમુક હિસ્સો મસ્જિદથી અલગ કરી દેવામાં આવે, ન કેવળ હિંદના મુસલમાનો માટે અસ્વીકાર્ય છે બલ્કે એને ક઼બૂલ કરવો કોઈ કિંમતે એના માટે જાઈઝ નથી.

ઓગસ્ટ તથા ડિસેમ્બર ઈ.સ. ૧૯૯૨માં વડાપ્રધાન હાઉસની પહેલ પર હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી તથા લખનાર (યાસીન અખ્તર મિસ્બાહી)ના બે સભ્યોનું પ્રતિનિધિમંડળની તે સમયે કોંગ્રેસી વડાપ્રધાન નરસિંહા રાવથી વિવિધ ખાસ મુલાકાતો થઈ. ચર્ચામાં આ ત્રણ સિવાય કોઈ ચોથો શરીક ન હતો. તે વખતે કેટલાય પ્રકારની ફોર્મ્યુલાઓ વિવિધ વર્તુળો તરફથી રજૂ કરવામાં આવી હતી જેનો રેકોર્ડ આજે પણ વડાપ્રધાન હાઉસમાં હશે. એક મુલાકાતમાં મેં નરસિંહા રાવને સાફ સાફ એ વાત કહી જેના પછી નરસિંહા રાવે આ બે સભ્યના પ્રતિનિધિમંડળથી મુલાકાતની કોઈ જરૂરત ન સમજી. તે અંતિમ વાત આ છે :–

''કોઈ પણ મસ્જિદને તેની મસ્જિદિયત (મસ્જિદ હોવા)થી કદી બહાર નથી કરી શકાતુ, ન તેનું ખરીદ વેચાણ જાઈઝ છે અને ન કોઈ બીજી જમીન સાથે અદલા બદલી જાઈઝ છે ન તેને ગીરો રાખી શકાય છે, ન મસ્જિદની જમીન આ પ્રકારની કોઈ ફોર્મ્યુલા મંઝૂર કરી શકાય છે કે નીચે મસ્જિદ અને ઉપર મંદિર બંને અથવા ઉપર મસ્જિદ અને નીચે મંદિર બને, ન કોઈ મસ્જિદની વહેંચણી થઈ શકે છે.''

મસ્જિદના સંબંધે જે હુકમો તથા મસાઈલ (શરીઅતમાં) વર્ણન કરવામાં આવ્યા તે બાબરી મસ્જિદના અસ્તિત્વથી ઘણા અગાઉ એ પૂરાણી કિતાબોમાં સ્પષ્ટપણે લખાયેલા છે જેને **કુર્આન** તથા **હદીષ**ની રોશનીમાં ઉલમાએ કિરામે લખ્યા છે. ઈસ્લામી ફ઼િક઼્હ (દીની મસાઈલ)ની કિતાબ અને સદીઓ પૂરાણી કિતાબોમાં એની વિગત જોઈ શકાય છે.

હિંદની આઝાદી ઈ.સ. ૧૯૪૭ના પછીના ઈતિહાસનું એક આશ્ચર્યજનક પાસુ એ છે કે પ્રસંગોપાત સંઘ પરિવારે આ મસ્અલાને ઉછાર્યો અને જનસંઘથી લઈને ભાજપ સુદ્ધાંએ એનો ખૂબ જ રાજકીય લાભ ખાટયો. પરંતુ બીજુ બોધદાયક પાસુ

એ છે કે બાબરી મસ્જિદની સાથે જ્યારે પણ કોઈ બુરો બનાવ બન્યો તો કેન્દ્રમાં કોંગ્રેસ પાર્ટીની જ ગવર્નમેન્ટ હતી ! દા.ત. :–

**(૧)** ડિસેમ્બર ૧૯૪૯માં બાબરી મસ્જિદમાં મૂર્તિ રાખવામાં આવી ત્યારે. **(૨)** ૧ ફેબ્રુઆરી ૧૯૮૬માં સ્થાનિક કોર્ટના હુકમ પર બાબરી મસ્જિદનું તાળુ ખોલવામાં આવ્યું ત્યારે. **(૩)** ૯–નવેમ્બર ૧૯૮૯માં શીલાન્યાસ થયો ત્યારે. **(૪)** ૬–ડિસેમ્બર ૧૯૯૨માં બાબરી મસ્જિદ શહીદ કરી દેવામાં આવી ત્યારે અને **(૫)** ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૦માં અલ્હાબાદ હાઈકોર્ટની લખનવી બેંચનો આ ફેંસલો આવ્યો જેનો પાયામાં શ્રદ્ધાનો સાયો છે, અને મસ્જિદની જમીન ત્રણ ભાગોમાં વહેંચી દેવામાં આવી.

બાબરી મસ્જિદના સંબંધે જે ધીરજ તથા સંયમ અને સહનશક્તિ તથા અડગતાનું પ્રદર્શન ૩૦ સપ્ટેમ્બરમાં મુસલમાનો તરફથી આખા હિંદુસ્તાનમાં થયું એણે કોમવાદી તથા કટ્ટરવાદી તત્વોની ઉશ્કેરણીજનક કોશિશોને નિષ્ફળ બનાવી દીધી, આ જ ક્રમ મુસ્લિમો તરફથી ભવિષ્યમાં પણ ચાલુ રહેવો જોઈએ. ક઼ાનૂની કોશિશોનો અંજામ શું થશે એના બારામાં જો કે ઘણા બધા પ્રશ્નો ખડા થઈ ગયા છે અને જાત જાતની શંકા કુશંકાઓ પ્રદર્શિત કરવામાં આવી રહી છે પરંતુ ક઼ાનૂની કાર્યવાહી સિવાય મુસલમાનો સામે કોઈ માર્ગ પણ નથી, એટલા માટે એમણે જોઈએ કે આ તાજા ફેંસલા પછી સુપ્રિમ કોર્ટમાં અંતિમ કોશિશના રૂપે અપીલ દાખલ કરે અને સાક્ષી તથા દસ્તાવેજો તથા હક઼ીક઼તોને ક઼ાનૂની રૂપમાં રજૂ કરીને પોતાનો હક્ક઼ હાંસલ કરવાની દરેક શક્ય તે કોશિશ કરે.

અંતિમ વાત એ છે કે મસ્જિદથી હાથ પાછા ખેંચી લેવા અથવા વહેંચણી અથવા અદલા બદલી પર હિંદુસ્તાનના મુસ્લિમો ન કદી રાજી થયા ન ભાવિમાં થઈ શકે છે. શક્ય તે કોશિશો તેમણે પુષ્કળ કરી એનું અંતિમ પરિણામ એ છે કે સુપ્રિમ કોર્ટમાં ક઼ાનૂની તૌર પર પોતાનો હક્ક઼ હાંસલ કરે. **જે હદ સુધી હિંદના મુસલમાન શરીઅતની રૂએ બંધાયેલા છે અને ભવિષ્યમાં જે હદ સુધી બંધાયેલા રહી શકે છે એટલુ કામ અને કોશિશ કરે.** કાર્યનો અંજામ ખુદાની કુદરતના હાથમાં છે અને દરેક ફેંસલો તેના જ દસ્તે કુદરતમાં છે જે હિસાબના દિવસનો માલિક છે. **السعی منا و الاتمام من الله**

*–(જામે નૂર–દિલ્હી, નવેમ્બર–૨૦૧૦)*


**★ રૂા. ૧૦૦/– મોકલી મેમ્બર બનો ! ★**

કિતાબ : **ઝકાત** (પેજીસ : ૭૬) સંપાદક : **મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા** *(ક઼લમબાઝ જામનગરી)*

પ્રકાશક : **સુન્ની મિશન**, મુહમ્મદ અમીન ચોલા (નૂરી), ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર જામનગર, ૩૬૧ ૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

**નોંધ** : ઝકાતની હક઼ીક઼ત, ફઝાઈલ, મસાઈલ, કુર્આન હદીષની રૂએ સચોટ અંદાઝમાં રજૂ કરેલ છે, જે ઝકાત અદા કરનારાઓ માટે તેમજ સર્વ ઈલ્મના પ્યાસાઓ માટે ઉમદા તોહફો છે. આ તથા આવી કિતાબો મેળવવા રૂા. ૧૦૦/ મોકલી ''સુન્ની મિશન–જામનગર''ના મેમ્બર બનો. વધુ માટે ઉપરોક્ત સરનામે સંપર્ક કરો


**દરેક ગ્રાહક ૧૧–૧૧ ગ્રાહક કરીને મોકલે એવી પ્રિય વાંચકોને નમ્ર ગુઝારિશ**

આપનું પ્યારું **બરકાતે ખ્વાજા (માસિક)** તેના સફરની સાતમી મંઝિલ પસાર કરી રહ્યું છે. આ સાત વરસમાં **અહલે સુન્નત વ જમાઅત**ની હક્ક઼ાનિયતનો ડંકો વગાડવા તથા બાતિલ ફિર્ક઼ાઓના તંબૂઓમાં માતમનો કોહરામ મચાવવા સતત કાર્યરત છે તેમજ ઈસ્લામની હક્ક઼ાનિયત વિરુદ્ધ ઉઠતા વિરોધીઓના ગપગોળાઓનો જોરદાર જવાબ રજૂ કરતું રહે છે. તમે ખરેખર **ઈસ્લામ** તથા **સુન્નિયતના ચાહક હોઉં** તો તમારા મિત્રો–સગાં વગેરેમાંથી દરેક સભ્ય ૧૧–૧૧ ગ્રાહકો કરીને મોકલે એવી દરખાસ્ત છે. જઝાકલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# નવી પેઢીમાં ઈસ્લામથી દૂરીના સબબો.... અને તેનો ઈલાજ.............

લેખ હરીફાઈમાં પ્રથમ નંબરે આવનાર લેખ

રજૂકર્તા : **હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ-પારખેત** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આજની મુસ્લિમ નવી પેઢી (New Generation)ને દીની બાબતે સામાન્ય પ્રશ્નો કરવામાં આવે તો પણ જવાબ ''ખબર નહીં !'' એવો આપે છે. અતિ અફસોસની વાત છે કે ૨૨ જમાદિઉલ આખર એ ઈસ્લામના પ્રથમ ખલીફા હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہના વિસાલ મુબારકના દિવસે ''જશ્ને સિદ્દીકે અકબર'' રાખવામાં આવ્યો જેની દા'વત આપતાં એક યુવાનને અમસ્તુ જ પૂછ્યું કે, ''તમને ખબર છે હઝરત સિદ્દીકે અકબર કોણ હતા ?!'' જવાબમાં કહ્યું, ''ખબર નહીં !'' અન્ય સાથીઓને પૂછતાં આત્મવિશ્વાસપૂર્વક જવાબ આપવા કોઈ યુવાન તૈયાર ન થયો ! એ જ પ્રમાણે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ વિશે પૂછો તથા નમાઝની શર્તો તથા ફર્ઝો વિશે પૂછો તો જવાબમાં સન્નાટો ! આ કોઈ એક જગાની વાત નથી લગભગ ગામેગામ તથા શહેર શહેર આ સ્થિતિ યંગ જનરેશનની છે. ઈલ્લા માશાઅલ્લાહ ! યકીન ન આવતુ હોય તો નવી પેઢીના ટોળામાં જઈને સવાલો કરી જુઓ.

### ★ બાળકના ભાવિ માટે મા બાપની ટૂંકી સોચ ! ★

આજનો યુવાન કે યુવતી અત્યંત આધુનિક યંત્રો મોબાઈલ તથા કોમ્પ્યુટરના ઓપરેટિંગમાં માસ્ટર હશે, ક્રિકેટ, ફૂટબોલ વગેરે રમતના ક્ષેત્રમાં જાણકારી તથા ફિલ્મી ક્ષેત્રના હિરો હિરોઈનો વગેરેની રજ રજની માહિતી ધરાવતો હશે, એ જ પ્રમાણે દુનિયવી એજ્યુકેશનમાં ડિગ્રીઓ પર ડિગ્રીઓ મેળવવામાં પણ એક્કો હશે, પણ પાછળ પડે છે તો દીની એજ્યુકેશન, દીની જ્ઞાનથી, અને પરિણામે ક્રમે ક્રમે એ દીનથી દૂર થઈ રહ્યો છે, દીનના મહત્વથી દૂર થઈ રહ્યો છે. દુનિયાની ઝાકઝમાળથી અંજાયને સંપત્તિવાન બનવાની તથા ઔલાદને દુનિયામાં કામયાબ બનાવવાની લાયમાં દુનિયવી એજ્યુકેશનમાં આગળ નીકળી જાય તે માટે મા બાપો પોતાની ઔલાદોને ઈંગ્લિશ મિડિયમ સ્કૂલોમાં જરૂર મોકલે છે પણ તેની આખેરત ખરાબ ન થાય એ માટે તથા જીવનપર્યંત તે ઈમાન તથા ઈસ્લામ પર રહે એની ફિકર કરવામાં નથી આવતી ! બાળકના ભવિષ્યની ચિંતા મા બાપોની ફિકરોનું કેન્દ્ર જરૂર રહે છે પણ તે દુનિયવી જિંદગી પૂરતુ જ ! આખેરતની જિંદગી માટે દીની જ્ઞાન અપાવવા તથા તેની કાળજી રાખવાની ગંભીરતા કોઈનામાં જણાતી નથી. ઈલ્લામાશાઅલ્લાહ !

### ★ બાળકના ભણતરની જ ચિંતા છે ઈમાનની નહીં ! ★

કુફ્રનું નિશાન ઈસાઈઓનું ક્રોસ જેને ઈસાઈ મિશનરી થકી ચાલતી કેટલીક સ્કૂલોમાં જનાર બાળક તા'ઝીમની ચીજ સમજી ઝુકીને નમન કરે છે ! તેમજ ''આમીન'' (માસિક) અમદાવાદના જૂન-૨૦૧૦ના અંકમાં વાંચવા મળ્યું કે ''અમદાવાદની કેટલીય સ્કૂલોમાં આપણા બાળકો સરસ્વતી માતાને હાથ જોડીને પૂજા, ભજન કિર્તન કરે છે. કુર્આની આયતોને બદલે ગૈર ધર્મના શ્લોકો કંઠસ્થ કરે છે, હિંદુ સંસ્કારો શીખે છે, આપણી દીકરીઓ તેમના શિક્ષકોના ચરણ સ્પર્શ કરે છે, રામ, સીતા તથા કનૈયાની વેશભૂષા ધારણ કરી નાટક ભજવે છે. તમામ બાળકોને પ્રાર્થના બાદ સરકારી ભોજન પીરસવામાં આવે છે તેમાં મુસ્લિમોના ૧૦૦%

બાળકો હોવા છતાં "બિસ્મિલ્લાહ" શરીફને બદલે ફરજીયાતપણે શ્લોકો પઢયા પછી જ ખાવાનું શરૂ કરવામાં આવે છે." આ બાબતના સ્કૂલોના નામ સાથેના દષ્ટાંતો પણ એમાં દર્શાવ્યાં છે. આ રીતે બાળકોના કુમળા માનસ પર ગૈર ઈસ્લામી રંગ ચઢી રહ્યો છે છતાં કૌમ ઊંઘી રહી છે ! તો આ બાબતે મા બાપો તેમજ મુસ્લિમ આગેવાનોએ કાંઈક ચળવળ કરવી જોઈએ. જેથી આવનારી નવી પેઢીના ઈમાન તથા અકીદા સલામત રહે, નહીં તો "રામ તથા રહીમ, અલ્લાહ તથા ભગવાન એક જ છે" એવી કુફ્રી માન્યતા ધરાવનાર કલ્ચર જન્મ લેશે જેના જિમ્મેદાર આપણે જ ગણાઈશું. જેથી માબાપોએ બાળકોના કેવળ દુનિયવી એજ્યુકશનની જ ચિંતા નહીં, પણ સાથોસાથ તેના ઈમાનની રક્ષાની ચિંતા પણ કરવી જોઈએ.

### ★ મા બાપ મદ્રસાના સંચાલકોની તથા ઉસ્તાદોની જિમ્મેદારીઓ ★

પહેલાં કરતાં વર્તમાનકાળના મા બાપોની તેમજ દીની જ્ઞાન પીરસનારા મુદર્રિસો તથા મદ્રસાના જિમ્મેદારોની જવાબદારી એકદમ વધી ગઈ છે એના પ્રતિ ગંભીરતાથી લક્ષ આપવામાં આવે અને ઘરમાં ઈસ્લામી માહોલ પેદા કરવામાં આવે જેથી એ માહોલની બરકતથી બાળક બહારના કે સ્કૂલના ગૈર ઈસ્લામી માહોલની અસર હેઠળ આવીને ભટકી ન જાય. તેમજ મદ્રસાઓમાં કેવળ પોપટ જેમ કુર્આન પઢતાં જ ન શીખવાડવામાં આવે બલ્કે દીન ઈમાનની પાયાની વાતોનું જ્ઞાન મોઢે કરાવી દિમાગમાં બેસાડવામાં આવે. કઈ વાતોથી મુસલમાન ઈસ્લામથી બહાર થઈ જાય છે એના વિશે સમજ આપવામાં આવે તથા ઈસ્લામિક બેઝીક તથા અખ્લાકિયાત (સંસ્કારો)નું જ્ઞાન જરૂરથી શીખવાડવામાં આવે. અને જે લોકો પોતાની જિમ્મેદારી ચૂકશે ચાહે મા બાપ હોય કે મદ્રસાના સંચાલકો, ઉસ્તાદો..... વગેરે તો તેમની કયામતમાં પકડ થશે જ. તૌહીદ એટલે શું ? શિર્કની વ્યાખ્યા શું ? અલ્લાહ વિશે, રસૂલ વિશે, વલીઓ વિશે, ફરિશ્તાઓ વિશે, કબ્ર તથા કયામત, હિસાબ કિતાબ વિશે વગેરે દીની બાબતો વિશે શું માન્યતાઓ રાખવી એની પાયાની માહિતી દિમાગમાં બેસાડવી જોઈએ.

### ★ ઘરમાં, સ્કૂલમાં અન્ય ફંકશનોમાં ઈસ્લામથી વિમુખ માહોલ ★

વર્તમાનકાળમાં લગભગ દરેક ઘરમાં ટી.વી., રૂમે રૂમે સ્ક્રિન હોય છે અને તેના પર સતત ઈસ્લામના કાનૂન વિરુદ્ધ કાર્યક્રમો, સીરિયલો, મનોરંજન સાથેની રમતો, મ્યૂઝિકની ધાંધલ સાથે નાચગાન કરતી બેહયા ડાન્સરોનાં દશ્યો સતત પીરસાતાં રહે છે. હાથે ગળે યુવાનો સોના ચાંદી, તાંબા પિત્તળની ચેઈનો પહેરે છે, યુવતીઓ વાળ કપાવે, ભવાં કતરાવે, ટાંચી બાંય તથા ઊંડા ગળાવાળાં ફીટ કપડાં પહેરે, બ્યૂટી પાર્લરમાં જઈને મોડેલ જેવી ફેશનની પૂતલી બને છતાં મા બાપ કાંઈ ન કહે, ત્યારે અન્ય કોઈ તેને ઈસ્લામની વાત સમજાવે તો તે તેને ગળે નથી ઉતરતી, બલ્કે તેના પ્રતિ અણગમો પ્રદર્શિત કરે છે ! ઘર મુસલમાનનું છે પણ માનવ જીવનના બંધારણને સમજવા તથા મુસલમાને કઈ રીતે જીવવું તે જણાવતી કિતાબ કુર્આને પાકની તફસીર તથા નબી પાક ﷺનાં ફર્માનો દર્શાવતી હદીષોની કિતાબો કે અન્ય મસાઈલની કિતાબોને હાથ લગાડવાની પણ મોટા ભાગના લોકોને ફુરસદ નથી ન એહસાસ છે." ન તેની તા'લીમ શીખવા સમજવામાં રૂચી જોવા મળે છે, જયારે દુનિયાભરની માહિતી જાણવા સૌ ઉત્સુક રહે છે. દુનિયામાં ક્યાં શું થયું ? કોણે શું કહ્યું ? શું શું બનાવો બન્યા ? જગભરની માહિતી મેળવવાનો સમય છે, દુનિયાભરની ચિંતાઓ લઈને ફરે છે, ફિકર ચિંતા નથી કેવળ પોતાની નથી ! પોતાના અંજામની ચિંતા નથી. ઘરમાં ચર્ચા ચાલે છે તો દુનિયામાં બનતા બનાવોની, રમત ગમતમાં થતી હારજીતની, રાજકરણમાં થતા અવનવા ખેલોની. બસ ! ચર્ચા નથી થતી તો દીને ઈસ્લામની, શરીઅતના હુકમોની, ઈમાન તથા અકીદાની વાતોની નબી પાક ﷺની સુન્નતોની, નેક અમલો કરવા વિશેની. જેથી શું સારું છે શું ખરાબ છે, શું હરામ છે શું હલાલ છે એના

જ્ઞાનથી જ નવુ કલ્ચર કોરુ રહે છે. તો આવા માહોલમાં રહીને આજના યુવાનો, યુવતીઓ દીન પ્રતિ આકર્ષાશે કે દીનથી દૂર થશે ? આજે ઘેર ઘેર ઈન્ટરનેટની સગવડો છે, મોબાઈલ ફોન બચ્ચા બચ્ચા પાસે થઈ ગયો અને એનાથી એકબીજાના સંપર્ક કરવા માટે ખૂબ સરળતા થઈ જવાથી હાલના દીનથી બેઝાર ઘરના તથા બહારના, સ્કૂલો તથા કોલેજોના બેહયા માહોલથી, આઝાદ માહોલથી ગર્લ ફ્રેંડ, બોય ફ્રેંડ એકબીજાં બનાવી સતત મોબાઈલ તથા ઈન્ટરનેટથી સંપર્કમાં રહી ખૂબ આગળ વધતાં રહે છે છેવટે એ સંબંધો વ્યભિચારમાં પરિણમે છે જેના પરિણામે મા બાપની ઈજ્જત આબરૂના જનાઝા ઉઠી જાય છે.

વળી **આજકાલનાં શાદીનાં ફંક્શનો ! જાણે મુસલમાનો ઈસ્લામ વિરુદ્ધ સામૂહિક રીતે બગાવત કરી રહ્યા હોય તેવાં નાચગાનનાં, ડાન્સનાં, સ્ત્રી પુરૂષની ભેળસેળનાં, નગ્નતાભર્યા ડ્રેસો અને દુલ્હા દુલ્હનના બેહયાઈભર્યા સ્ટેજ શો એવા થઈ રહ્યા છે કે કુમળા માનસો ધરાવતાં યુવાનો ખરાબીમાં પડી જાય છે !** તો એનાથી આપણા સમાજે સદંતર પરહેઝ કરીને **ઈસ્લામી ઢબથી શાદીઓ કરવી જોઈએ,** નહીં તો ખરાબીઓનું ભયાનક પુર આ કૌમને તબાહ કરી નાખશે જે તમારી તથા તમારાં બાળકોની દુનિયા તથા આખેરતને બર્બાદ કરી નાખશે.

### ★ ઔલાદને ઈસ્લામની પાકીઝા રાહ પર રાખવા શું કરશો ? ★

અમે એવું નથી કહેતા કે આધુનિક યંત્રોનો ઉપયોગ તદ્દન ન કરવામાં આવે, પણ બાળકો, યુવાનોને પાયાથી જ ઈસ્લામી તા'લીમ આપવામાં આવે, દુનિયવી એજ્યુકેશનની સાથે સાથે દીની તા'લીમ, ઈસ્લામની પવિત્રતા તથા અખ્લાક઼ની તા'લીમ, ગુનાહોથી બચવાની તા'લીમ સંબંધે અલ્લાહનાં ફર્માનો, રસૂલે પાક ﷺનાં ફર્માનો, સહાબા તથા બુઝુર્ગોની જિંદગીના તક઼વા પરહેઝગારીનાં દૃષ્ટાંતો, ઈશ્કે નબી ﷺમાં તન, મન, ધન, કુર્બાન કરવા સંબંધે નવયુવાન સહાબીઓના બનાવો તથા ઈસ્લામની નેક ખાતૂનોનાં પારસાઈનાં દૃષ્ટાંતો, દીન માટે ઔલાદને કુર્બાન કરવાનાં દૃષ્ટાંતો, ખુદાના ડરની ફઝીલત તથા બુઝુર્ગાને દીનના ઈસ્લામ પ્રતિ મહોબ્બત પેદા કરતા વાક્યા સંભળાવવામાં આવે, દીની કિતાબોની એક લાયેબ્રરી બનાવી રોજ કાંઈ ન કાંઈ મસાઈલ, ફઝાઈલ તથા બુઝુર્ગોના જીવન ચરિત્રો વાંચી તેની ઘરમાં ચર્ચાઓ કરવામાં આવે, તથા સમય કાઢીને બાળકો સાથે મા બાપ ઈસ્લામની પવિત્રતા અને હાલના માહોલની ખરાબી વિશે ચર્ચા કરે અને પ્રેમપૂર્વક ખરાબ માર્ગોએ જવાથી તથા ખરાબ સંગતોથી, ખરાબ દૃશ્યો જોવાથી અને દુનિયાની બુરાઈથી દૂર રહેવા સતત વહાલથી સમજાવતા રહે, તો ઈન્શા અલ્લાહ ! યુવાનો યુવતીઓ સંભલી શકે છે. મા બાપની ઈજ્જત આબરૂ પણ સચવાઈ રહે છે. ઈસ્લામની તા'લીમ હશે, દિલ પવિત્ર રહેશે તો તેઓ આધુનિક યંત્રો ઈન્ટરનેટ, મોબાઈલનો ઉપયોગ પણ નેક કામો માટે જ કરશે.

ઘરમાં ગેર મેહરમો (બહારના પુરૂષો) છૂટથી રસોડા સુધી ફરી વળે અને આખા ઘરમાં ફરે એવો માહોલ ન રાખો બલ્કે પુરૂષોના બેઠક રૂમ સિવાયના અંદરના રૂમને દરવાજે પર્દો લગાડો અને સ્ત્રી પુરૂષો ગૈર મેહરમોની હાજરીમાં ભેગાં ન બેસે. અને પુરૂષોની ગેરહાજરીમાં કોઈ પરાયાને ઘરમાં એલાવ ન કરો, ન એવો રિવાજ પાડો, તેમજ ગૈર કૌમના યુવાનો યુવતીઓ ધાર્મિક તહેવારના નામે નવરાત્રિ વગેરેમાં રાત રાતભર ભટકે છે તેમ તમો તમારી ઔલાદને રાત્રે ઘરથી બહાર ભટકવા ન દો, તો ઘણી બધી ખરાબીઓથી સમાજ બચી શકે છે.

### ★ મુસ્લિમ નવયુવાન યુવતીઓને નમ્ર અપીલ ! ★

હે મારા પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! તમે જાણો છો કે ઈસ્લામ હક્ક઼ મઝહબ છે, કુર્આન હક્ક઼ તથા ભલાઈની તા'લીમ આપનારું અલ્લાહનું કલામ છે. આપણા નબી હક્ક઼ તથા અમ્નની તા'લીમ

આપવા દુનિયામાં તશરીફ લાવ્યા. ઈસ્લામની હક્કાનિયતથી તથા ઈસ્લામની માનવ ભલાઈની તથા પાકીઝગીની, અમ્નો શાંતિની, સર્વના હક્કોને સાચવવાની ઉમદા તા'લીમથી આર્કષાઈને અસંખ્ય લોકો ઈસ્લામ પ્રતિ આકર્ષાયને મુસલમાન થઈ રહ્યા છે, તે વાત દુશ્મનોને ડંખતી હોવાથી ઈસ્લામ વિરુદ્ધ, મુસ્લિમો વિરુદ્ધ, કુર્આન વિરુદ્ધ, નબી પાક ﷺની વિરુદ્ધ દુષ્પ્રચાર કરીને મુસ્લિમોની, ઈસ્લામની, કુર્આનની, નબી પાક ﷺની તૌહીન કરવાના રોજ અવનવાં ષડયંત્રો એ જ નાપાક કૌમ કરી રહી છે જેમના ખરાબ અખ્લાક, બિભત્સ ગંદી ફેશનો, બેહયાઈઓને અપનાવીને, તેમના જેવા પહેરવેશ, તેમના જેવી વાણી વર્તન અપનાવીને તેમને ખુશ કરીને તથા રબને નારાજ કરીને તમે કયા મોઢે પોતાને મુસલમાન કહો છો ?! જે સાચો મઝહબ તમને આખેરતમાં નજાત અપાવશે, જે સાચા નબી ﷺના ઈશ્કમાં ઈસ્લામના કાનૂન પ્રમાણે શરીઅતની પાબંદી સાથે રહ્યા તો આખેરતનો અઝાબ દૂર થઈ જશે, એ જ ઈસ્લામ તથા નબીપાક ﷺના દુશ્મનોના તરીકા, તેમની જેમ બેપર્દગી તથા ખરાબ ધંધા કરીને તમે કઈ રીતે સુકૂન પામી શકશો ? તેમના જેમ જીવશો અને આવારા જીવન જીવશો તો ન અહીં ચૈન પામશો ન આખેરતમાં, જેથી હે પ્યારા દીની નવયુવાન ભાઈઓ ! બહેનો ! આજથી ઈસ્લામના અધિક અભ્યાસમાં લાગી જાવ, અને નવયુવાનો પોતાની આંખો, કાનો, જીભને ગુનાહોથી બચાવે, બહેનો પણ જન્નતી ઔરતોની સરદાર હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاની જેમ બાપર્દા ઈજ્જતવાળી જિંદગી જીવવા કોશિશ કરે.

નવયુવાનોને વિનંતિ કે તમારી સ્કૂલ કોલેજના રજાના દિવસોમાં મોજમજા કરવા તથા રખડવા નીકળ વાને બદલે "સુન્ની દા'વતે ઈસ્લામી"ના કાફલાઓમાં જાવ અને ત્યાં દીનની વાતો, સુન્નતો વગેરે શીખી દિલી સુકૂન મેળવો તેમજ '''સુન્ની દા'વતે ઈસ્લામી"ના તર્બિયતી સેન્ટરોમાં એક દિવસ, ત્રણ દિવસ, અઠવાડિયુ, મહિનો કે ત્રણ મહિના કે વરસ, જેટલો પણ સમય કાઢી શકો તેટલુ ત્યાં રહો✪ અને દીન શીખો અને ઈલ્મે દીન સાથે તમારા સીનાને ઈશ્કે નબી ﷺનો મોજા મારતો સમુદ્ર બનાવો અને દીન તથા સુન્નિયતની ખિદમતમાં તમારી અમૂલ્ય યુવાનીને ખર્ચો, નહીં કે ગુનાહોની રાહમાં સમય વિતાવી દુનિયા તથા આખેરતની ભલાઈઓથી વંચિત થઈ જાવ અને અઝાબે ઈલાહીમાં સપડાવ. રબ્બે કરીમ સૌને નેક તૌફીક આપે. (આમીન)

✪ *હાલ ભરૂચમાં ૩–૧૧–૨૦૧૦થી તર્બિયતી સેન્ટર શરૂ થઈ રહ્યું છે તેમાં પણ હાજરી આપી શકો છો.*


**★ રૂા. ૭ની ટપાલ ટિકિટ મોકલી કિતાબ મંગાવો ★**

કિતાબ : નઅતો, મન્કબતો તથા સલામનો સંગ્રહ **"કાને અકીદત"** (પેજીસ : ૭૬)

અઝ : **શેખ અબ્દુલગની અબ્દુર્રહમાન "ગનીમત" જ્યુબેલીવાલા**

**પ્રાપ્તિસ્થાન** : (૧) ખાનકાહે અહલે સુન્નત, જામા મસ્જિદ બિલ્ડીંગ, માંડવી–વડોદરા (૨) હાજી ગુલામ મુહમ્મદ ઈબ્રાહીમ સાહબ, બાગે કાદરી, અઝીમ પાર્ક, પાવાગઢ રોડ, મુ. હાલોલ (પંચમહાલ) (૩) એ. એ. શેખ "ગનીમત" જ્યુબેલીવાલા, તળાવ દરવાજા, બાલાશિનોર, પિન. ૩૮૮ ૨૫૫

જનાબ "ગનીમત સાહબ જ્યુબેલીવાલાએ પોતાના અનોખા અંદાઝમાં સરકાર ﷺની નઅતો, ગૌષ પાક رحمۃ اللہ علیہ તથા ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ તથા હઝરત કુત્બે કારંટા સૈયદના કુતુબશાહ દાદા رحمۃ اللہ علیہ તથા હઝરત મખ્દૂમે સિમનાં رحمۃ اللہ علیہ, તથા હઝરત સૈયદના અમીરુદીન જીલાની કાદરી નવસારવી رحمۃ اللہ علیہ વગરે બુઝુર્ગોની શાનમાં શાનદાર ઈમાન અફરોઝ મન્કબતોનો સંગ્રહ પ્રકાશિત કર્યો છે. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# હઝરત કાઝી અબ્દુર્રહીમ બસ્તવી

رحمۃ اللہ علیہ

## (બાળપણથી વિસાલ સુધી)

ઈ.સ. ૧૯૬૧થી રઝવી દારુલ ઈફતા બરેલી શરીફના મુફતી ઈલ્મે ફિક્હના માહિર અને ઘણા ઓલમાએ એહલે સુન્નતના ઉસ્તાદ હઝરત અલ્લામા મુફતી કાઝી અબ્દુર્રહીમ બસ્તવી રઝવી નૂરી નકશબંદી એહલે સુન્નતના ઈલ્મી તથા મઝહબી વર્તુળમાં ઓળખાણના મોહતાજ નથી. આપ કાઝીએ મિલ્લત અને દારુલ ઈફતા બરેલી શરીફના જિમ્મેદાર મુફતી હતા અને આખી જિંદગી ઈસ્લામી ઈન્ટર કોલેજ બરેલી શરીફ નજીક આવેલી નવ મહાલા મસ્જિદના ઈમામ રહ્યા. અફસોસ કે તેમની તકદીરના મુતાબિક ૪ રમઝાનુલ મુબારક હિજરી ૧૪૩૧ એટલે કે ૧૫ ઓગસ્ટ ૨૦૧૦ને રવિવારના દિવસે બપોરે બે વાગી ૩૩ મિનિટ ૫૨ દુનિયાથી આખેરતની તરફ કૂચ કરી ગયા અને પોતાના માલિકે હકીકીને જઈ મળ્યા. (اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ)

મૃત્યુ પહેલાં કાઝી સાહબ ૨૬ શાબાને છેલ્લી વખત મર્કઝી દારુલ ઈફતામાં તશરીફ લાવ્યા. ૨૭ શાબાને આપની તબિયત બગડી જેના કારણે પહેલી રમઝાને આપને બરેલી શરીફની દીપમાલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને ઈલાજના દરમિયાન આપે ચાંદની શહાદત મળતાં રમઝાનુલ મુબારકનો હુકમ આપ્યો. ચોથી રમઝાનના દિવસે હોસ્પિટલમાં રહેવાની ના પાડી પોતાની મસ્જિદમાં આવી ગયા જ્યાં પોતાની આરામગાહમાં હમેશાં માટે આરામની જિંદગી નસીબ થઈ. પછી એમ્બ્યુલન્સ વડે આપના શરીર મુબારકને આપના વતન સિદ્ધાર્થનગર લઈ જવામાં આવ્યું જ્યાં શેહઝાદએ તાજુશ્શરીઅહ્ મૌલાના અસ્જદ રઝા કાદરીએ આપની નમાઝે જનાઝા પઢાવી. એલાન પ્રમાણે આપનો ઉર્સે ચેહલ્લુમ (ચાળીસમુ) ૧૫ શવ્વાલ હિ.સ. ૧૪૩૧ મુતાબિક ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૦ રોજ રાખવામાં આવ્યું. અહીંયા આ શખ્સિયત એટલે કે કાઝીએ મિલ્લત હઝરત અલ્લામા મુફતી અબ્દુર્રહીમ બસ્તવી رحمۃ اللہ علیہની ખિદમાત આપની સમક્ષ રજૂ કરું છું.

### ★ જન્મ અને ખાનદાન ★

કાઝી અબ્દુર્રહીમ બસ્તવી બિન કાઝી મુહમ્મદ ઝકીઉર્રહમાન ૧ જુલાઈ ૧૯૩૫માં ડોમરીયાગંજ, બસ્તી જિલ્લામાં સિદ્ધાર્થ નગરના એક મઝહબી પરીવારમાં પેદા થયા. આપના ખાનદાની વંશવેલાથી સ્પષ્ટ થાય છે કે આપનો સંબંધ ખલીફએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہની નસ્લથી છે. આપના પૂર્વજ મદીના મુનવ્વરાના રહેવાવાળા હતા પરંતુ બગદાદ શરીફ હિજરત કરી ગયા. ત્યાર બાદ લાહોર આવ્યા પછી દિલ્હી થઈ યુ.પી.ના બારાબંકી જિલ્લામાં અવધના સુપ્રસિદ્ધ વિસ્તારમાં રહેઠાણ કર્યું. સિદીકી નિસ્બતના કારણે આપના ખાનદાનના કોઈ આલિમે દીનને "કાઝીઉલ કઝાત"નો હોદ્દો મળ્યો હતો તે નિસ્બતથી ખાનદાનના બધા જ સભ્યોના નામ આગળ "કાઝી" ઉપનામ તરીકે જોવા મળે છે. ૧૯૫૦ સુધી બાર ગામડાઓની જમીનદારી આપના ખાનદાનના કબ્ઝામાં રહી. બારાબંકીમાં આપના પિત્રાઈભાઈ મૌલાના હકીમ કાઝી મુહમ્મદ નકી અલીશાહ ફઝલે રહમાની એક આલિમે દીન અને સાહિબે કરામત બુઝુર્ગ રહ્યા છે જેમનો ૧૯૪૮માં ઈન્તેકાલ થઈ ગયો.

આપ સિલસિલએ નક્શબંદિયાના બુઝુર્ગ હતા. આપનો ઉર્સ ખૂબ જ ઈન્તેઝામ સાથે ઉજવવામાં આવે છે. આપના પરદાદા જનાબ કાઝી મુહમ્મદ બખ્શ મર્હૂમ અરબી, ફારસી ભાષા જાણતા હતા અને કુર્આને હકીમ લખવાનુ કામ કરતા હતા. આપના દાદા હઝરત શાહ

રજૂકર્તા : **હાફિઝ અબ્દુર્રહમાન હાફિઝ દાઊદ પટેલ-પારેખત** (મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

અહમદુલ્લાહ સાહબ ઉર્દૂ, ફારસી અને અરબી ખૂબ સારુ જાણતા હતા. ૧૨મા ધોરણ સુધી ભણ્યા હતા અને સીનિયર એંજિનીયર હતા. નોકરીથી નીકળ્યા પછી યુનાની દવાખાનુ સ્થાપિત કર્યું જેમાં આખરી ઉંમર સુધી જોડાયેલ રહ્યા. અને આપને દીની વાતો સાંભળવા અને કિતાબોના અભ્યાસનો એવો શોખ હતો કે "તક્વિયતુલ ઈમાન" (દેવબંદી ધર્મની ગુમરાહ કરનાર કિતાબ)ને વાંચ્યા બાદ તે કિતાબની મુખપૃષ્ઠ પર આ નોંધ લખી દીધી કે, "આ કિતાબને કોઈ વ્યક્તિ ભૂલથી પણ ન વાંચે, નહીં તો તેના ઈમાનમાં ખરાબી પેદા થવાનો ડર છે." ક઼ાઝી સાહબના વાલિદે મોહતરમ મર્હૂમ ક઼ાઝી મુહમ્મદ ઝકીઉર્રહમાન પોતે અઢાર પારાના હાફિઝ હતા, ઈલ્મ દોસ્ત અને ઓલમાનવાઝ હતા. ૨ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૦૨માં તેમનો ઈન્તેકાલ થયો.

### ★ તા'લીમ અને તર્બિયત ★

આપના માતાપિતાએ આપની શરૂઆતની તા'લીમ તથા તર્બિયત પર ખાસ ધ્યાન આપ્યું. ૧૯૫૦માં આપે ઉર્દૂ મીડલ પાસ કર્યા બાદ ૧૭ ઓગસ્ટ ૧૯૫૦ના રોજ ગોંડાની મશ્હૂર દર્સગાહ દારુલ ઉલૂમ ફઝલે રહમાનિયા પચપળવામાં દર્સે નિઝામી માટે દાખલો લીધો. પાંચ વર્ષની તા'લીમ પૂર્ણ કર્યા બાદ ૧૯૫૬માં મેરઠ જિલ્લાની "દાનિશગાહે ઈસ્લામી અરબી" ઉંદરકોટમાં દાખલો લીધો જેમાં ઈમામુન્નહવ સદરુલ ઉલમા હઝરત અલ્લામા ગુલામ જીલાની મેરઠી رحمۃ اللہ علیہ તા'લીમ તથા તર્બિયતના ફરાઈઝ અંજામ આપી રહ્યા હતા. તેમની નિગરાની તથા દેખભાળ અને તર્બિયતમાં રહી ક઼ાઝીએ મિલ્લતે ૧૯૬૧ સુધીમાં દર્સે નિઝામીની તા'લીમ મુકમ્મલ કરી અને અરબી, ફારસી ઈલાહાબાદ બોર્ડની તા'લીમી સનદો મોલ્વી મુન્શી, આલિમ, ફાઝિલ અને કામિલ પણ અહીં જ રહી હાંસલ કરી. દર્સે નિઝામીની જમાઅતે ફઝીલત અને બોર્ડનું ફાઝિલ આપે એક જ વર્ષ ૧૯૬૧માં પૂર્ણ કર્યું.

આપના ઉસ્તાદોમાં મુફતીએ આ'ઝમે હિંદ અલ્લામા મુસ્તફા રઝા ક઼ાદરી નૂરી رحمۃ اللہ علیہ અને સદરુલ ઉલમા અલ્લામા ગુલામ જીલાની મેરઠી رحمۃ اللہ علیہ છે. જ્યારે કે અલ્લામા મૌલાના મુહમ્મદ રયહાન રઝાખાં રહમાની મિયાં બરેલ્વી, નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ મુફતી મુહમ્મદ શરીફુલહક્ક઼ અમજદી આ'ઝમી, અલ્લામા ક઼ારી રઝાઉલ મુસ્તફા, સૈયદ મુહમ્મદ અફઝલ હુસૈન નાગોરી, અલ્લામા અખ્તર રઝવી મેરઠી પાસે આપે દર્સે નિઝામીની ઘણી કિતાબો પઢી.

### ★ દર્સ તથા તદરીસ અને ફતાવા લેખન ★

ફારિગ થયા બાદ ૧૯૬૧માં મુદર્રિસની હૈસિયતથી દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામ બરેલી શરીફમાં આપની નિયુક્તિ થઈ. શરૂઆતમાં દર્સો તદરીસમાં લાગેલા રહ્યા પરંતુ આપની કિતાબી સલાહિયત અને ફિક્હી સમજને જોઈ રઝવી દારુલ ઈફતામાં ફતવા લખવાની જિમ્મેદારી પણ આપને સોંપવામાં આવી. કેમ કે આપ સારુ લખનારના પુત્ર અને સારુ લખનારા પૌત્ર અને પોતે પણ સારુ લખાણ કરતા હતા એટલા માટે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ આપ પર ખુસૂસી ધ્યાન આપ્યું. આ રીતે ક઼ાઝી સાહબ માટે ફતવા લખવાની તા'લીમ તથા ફતવાની ઈસ્લાહ (સુધારણા)નો પણ મોક઼ો મળી ગયો. આપના ઈલ્મી યક઼ીનને જોઈ મુફતી મુહમ્મદ શરીફુલહક્ક઼ અમજદી પછી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ રઝવી મર્કઝી દારુલ ઈફતાની સંપૂર્ણ જિમ્મેદારી ક઼ાઝીએ મિલ્લતના હવાલે કરી દીધી. ત્યારથી લઈ જિંદગીના આખરી શ્વાસ સુધી આપે તાજુશ્શરીઅહ મુફતી મુહમ્મદ અખ્તર રઝા ક઼ાદરી અઝહરી સાહબ ક઼િબ્લાના હાથ હેઠળ બરેલી શરીફના મર્કઝી દારુલ ઈફતાના મર્કઝી મુફતીની હૈસિયતથી ફતવા લખવા, ફતવાની ઈસ્લાહ કરવી, ફતવાની નકલને સહીહ કરવી તેમજ મુફ્તિયાને કિરામની તર્બિયતના ફરાઈઝ અંજામ દેતા રહ્યા.

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ પોતાના દૌરમાં આપને સદર મુફતી તરીકે રાખ્યા હતા. અને ફતવા લખવામાં ક઼ાઝીએ મિલ્લતની સુશીલતા અને

દલીલો સાથે રજૂ કરેલ મસાઈલ જોઈ એક વખત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ આપની હૈસિયતને પ્રમાણિત ગણાવતા ફર્માવ્યું કે, "હવે તમારે દરેક મસ્અલાને દેખાડવો જરૂરી નથી, ફક્ત જરૂરી મસાઈલ દેખાડી લીધો કરો."

મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ સુધારણા કરેલ તથા અન્ય ફતાવાઓ લગભગ ૧૫૦ રજીસ્ટરોમાં નોંધેલ છે જેની ગણતરી લાખથી વધુ છે અને માસિક "સુન્ની દુનિયા"માં પણ છપાય છે. સદરુલ ઉલમા અલ્લામા ગુલામ જીલાની મેરઠી رحمۃ اللہ علیہના હુકમ અને અલ્લામા મુહમ્મદ રૈહાન રઝાખાં રહમાનીની ખ્વાહિશ મુજબ ૧૯૭૧માં સદર મુફતીની હૈસિયતથી દારુલ ઉલૂમ મંઝરે ઈસ્લામમાં આપની નિયુક્તિ થઈ જે આ'લા હઝરત رحمۃ اللہ علیہનો યાદગાર ઈદારો છે. આપના દૌરમાં સદરના હોદ્દા પર તાજુશ્શરીઅહ અલ્લામા મુહમ્મદ અખ્તર રઝાખાં કાદરી અઝહરી, અલ્લામા તેહસીન રઝાખાં કાદરી અને મુફતી ગુલામ મુજતબા અશરફી બિરાજમાન રહ્યા. જ્યારે અલ્લામા મુફતી મુહમ્મદ અહમદજહાં શૈખુલહદીષ હતા અને આપની નીચેના મુફતીયાને કિરામમાં મુફતી મુહમ્મદ નાઝિમ અલી બારબંકવી અને મુફતી રિયાઝ અહમદ સેવાની ઉલ્લેખનીય છે. મઝહબી જિમ્મેદારીઓમાં તકરીર, લખાણ અને પઢાવવા પછી સૌથી મુશ્કેલ કામ ફતવા લખવાનું છે જેમાં જાગૃત (સતર્ક) દિમાગ, મામલાની સમજ, ઈલ્મી સમૃદ્ધતા સવાલોની સમજની સાથે સાવધાની અને સંપૂર્ણ દલીલો સાથે જવાબ લખવા માટે અટલ નિશ્ચયી હોવાની જરૂર હોય છે. અને આ ત્યારે જ શક્ય છે જ્યારે કોઈ અનુભવી તથા માહિર આલિમે દીનની તર્બિયત હાંસલ રહી હોય. જેથી ઈલ્મી લિયાકત (લાયકાત) અને ફનની સલાહિયતની સાથે સાથે ફૈંસલો તથા ફતવા લખવા માટે આલિમાના વકાર પેદા થાય. કાઝીએ મિલ્લત رحمۃ اللہ علیہ ડાયરેક્ટ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہથી તર્બિયત તથા ઈસ્લાહ પામેલ છે એટલા માટે એક મશ્હૂર શખ્સિયત અને મેદાને ઈફતાના માહિર તથા મુમતાઝ આલિમે દીન અને દોઢસો વર્ષીય ફિક્હ તથા ફતાવા લખાણના મર્કઝ બરેલી શરીફના અમીન મુફતીની તર્બિયત હેઠળ રહી આપ પણ માહિર તથા મશ્હૂર મુફતી તથા ફતવા લખનાર બન્યા. એટલા માટે મોટા મોટા મુફતિયાને કિરામ અને ઓલમાએ એહલે સુન્નત ફિક્હી મસાઈલ વિશે સવાલોના જવાબ આપથી હાંસલ કરતા હતા. ખાસ કરીને ફિક્હી તથા ઉસૂલી મસ્અલાઓમાં આપ બહુ જ સારી અને ફિક્હી તથા ઉસૂલી મસ્અલાઓમાં આપ બહુ જ સારી અને ફકીહાના રીતે ફૈંસલો લખી આપતા, જે આપના ઈલ્મે ફિક્હમાં પ્રબળ હોવાની મજબૂત દલીલ છે.

## ★ વિશેષ ખિદમતો ★

રદ્દુલ મુહ્તાર, ફિક્હે હનફીની મશ્હૂર તથા મુસ્તનદ કિતાબ છે જેના પર ઈમામ અહમદ રઝા કાદરી બરેલ્વીએ હાશિયો (સમજૂતી) લખ્યો, જેનું નામ "રદ્દુલ મુમ્તાર" છે. આ સમજૂતીને હુઝૂર કાઝીએ મિલ્લતે પોતાનો કિંમતી સમય વક્ફ કરી નકલ કરી અને તેને વેડફાઈ જવાથી બચાવી. આ કિતાબના પાંચ ભાગ છે, જેમાંથી બે ભાગ છપાઈને લોકો સમક્ષ આવી ચૂક્યા છે, જ્યારે કે ત્રણ ભાગ મુફતી કાઝીએ મિલ્લત પાસે સચવાયેલ હતા. શક્ય છે કે હવે તેને છપાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. આપે આલમગીરી (કિતાબુત્તલાક) મજમૂઆએ ફવાઈદ ફિક્હ તથા હદીષની કિતાબો હાશિયાએ ફતહુલબારી, હાશિયાએ સહીહુલ બુખારી, હાશિયાએ ઉમ્દતુલ કારી, હાશિયાએ મુલ્લા જલાલ, હાશિયાએ મવાહિબુલ લદુન્નિયહ્ અને એ સિવાય બીજી ઘણીય કિતાબોના હાશિયા તથા કિતાબો નકલ કરી તેને વેર વિખેર થવાથી બચાવી, "મસામીદએ મસાઈરહ" પણ તેમાં સામેલ છે. યકીનન ! કાઝી સાહબનું આપણા ઉપર ઈલ્મી તથા ફિક્હી એહસાન છે તો એહસાન ચૂકવવા માટેનો તરીકો એ છે કે તેમની ખિદમાતને એમના નામ સાથે મંઝરેઆમ પર લાવવામાં આવે અને સાથો સાથ મુજદ્દિદે આ'ઝમ ઈસ્લામના અઝીમ ઈલ્મી તથા તેહકીકી

કારનામાઓને દુનિયા સમક્ષ રજૂ કરીએ. આપે પોતાનુ ધ્યાન કેન્દ્રિત કરી કિતાબોની છપાઈ માટે ૧૯૭૨માં ઈસ્લામી માર્કેટ બરેલી શરીફમાં "ક઼ાદરી બુક ડેપો" સ્થાપિત કર્યુ જેના હેઠળ આ'લા હઝરતની ૭૦ થી વધુ કિતાબો છાપીને રઝવી ખિદમાતને લોકો સમક્ષ રજૂ કરી. આમાં દીનની ખિદમત પણ છે અને માલનો નફો પણ છે, એટલા માટે આજે ક઼ાદરી બુક ડીપો આપના સાહબઝાદા મૌલાના મુહમ્મદ રઝાઉર્રહમાન સંભાળી રહ્યા છે.

**★ ઝિયારતે હરમૈન શરીફૈન ★**

૧૯૮૬માં આપે હજ્જની નિય્યતથી હરમૈન શરીફૈનની મુબારક ઝિયારતનો સફર કર્યો. અલ્લામા તેહસીન રઝાખાં رحمۃ اللہ علیہ પણ સાથે હતા. તે જ વર્ષે સઊદી અરબની વહાબી હુકૂમતે તાજુશ્શરીઅહ્ મુફ્તી અખ્તર રઝાખાં અઝહરી સાહબ ક઼િબ્લાને હજ્જ કરવાથી રોકી જેલમાં મોકલી દીધા. જે વખતે હઝરત અઝહરીમિયાંને નજદી હુકૂમત થકી ગિરફતાર કરવામાં આવ્યા ત્યારે અલ્લામા તેહસીનરઝાખાં અને ક઼ાઝીએ મિલ્લત મદીના મુનવ્વરામાં હતા. આ રીતે આપ હજ્જ કરી હરમૈન શરીફૈનની ઝિયારતથી મુશર્રફ થયા.

**★ બયઅત તથા ખિલાફત ★**

૧૯ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૮૬ના રોજ ક઼ાઝીએ મિલ્લતે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના દસ્તે હક઼્ પર બયઅતનો શર્ફ હાંસલ કર્યો. ૨૨ રજબ હિજરી ૧૩૮૬ના રોજ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદે આપને ખિલાફત તથા ઈજાઝત અતા ફર્માવી અને બધી જ કિતાબો તથા વઝીફાઓની પણ ઈજાઝત આપી દીધી. આપને હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ પહેલાં પોતાના ખાનદાની સિલસિલાએ તરીક઼ત નક્શબંદિયા ફઝલે રહમાનિયાથી પણ બધી ઈજાઝત હાંસલ હતી. આપના ખલીફાઓમાં કેટલાક નીચે મુજબ છે : (૧) મુફ્તી મુહમ્મદ નાઝિમઅલી બારબંકવી (૨) મુફ્તી મુહમ્મદ મુઝફ્ફરહુસૈન ક઼ાદરી કટીહારવી (૩) મુફ્તી અબ્દુર્રહીમ તશ્તર ફારૂક઼ી છપરવી (૪) મુફ્તી મુહમ્મદ અહસન રઝવી મુઝફ્ફરપુરી (૫) મુફ્તી મુહમ્મદ યૂનુસ રઝા ઉવૈસી–ઝારખંડ (૫) મુફ્તી મુહમ્મદ અલ્તાફ હુસૈન રઝવી ચિશ્તી ખાનક઼ાહે સુબ્હાનિયા શૈખેનપુરા, યુ.પી.

**★ આપની શાદી તથા ઔલાદ ★**

૩ ઝીલ હજ્જ હિ.સ. ૧૩૮૨ના રોજ આપની શાદી થઈ. આપના પાંચ પુત્ર અને બે પુત્રીઓ છે અને તે બધા જ જીવંત છે. આપના મોટા સાહબઝાદા મુહમ્મદ રિયાઝુર્રહમાન જિદ્દામાં નોકરી કરી રહ્યા છે. બીજા મુહમ્મદ રઝાઉર્રહમાન જે ક઼ાદરી બુક ડેપો સંભાળી રહ્યા છે. ત્રીજા ગુલામ મુર્તુઝા સાહબ જે જામિઅતુર્રઝવિય્યહ્ બરેલી શરીફમાં ઈંગ્લિશ ટીચર છે. ચોથા ગુલામ મુજતબા ઘરની જિમ્મેદારીઓ સંભાળી રહ્યા છે. પાંચમા મુહમ્મદ મહબૂબુર્રહમાન સાહબ દિલ્હીની કોઈ કંપનીમાં એકાઉન્ટન્ટ છે. દુઆ છે કે અલ્લાહ તઆલા જમાઅતે એહલે સુન્નતને ક઼ાઝી સાહબના ઈલ્મનો સદક઼ો અતા ફર્માવે, ક઼ાઝી સાહબને કરવટ કરવટ જન્નત અતા ફર્માવે અને તેમના ચાહકોને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન)

*(કન્ઝુલ ઈમાન ઉર્દૂ માસિક–દિલ્હી, સપ્ટે.–૨૦૧૦)*

## આજીવન સભ્ય તથા પેટ્રન થયા

★ **જનાબ યાસીનખાન અહમદ ખાન શેખ** (જુહાંપુરા, અમદાવાદ), રૂા. ૪૦૦૦/– ભરીને "બરકાતે ખ્વાજા" માસિકના આજીવન ગ્રાહક થયા છે. (જઝાકલ્લાહ !)

★ **જનાબ દાઊદ હાજી ઈસ્માઈલ કાભાઈ કુરચણ** (તા. આમોદ, જિ. ભરૂચ) રૂા. ૧૮૦૦/– ભરીને "બરકાતે ખ્વાજા" માસિકના પેટ્રન (૧૧ વરસ માટે) ગ્રાહક થયા છે. (જઝાકલ્લાહ !)

**નોંધ** : આપને અલ્લાહે દૌલત આપી છે તો આજીવન કે પેટ્રન ગ્રાહક બની આ દીની માસિકને સહકાર કરશો એવી અપીલ છે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ

# અડગતાનો મહાન પહાડ !

(ઉર્સ : ૧૪-મુહર્રમ)

અઝ : **શૈખુલ ઈસ્લામ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની**
(જાનશીને મુહદ્દિષે આ'ઝમે હિંદ–કછોછા શરીફ)

અનુવાદક તથા સંપાદક :
**પટેલ શબ્બીર અલી રઝવી**
(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

*તાજદારે અહલે સુન્નત* ***હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ*** *رحمۃ اللہ علیہની શાનમાં ઈ.સ. ૧૯૮૩માં કાનપૂરથી નીકળતા ઉર્દૂ માસિક "ઈસ્તિક઼ામત ડાઈજેસ્ટ"નો "મુફ્તીએ આ'ઝમે હિંદ નંબર" છપાયો જેમાં શયખુલ ઈસ્લામ* ***હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની કછોછવી સાહબ*** *دام ظلہ العالی નો લેખ છપાયો હતો જેને "બરકાતે ખ્વાજા" (માસિક)ના વાંચકોના સમક્ષ રજૂ કરીએ છીએ જેના અનોખા અંદાઝ તથા અનમોલ માહિતીથી વાંચકો ફયૂઝયાબ થઈને હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہના મર્તબા વિશે માહિતગાર થાય અને પોતાના ઈમાનમાં તાજગી પેદા કરે. અત્રે સમજવામાં વાંચકોની અધિક સહૂલત ખાતર લેખમાં વિષયવાર હેડિંગો અમોએ ઉમેર્યાં છે. –તંત્રી*

### ★ મગફિરત માટે નબી ﷺની પયરવી અનિવાર્ય ★

કુર્આને કરીમે ક઼યામત સુધીના માટે દુનિયવી તથા ઉખરવી (આખેરતની) અચ્છાઈ તથા ભલાઈના માટે ઈતાઅતે રસૂલ (રસૂલની આજ્ઞા પાલન)ﷺને જરૂરી તથા અનિવાર્ય ઠરાવી આપેલ છે. આ ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ઈત્તેબાઅ (અનુસરણ) વિના ખુશનસીબી તથા નજાત તથા કામયાબીની કલ્પના પણ નથી કરી શકાતી. એ જાહેર છે કે "ઈતાઅત" એ આજ્ઞાના પાલનને તથા "ઈત્તેબાઅ" એ કાર્યોના અનુસરણનું નામ છે. બીજા શબ્દોમાં "ઈતાઅત"નો સંબંધ અક઼વાલ (કથનો) સાથે હોય છે અને "ઈત્તેબાઅ"નો સંબંધ અફઆલ (કાર્યો) સાથે હોય છે. દા.ત. મેં કોઈ હુકમ આપ્યો અને આપે તેનું પાલન કર્યું એ "ઈતાઅત" છે. અને મેં કોઈ અમલ (કાર્ય) કર્યો અને તમે તેની પયરવી (અનુસરણ) કર્યું એ "ઈત્તેબાઅ" છે.

### ★ નબી ﷺના અક઼વાલ તથા અફઆલની રક્ષા રબે તેના કરમના જિમ્મે રાખી ★

અને જ્યારે ક઼યામત સુધી ખુદાઈ ક઼ાનૂનમાં નજાત તથા મગફિરતના માટે રસૂલે કરીમ ﷺની ઈતાઅત તથા ઈત્તેબાઅ (આજ્ઞાપાલન તથા અનુસરણ) લાઝિમ છે, તો જરૂરી થયું કે ક઼યામત સુધી રસૂલે કરીમ ﷺના અક઼વાલ તથા અફઆલ (કથનો તથા કાર્યો)ની હિફાઝત કરવામાં આવે. બહ઼મ્દિહી તઆલા રબ્બે કરીમે રસૂલે કરીમ ﷺના અક઼વાલ તથા અફઆલની હિફાઝતને પોતાના કરમના જિમ્મે રાખેલ છે, જેથી હવે ક઼યામત સુધી ન તો રસૂલે કરીમ ﷺના અક઼વાલને મિટાવી શકાય છે અને ન આપના અફઆલને ફના કરી શકાય

છે. અક્‌વાલ (કથનો)ની હિફાઝતના માટે પ્રારંભમાં અસંખ્ય મજબૂત યાદ શક્તિવાળાં દિમાગોને પસંદ કરવામાં આવ્યાં અને પછી દિમાગોની સાથોસાથ અગણિત પ્રમાણિક તથા તક્‌વાવાળાઓની લખેલી કિતાબોનાં પુષ્ઠોને આ અમાનત સુપ્રત કરી દેવામાં આવી. બલ્કે કુદરતે કામિલાએ ચાહ્યું તો ગૈરોના દિમાગો તથા તેમની કિતાબોનાં વરકોને પણ રસૂલના અક્‌વાલની હિફાઝતનો ઝરીયો બનાવી આપ્યો છે.

રહી ગયા અફઆલ (કાર્યો), તો દિમાગો ન એનું સ્થાન બની શકે છે અને ન તેને કિતાબોના પૃષ્ઠોમાં પાબંદ કરી શકાય છે. રસૂલે કરીમ ﷺના અફઆલ (કાર્યો)ની તરફ રહનુમાઈ તથા માર્ગદર્શન કરવાના માટે કિતાબોના પૃષ્ઠોમાં જે મળે છે તે કેવળ રાવીઓનાં કથનો છે ન કે રસૂલે કરીમ ﷺના કાર્યો. કાર્યોનું સ્થાન પૃષ્ઠો નથી બલ્કે ''કિરદાર'' છે. રબ્બે કરીમે નબી કરીમ ﷺના અમલો તથા કાર્યો (અફઆલ)ની હિફાઝત દરેક યુગમાં અસંખ્ય પવિત્ર હસ્તીઓના કિરદારોમાં ફર્માવી છે. ખૂદ નબી કરીમ ﷺનું સહાબાએ કિરામને હિદાયતના તારા દર્શાવવું અને તેમના અનુસરણ માટે પ્રોત્સાહિત કરવું, પોતાની અહલે બયતને થામી રહેવાને જરૂરી ઠરાવવું અને પોતાની ઉમ્મતના ઉલમાને હિદાયતના સિતારા અને પોતાના વારસ ઠરાવી આપવું એ સ્પષ્ટ કરી રહ્યું છે કે કેવળ કિતાબના પૃષ્ઠો હિદાયતના માટે પૂરતાં નથી, ત્યાં કેવળ કથનો (અક્‌વાલ) મળશે પણ કથનોનું અમલી ચિત્ર નહીં મળે. પરંતુ તે પવિત્ર હસ્તીઓ જેમની મેહફિલમાં બેસવાથી રસૂલે કરીમ ﷺની મેહફિલમાં બેસવાનો અજર (સવાબ) મળશે, જેમની સાથે મુસાફો કરવાથી નબી કરીમ ﷺની સાથે મુસાફો કરવાનો સવાબ હાંસલ થશે, જેમની પાછળ નમાઝ પઢવાવાળાની એ શાન હોય કે જાણે તેણે નબી કરીમ ﷺની ઈક્‌તેદામાં નમાઝ પઢી ! જેમનો ચહેરો જુએ તો નબી કરીમ ﷺનો ચહેરો યાદ આવી જાય, સારાંશ કે જેમનો દરેક ફેઅલ તથા અમલ નબી કરીમ ﷺના ફેઅલ તથા અમલની સાચી તસ્વીર હોય. આ તેઓ છે જે **હિદાયતનો કામિલ તથા મુકમ્મલ ઝરીયો** છે, તેમની જીભેથી રસૂલે કરીમ ﷺના અક્‌વાલ (કથનો) સાંભળો અને તેમના કિરદારમાં રસૂલે કરીમ ﷺના અફઆલ (કાર્યો) જુઓ.

દરેક યુગમાં આ નૂરાની તસ્વીરોનો વજૂદ જરૂરી છે જેથી સ્પષ્ટ થતુ રહે કે દરેક દૌરમાં ચાહે કેટલોય ફિત્ના સભર કેમ ન હોય ઈસ્લામ પર તેની સર્વ નિશ્ચિત તથા ખાસ કરેલ હદોની સાથે અમલ કરી શકાય છે. હવે જો અમુક લોકો અમલ ન કરે તો એ ખૂદ તેમની ગફલત તથા સરકશી છે, એનું કારણ હરગિઝ એ નથી કે ઈસ્લામ હવે અમલને પાત્ર નથી રહ્યો.

## ★ હુઝૂર મુફ્તીએ આ'ઝમ નબી ﷺના અક્‌વાલ તથા અફઆલના સંગમ હતા ★

આ નૂરાની ક્રમની એક નૂરાની તસ્વીર છે તે મહાન મર્તબાવાળી હસ્તી જે સમયના દાનિશ્વરો (ડાહ્યા, શાણા પુરૂષો) અને સમયના ફકીહોની મેહફિલોમાં પણ ''હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ''ના નામથી ઓળખાય છે જેની જીભ રસૂલે પાક ﷺના અક્‌વાલ (કથનો)નાં મોતીઓ લૂટાવતી રહે છે અને જેનો કિરદાર રસૂલે પાક ﷺના કિરદારની તજલ્લીઓ દેખાડતો રહે છે.

બુખારી તથા મુસ્લિમને સાંભળનાર જે યક્‌ીન તથા વિશ્વાસની સાથે કહી શકે છે કે અમે રસૂલે કરીમ ﷺના કથનો સાંભળ્યાં, એ જ યક્‌ીન તથા વિશ્વાસની સાથે **હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદને જોનારાઓને એ કહેવાનો હક્‌ છે કે અમે રસૂલે કરીમ ﷺની ચાલતી ફરતી સાચી તસ્વીર જોઈ.**

ફર્ઝો તથા વાજિબો તથા મોઅક્કદાને રહેવા દો, જે હસ્તી મુબાહ ચીજો તથા પ્રાકૃતિક ખ્વાહિશોમાં પણ રસૂલે કરીમ ﷺની ઈતાઅત તથા ઈત્તેબાઅથી બાલ બરાબર પણ ન હટે, તે રસૂલે કરીમ ﷺની સાચી તસ્વીર તથા રસૂલના અફઆલ (કાર્યો, અમલો)ની હિફાઝતની પયકરે નૂર નથી તો બીજુ શું છે ?!

## ★ નબી ﷺના પયગામની રક્ષા રબના કરમના જિમ્મે ★

**والله يعصمك من الناس** ''હે મહબૂબ ! અલ્લાહ તમને લોકોથી બચાવશે.'' આયતે કરીમાના શબ્દોનું ઉમૂમ (સામાન્યપણુ) ચાહે છે કે દરેક પ્રકારની હિફાઝત

એના વર્તુળમાં સમાય જાય. આ ટૂંકાણની તફસીલ એ છે કે દરેક નબીની બે જિંદગીઓ છે, એક જાહેરી જિસ્માની (શારીરિક) જિંદગી તથા બીજા તેની પયગંબરાના જિંદગી. દરેક નબી પોતાની જિસ્માની જિંદગીના લેહાઝથી આજે પણ જીવંત છે પણ આજે કોઈ નબીનો પયગામ પોતાના અસલી સ્વરૂપમાં બાકી નથી રહ્યો. હવે જો કોઈ નબીના કોઈ પયગામનો કોઈ હિસ્સો બાકી પણ છે તો તે પણ આપણા નબીના પયગામનો ભાગ બનીને બાકી છે. પણ એ આપણા નબીની વિશિષ્ટતા છે કે રબ્બે કરીમે જો એક તરફ આપને દુશ્મનોના જીવલેણ હુમ્લાઓથી મેહફૂઝ રાખ્યા અને એ વાતથી નિશ્ચિંત (બેનિયાઝ) કરી આપ્યા કે આપ પોતાની સાથે કોઈ રક્ષણ માટેનું દળ (સિક્યુરિટી ગાર્ડઝ) લઈને ચાલે, અને વળી આલમે બરઝખમાં પણ આપની જાહેરી જિંદગીની હક઼ીક઼તને પણ બાક઼ી રાખી, તો બીજી બાજુ ક઼યામત સુધીના માટેના પયગામની હિફાઝતને પણ કરમના જિમ્મે લઈ લીધી.

### ★ નબી صلی اللہ علیہ وسلمના પયગામની રક્ષા કઈ રીતે થતી રહી ? ★

સારાંશ કે ન લોકો રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمની ઝાતને નુકસાન પહોંચાડી શકે છે ન તો પયગામને, અને ન તો ક઼યામત સુધી પહોંચાડી શકશે. ખુદા عزوجل બંનેની હિફાઝત કરનારો છે. હા ! દરેક યુગના હિસાબે હિફાઝતના ઝરીયાઓ વિવિધ રહ્યા છે. જ્યારે ઝકાતના મુન્કિરો (નકારનારાઓ)એ દીનમાં ઈર્તેદાદનો (દીનથી ફરી જવાનો) માર્ગ કાઢવા ચાહ્યું તો ખુદાએ સિદ્દીકે અકબર رضی اللہ عنہ થકી રસૂલના પયગામની હિફાઝત ફર્માવી. કૈસર તથા કિસરાની ઘમંડી શક્તિઓએ ઈસ્લામને ચેલેંજ કરી તો ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થકી ખુદાએ એની હિફાઝત ફર્માવી. એ જ પ્રમાણે જ્યારે ખારજીઓએ કુર્આની આયતોને બદલવાની શર્મનાક કોશિશ કરી તો ખુદાએ પયગામે મુસ્તફવીની હિફાઝત મૌલાએ કાયનાત હઝરત અલી کرم اللہ وجہہ الکریم થકી કરી. એ જ પ્રમાણે જ્યારે યઝીદે સરકશી (નાફર્માની)નું માથુ ઊંચક્યું તો ખુદાએ પોતાનો દીન હુસૈન ઈબ્ને અલીના ઝરીયે બચાવ્યો. એ જ પ્રમાણે જ્યારે મોઅતઝલીઓના ફિત્નાઓનું પાણી માથાથી ઊંચે થવા આવ્યું તો ખુદાએ પોતાના નબીના પયગામની સાચી શક્લો સૂરત (સ્વરૂપ)ને ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہના થકી બચાવ્યું. એ જ પ્રમાણે જ્યારે અકબર બાદશાહે દીને ઈલાહીના નામ પર હક઼ીક઼ી દીને ઈલાહીની છબી બગાડવાની કોશિશ કરી તો ખુદાએ પોતાનો દીન મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના થકી બચાવ્યો. એ જ પ્રમાણે જ્યારે વહાબિયત તથા ક઼ાદયાનિયતે પોતાના ફિત્નાઓનું પ્રદર્શન શરૂ કર્યું તો ખુદાએ પોતાનો દીન બચાવ્યો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ઝરીયા.

### ★ મુફતીએ આ'ઝમે એ દીનની રક્ષા માટેની ખુદાઈ પસંદગીનું નામ ★

આ થોડીક વાતો દષ્ટાંતરૂપે રજૂ કરવામાં આવી. રબ્બે કરીમે દરેક યુગમાં દીનની હિફાઝતના અસંખ્ય ઝરીયાઓ બનાવ્યા અને ક઼યામત સુધી બનાવતો રહેશે. હમણા થોડાક દિવસોની વાત છે, ઈમરજન્સીના દૌરમાં (ઈંદિરા ગાંધી વડાપ્રધાન હતાં ત્યારે) જાલિમ તથા જાબિર હાકિમોએ જુલ્મ તથા જબરદસ્તીની હદ કરી નાખી અને કુટુંબનિયોજનની યોજનાને મનાવવા (નસબંદી માટે) માટે તે સિતમ કર્યો કે અલ્લાહ ખૈર કરે ! એ જોર જુલ્મનું પરિણામ એ આવ્યું કે આલિમોની જીભો ગુંગી થઈ ગઈ ! તકસાધુઓ ગવર્નમેન્ટની તરફદારીમાં તથા સમર્થનમાં લાગી ગયા ! ભાડુતી મુફતીઓ (બાતિલ ફિર્ક઼ાવાળા) ઈફતાના સ્થાનને અભડાવવા લાગ્યા. આ ભયાનક યુગમાં ખુદાએ પોતાનો દીન બચાવ્યો મુફતીએ આ'ઝમે હિંદના થકી, જેમણે નફા તથા નુકસાનથી બેપરવા થઈને સમયની ગવર્નમેન્ટ વિરુદ્ધ (નસબંદી હરામ છે !) ફત્વો આપ્યો અને સાઈકલો સ્ટાઈલ કોપીઓ કરાવીને દેશના ખૂણે ખૂણે તેને રવાના કર્યો. કેમ કે અન્ય પ્રચાર માધ્યમો ગવર્નમેન્ટના લોખંડી પંજાના દબાણ હેઠળ હતાં એટલા માટે એને પ્રચારનો ઝરીયો ન બનાવી શકાયો.

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના હિંમતભર્યા ક઼દમે દીને મુસ્તફાને બચાવી લીધો જેનાથી દુનિયા પર

જાહેર થઈ ગયું કે "મુસ્તફા રઝાખાં" એ દીને મુહમ્મદીની હિફાઝતના માટે ખુદાઈ ઈન્તેખાબ (પસંદગી)નું નામ છે.

## ★ મુફ્તીએ આ'ઝમે હિંદ ખુદાઈ અમાનત ★

અરસા પહેલાં કિતાબમાં જોયું હતું કે ક્યાંક વરસાદ ન પડવાના કારણે ખૂબ જ ભારે દુકાળ પડયો. લોકો નમાઝે ઈસ્તિસ્કાઅ પઢતા રહ્યા અને પોતાની મેહરૂમીઓ પર આંસૂં વહાવતા રહ્યા. એક દિવસે સૌ નમાઝે ઈસ્તિસ્કાઅના માટે એકત્ર થયા હતા એવામાં એક દરવેશને આવતાં જોયો. લોકોએ તેમને દુઆ માટે વિનંતિ કરી. તેણે બંનેવ હાથ ઉઠાવ્યા અને અર્ઝ કરી કે, **"હે અલ્લાહ ! તને એ અમાનતનો વાસ્તો આપું છું જે મારી નિગાહોમાં છે, તું વરસાદ વરસાવી આપ !"** આટલું કહેતાં જ વાદળો છવાઈ ગયાં અને ઝુમી ઝુમીને વરસ્યાં, દુકાળ દૂર થઈ ગયો, ચો તરફ ખુશી તથા આનંદ છવાઈ ગયો. હાજરજનોમાંથી એક જણ એ દરવેશની પાછળ થઈ ગયો ત્યાં સુધી કે તેની ઝુપડી સુધી પહોંચી ગયો અને તેને સવાલ કર્યો કે છેવટે એ કઈ અમાનત છે જે તમારી આંખોમાં છે અને જેના વાસ્તાથી આપે દુઆ કરી તો રબ્બે કરીમે કબૂલ ફર્માવી ?! દરવેશે કહ્યું કે, **"મેં આ આંખો વડે બાયઝીદ બોસ્તામીને જોયા છે, તેમની સૂરત ખુદાની અમાનત છે જેને મેં નિગાહોમાં મેહફૂઝ કરી રાખેલ છે."**

આ હિકાયતને સાંભળીને **મને પણ મારી બુલંદ ક઼િસ્મત પર નાઝ કરવા દો !** કે મારી દષ્ટિના વર્તુળ માં પણ નૂરાની સૂરતો છે, એ તસ્વીરોમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની તસ્વીરની ચમક પોતે જ પોતાનું દષ્ટાંત છે ! હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને મેં ખૂબ જ નજીકથી જોયા છે. કેટકેટલાય દિવસો સુધી સાથે રહેવા ખાવા પીવાનો શરફ પણ હાંસલ રહ્યો. ગરીબોની ઝુપડીઓમાં જોયા, રઈસોના મહેલોમાં જોયા, મારહરા શરીફની ખાનકાહમાં જોયા, બરેલી શરીફમાં તેમનો મહેમાન રહ્યો, કછૌછા શરીફમાં મિજબાનીનો શરફ પણ હાંસલ કર્યો. સારાંશ કે વારંવાર ઝિયારતની સદનસીબી હાંસલ થતી રહી અને દિમાગમાં આપની નૂરાની સૂરતનો રંગ ગાઢ થતો રહ્યો.

**હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને જોનારાઓ ! ખુદાઈ અમાનતના અમીન હોવા પર મારાથી દિલી મુબારકબાદ લો !** પણ ખબરદાર ! હોશિયાર ! આ તસ્વીરની અઝમતને દાગ ન લાગવા પામે ! તમે સારી રીતે જાણો છો કે **હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہતે ઘરમાં પ્રવેશ કરતા ન હતા જેમાં કોઈ જાનદારની તસવીર (ફોટો) હોય.** જેથી તમારા પર લાઝિમ છે કે પોતાના દિલો દિમાગને ગૈર શરઈ ખયાલોથી પાક તથા સાફ રાખો જેથી આ તસ્વીર હમેશાં જામેલી રહે. આ ખુદાઈ અમાનત શરીઅત વિરુદ્ધના ખયાલો સાથે ક્યાં સુધી રહી શકે છે ?! ક્રમે ક્રમે તમને એનાથી મેહરૂમ કરી દેવામાં આવશે અને પછી અફસોસપૂર્વક હાથો ઘસતા રહેવા સિવાય તમારી પાસે કોઈ માર્ગ ન રહેશે. વિચાર તો કરો, જો ઓરડામાં કા'બા તથા ગુંબદે ખિદ્‌રાની તસ્વીરો લગાડેલી હોય તો શું એ યોગ્ય છે કે એમાં મૂર્તિઓ તથા મૂર્તિઘરોની તસ્વીરો લટકાવવામાં આવે ?!

## ★ હુઝૂર મુફતીએ આ'ઝમ કોણ છે ?! ★

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ٥ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ

આ આયતે કરીમામાં સિરાતે મુસ્તક઼ીમ (સીધા માર્ગે) ચાલવાની દુઆ તા'લીમ ફર્માવવામાં આવી છે, તેમજ એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સિરાતે મુસ્તક઼ીમ એ જ રસ્તો છે જેના પર ઈનામવાળા ચાલે છે. અહીં ઈનામથી તે ખાસ ઈનામ મુરાદ છે જેનાથી અંબિયાએ કિરામ, સિદ્દીકો, શહીદો તથા સાલેહ લોકોને નવાઝવામાં આવ્યા. મને ન પૂછો કે મુફતીએ આ'ઝમે હિંદ પર રબ્બે કરીમની ખાસ નવાઝિશોનો આલમ શો હતો ?! **જેનો બાપ ઈમામ અહમદ રઝા હોય, તે ઈમામ અહમદ રઝા જેને આરિફો ગ઼ૌષે આ'ઝમની રોશન કરામત, રસૂલે આ'ઝમનો મહાન મો'જિઝો અને ક઼ાદિરે મુત્લક઼ રબની કામિલ કુદરતની બેહતરીન નિશાની ઠરાવતા હોય,** જેનો ભાઈ (હામિદ રઝા) હુસ્ને સૂરત તથા જમાલે સીરત તથા ઈલ્મો ફઝલના કમાલને તે પયકરે નૂર હોય કે દુનિયા તેને "હુજ્જતુલ ઈસ્લામ" કહીને પણ શર્મિંદા રહી કે

હક્ક તો એ છે કે હક્ક અદા ન થયો ! જેનો ભત્રીજો (ઈબ્રાહીમ રઝા) આજ સુધી "મુફસ્સિરે આ'ઝમે હિંદ"ના નામથી ઓળખાતો હોય.

જેનો પીર શયખુશ્શોયૂખ, નૂરુલ અન્વાર, સૈયદુસ્સાદાત, આયતે રબ્બાની, સિર્રે ઈલાહી, આસ્માને તરીકતના નય્યરે આ'ઝમ અને શાહે બરકાતના અન્વારો બરકાતનો અમીન હોય. આ પયકરે નૂર ખૂદ પણ નૂરી કહેવાયો અને હુઝૂર મુફતીએ આ'ઝમને પણ નૂરી બનાવી ગયો.

એક તરફ રાખી દો એ સર્વ નિસ્બતોની અઝમતોને, અને ખૂદ આ અઝીમ મમદૂહના કમાલ તથા જમાલ પર વિચારણા કરો, ઈલ્મ તથા દાનિશની તે કઈ મેહફિલ છે જેનો તે તાજદાર ન હતો ? તક્વા તથા તહારત, મુજાહિદા તથા રિયાઝત, અડગતા તથા ઈસ્તિકામત સમજદારી તથા ફરાસતનો કયો મુખ્ય માર્ગ છે જ્યાં એના કદમોનાં નિશાન ન પડેલાં હોય ?!

આપણા મમદૂહ (મુફતીએ આ'ઝમ) ખલ્કન, ખુલ્કન, મન્તકન (જાહેરી રૂપમાં, તૌર તરીકામાં, બોલ ચાલમાં) પોતાના પિતાની સાચી તસ્વીર હતા. اَلْوَلَدُ سِرٌّ لِاَبِيْه ની આવી બેદાગ તફસીર આસાનીથી નથી મળતી. **આજે સામાન્ય નિયમ વિરુદ્ધ બનતા (ચમત્કારિક) બનાવોને આધાર બનાવીને લોકોના મકામ તથા મર્તબાને નક્કી કરવાની વબા આમ થઈ ચૂકી છે, જ્યારે કે એવું હોવું જોઈતુ હતું કે તે લોકોના મકામોના ઈર્ફાન વડે તેમના થકી જાહેર થનારા સામાન્ય નિયમ વિરુદ્ધ બનતા (ચમત્કારો)ના મકામને નિશ્ચિત કરવામાં આવતો, કેમ કે ખિર્કે આદાત (સામાન્ય નિયમ વિરુદ્ધ થતા ચમત્કારો) તો કોઈના ઈમાનની પણ દલીલ નથી ! તો પછી તેને કોઈના મુત્તકી હોવાની દલીલ કઈ રીતે ઠરાવી શકાય છે.** આપણા મમદૂહની **સૌથી મહાન કરામત** દરેક હાલતમાં **શરીઅત પર તેમનો ઈસ્તિકામત (અડગતા) છે.**

તે ઈસ્લામનો બત્લે જલીલ (બહાદુર સિપાહી) અને અડગતાનો એવો મહાન પહાડ હતો કે નાઝુકથી નાઝુક સમયમાં પણ તેના પગો ન ડગમગ્યા.

## ★ મુહદ્દિષે આ'ઝમે, મુફતીએ આ'ઝમના ફત્વા પર સમર્થન શાથી અને કઈ શાનથી કર્યું ? ★

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના એક ફત્વા પર★ સમર્થન કરતાં એકવાર મખ્દૂમે મિલ્લત હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદે કેવળ એક વાક્ય લખ્યું હતું અને તે આ છે : **هذا حكم العالم المطاع وما علينا الا الاتباع** (હાઝા હુકમુલ આલિમિ મુતાઅ વ મા અલયના ઈલ્લલ્ ઈત્તિબાઅ) "આ એક આલિમે મુતાઅનો⊛ હુકમ છે અને અમારા માટે એના અનુસરણ સિવાય કોઈ માર્ગ નથી." વાતની મહાનતા વાત કરનારની મહાનતાથી ઓળખવામાં આવે છે. જો એ કોઈ એવા તેવાની વાત હોત તો એને પાત્ર ન હતો કે એના પર કોઈ ચર્ચાનો પાયો રાખવામાં આવે, પણ આ તેની વાત છે જે કેવળ એ જ નહીં કે સૈયદુલ મુતકલ્લિમ, સનદુલ મોહક્કિકીન, સર આમદે ઉલમા વ સૂફિયા, સિરાજે ખાનવાદએ અશ્રફિયા હતો, બલ્કે ખૂદ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની અતિશય અકીદત તથા મહોબ્બત અને લાઝવાલ નિયાઝમંદીઓનો કિબ્લા તથા કા'બા હતો. **મારો ખયાલ છે કે આજ સુધી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની ઓળખ કરાવતાં જે કાંઈ લખવામાં આવ્યું છે અને ભવિષ્યમાં જે કાંઈ લખવામાં આવશે તે સૌને જો એક પલ્લામાં અને હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદની કલમથી નીકળેલા આ વાક્યને બીજા પલ્લા પર રાખવામાં આવે તો તેનું વજન વધુ થશે.** આપણે એ મહાન વ્યક્તિના ફઝ્લો કમાલની શું ઓળખ કરાવી શકીશું જેને હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ જેવી શખ્સિયતની ઝબાન પણ "આલિમે મુતાઅ વાજિબુલ ઈત્તેબાઅ" ઠરાવે.

## ★ ખરેખર રસૂલે પાક ﷺનું જ અનુસરણ હોવાથી જ મુહદ્દિષે આ'ઝમે ફત્વાને સમર્થન કર્યું હતું ★

એ દલીલ છે કે **હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ** رحمۃ اللہ علیہ**ની ઈત્તેબાઅ (અનુસરણ) "બરાબર"**

★ *લાઉડ સ્પીકર પર નમાઝ વિશેના....* ⊛ *મુતાઅ એટલે સરદાર જેના હુકમનું પાલન કરવામાં આવે.*

**રસૂલે પાક ﷺની ઈત્તેબાઅ (અનુરસણ) હતી, નહીં તો એને મુહદ્દિષે આ'ઝમે હિંદ જેવો ફક઼ીહ તથા મુહદ્દિષ વાજિબ ન ઠરાવત.** ઈશ્ક઼ે રસૂલના સમંદરમાં ડૂબીને જિંદગી બસર કરનાર **હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદના માટે આલે રસૂલ ફરઝંદે બતૂલની આ "મહાન ગવાહી" શું ઓછું મહત્વ ધરાવે છે ?!** બરેલી શરીફના ક્ષિતિજથી ઉઠનારો આ રહમતનો તારો ઉઠયો અને ઉઠતો જ ચાલ્યો, વધ્યો અને વધતો જ ચાલ્યો, ફેલાયો અને ફેલતો જ ચાલ્યો, વરસ્યો અને વરસતો ચાલ્યો, દીન, દયાનત તથા ઈલ્મો દાનિશની ખેતીઓ હરીભરી હરીયાળીવાળી થઈ ગઈ. ઈમામ અહમદ રઝાનો અવાજ મુફતીએ આ'ઝમે હિંદના રૂપમાં હિંદ તથા હિંદ બહારનાં અસંખ્ય શહેરો અને અગણિત મહોલ્લાઓમાં પહોંચ્યો.

તે કૂવો ન હતા કે લોકો ત્યાં જઈને પ્યાસ બુઝાવતા બલ્કે તે વાદળ હતા કે દરેક જગાએ જાતે જ જઈને વરસી આવતા.

પોતાનાંઓ પર વરસ્યા, ગૈરો પર વરસ્યા, પહાડો પર વરસ્યા, મેદાનો પર વરસ્યા, જંગલો પર વરસ્યા, શહેરો પર વરસ્યા, મહેલો પર વરસ્યા, ઝુપડીઓ પર વરસ્યા, એ જ કારણે જ્યારે નજરોથી પર્દો કરી લીધો તો દુનિયા ચીસ પાડી ઉઠી ! એક કાળજીપૂર્વકના અંદાજ મુજબ **બે લાખ માણસોની ભીડ તેમના જનાઝામાં** ચોતરફથી એકત્ર થઈ ગઈ.

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની અંતિમ ખ્વાહિશ હતી કે મારી નમાઝે જનાઝા આલે રસૂલ ફરઝંદે ગ઼ૌષે આ'ઝમ પઢાવે, તો રબ્બે કરીમે પોતાના ફઝ્લો કરમથી તેને પૂર્ણ ફર્માવી દીધી, અને ફરઝંદે ગ઼ૌષુષ્ષક઼લૈન સજ્જાદાનશીન આસ્તાના આલિયા અશ્રફિયા સરકારે કલાં મૌલાના સૈયદ મુખ્તાર અશ્રફ અશરફી જીલાની قدس سرہને કછૌછા શરીફથી બરેલી શરીફ પહોંચાડી આપ્યા. જે ખુદાને રાજી રાખવામાં હુઝૂર મુફતીએ આહઝમે હિંદે પોતાનું આખું જીવન પસાર કરી આપ્યું તે ખુદા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની રઝાની પૂર્ણતાને પોતાના કરમના જિમ્મે કેમ ન રાખતો ?!

સારાંશ કે જે પાસાએથી કે જે ખૂણેથી જોવામાં આવે **એ સ્વીકાર્યા વિના છૂટકારો નથી કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ઝાતે ક઼ુદ્સી સિફાત (ફરિશ્તામય સિફતોવાળી ઝાત) પર રબ્બે કરીમની બેહદ નવાઝિશો હતી, તેનો ખાસ ફઝ્લ હમેશાં તેમના પર સાયો કરતો રહ્યો અને ખુદા તઆલાએ તેમને ખાસ ઈનામવાળાઓમાં રાખ્યા જેમનો માર્ગ જ સીધો રસ્તો (સીરાતે મુસ્તક઼ીમ) છે.**

સીધા રસ્તાની તલાશમાં કોશિશ કરતા રહેનારાઓ ! આવો ! સિરાતે મુસ્તક઼ીમને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની શકલો સૂરતમાં જોઈ લો.

કુર્આને કરીમના اَلَّذِیۡنَ اَنۡعَمۡتَ عَلَیۡهِمۡમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદને દાખલ કરીને રબ્બે કરીમે તેમને જે અઝમત તથા રફઅત (મહાનતા તથા ઉચ્ચતા) બખ્શી છે તેને પ્રદર્શિત કરવું અશક્ય છે.

સફરની હાલતમાં ક઼લમ વડે આ થોડીક લીટીઓ લખી નાખી છે કે હુઝૂર ક઼િબ્લાગાહી رحمۃ اللہ علیہની બારગાહે નાઝમાં નિયાઝમંદીના સજદા લૂટાવનારાઓની યાદીમાં મારું પણ નામ આવી જાય ! હવે અંતમાં આ પંક્તિઓ પર વાતને ખત્મ કરી રહ્યો છું જે પંક્તિઓ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના ચેહલૂમના મોક઼ા પર થનારા મુશાઈરાના માટે પસંદ કરવામાં આવી હતી :–

**નૂરે અહમદ કા રુખે પાક પે હાલા હોગા**
**રોઝો શબ મર્ક઼દે નૂરીમેં ઉજાલા હોગા**

*(હાલા : વર્તુળ)*

*(હવાલો : ઉર્દૂ માસિક "ઈસ્તિક઼ામત ડાઈજેસ્ટ" કાનપૂરનો "મુફતીએ આ'ઝમ નંબર", મે–૧૯૮૩)*

ઔષધ ઉપચાર

**ઘર બેઠાં વજન ઘટાડો–વધારો તથા વા–પગનાં સાંધા, ઘુંટણ–એડી તેમજ હાડકાની તીવ્ર વેદના પર અત્યંત અસરકારક હર્બલ ઈલાજ ૧૦૦% નિર્દોષ ગેરેંટેડ.**

સંપર્ક : **ઈસ્માઈલ સાલેહ** મુ.પો. દયાદરા (ભરૂચ) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨, ૨૧૩૫૩૦
મો. ૯૮૯૮૧૦૪૯૯૫ *(દવા વી.પી. પોષ્ટ દ્વારા પણ ઉપલબ્ધ)*



# સ્ત્રીની પોલિટિક્લ નેતાગીરી

## ઈસ્લામી રોશનીમાં

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

નબીએ કરીમ ﷺએ કયામતની નિશાનીઓમાં એક નિશાની એ પણ બયાન ફર્માવી છે કે કયામત આવતા પહેલાં સ્ત્રીઓ પુરૂષો ઉપર રાજ તથા શાસન કરશે. આપણુ ઈમાન તથા યકીન છે કે નબીએ કરીમ ﷺ સાદિક (સાચા) છે. આપ ﷺની ઝબાને અક્દસથી નીકળેલ એક એક શબ્દ નિશ્ચિત રીતે સત્ય છે તથા આપની દરેક આગાહી (ભવિષ્યવાણી) સાચી સાબિત થશે. આજે આપણે વૈશ્વિક સ્તરે રાજકરણની દુનિયા ઉપર નજર દોડાવીએ તથા રાજકરણ અને નેતાગીરીના મેદાનમાં સ્ત્રીઓની ભાગીદારીનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીએ તો સરવરે કાઈનાત ﷺના ઉપરોક્ત ફર્માન ઉપર આપણુ ઈમાન તથા યકીન અધિક કામિલ થઈ જાય છે.

સ્ત્રીઓની રાજકરણ સંબંધે નેતાગીરીનો મસ્અલો મઝહબી દાનિશ્વરો દરમિયાન એક મુદ્દતથી ચર્ચાનો વિષય બન્યો છે. અને દરેક ધર્મ તથા મઝહબના પ્રતિનિધિઓએ આ વિષયમાં ભાત ભાતના વિચારો તથા ખયાલો રજૂ કર્યા છે. માનવજાતની એકતા તથા સ્ત્રીઓ પ્રત્યે સ્વતંત્રતાના ઝંડાધારી કહેવાતા ચિંતકો, પરિણામ તથા અંજામથી બેપરવા લોકો સ્ત્રીઓની આગેવાની તથા નેતાગીરીની તરફદારી વિશે અક્કલ તથા બુદ્ધિથી અનાડી લોકો ઘણી એલફેલ દલીલો આ નાઝુક તથા કુમળા વર્ગની પ્રાકૃતિક લાયકાતોથી બેખબર લોકો પાયા વિનાની દલીલો રજૂ કરે છે. આવા એજ્યુકેટેડ પણ દીની જ્ઞાનથી અભણ એવા ચિંતકોએ આ બાબતે ઈસ્લામી સિદ્ધાંતોનો અભ્યાસ કરી પોતાની સોચ તથા વિચારશૈલીની દિશા સહીહ કરી લેવી જોઈએ.

અલ્લાહ તઆલાએ પોતાની સર્વવ્યાપી હિકમત મુજબ માનવતાને બે વર્ગોમાં વહેંચીને તેમની કાર્યસીમા તથા કાર્યપદ્ધતિ પણ નિશ્ચિત ફર્માવી આપી છે. અને એ જ પ્રમાણેની તેમના અંદર શક્તિઓ તથા ક્ષમતાઓ પણ પ્રદાન કરી છે. અલ્લાહ તઆલાની ચોક્કસ કરેલ આ મર્યાદાઓ તથા સીમાઓથી વિરુદ્ધ કરવું હકીકતમાં પ્રાકૃતિક સિદ્ધાંત (કુદરતી નિયમ)થી બગાવત છે, જે કૌમોની તબાહીનું કારણ તથા બેઈજ્જતીનો સામાન હોય છે. અલ્લાહ તઆલાએ સ્ત્રી પુરૂષની પ્રાકૃતિક રચના મુજબ બંનેની જવાબદારીઓમાં પણ ફરક કર્યો છે. આગેવાની તથા લીડરશીપ માટે પુરૂષોને નિયુક્ત કર્યા છે, જ્યારે કે સ્ત્રીઓને નાઝુક હાલતથી સંબંધ ધરાવવા તથા પ્રાકૃતિક રીતે નરમ હોવાના કારણે ઘર સંબંધિત કાર્યો તેમજ ઔલાદના લાલન પાલન તથા કેળવણી તથા અન્ય ગૃહ સંબંધિત જવાબદારીઓ સોંપી છે.

આ બંને વર્ગ દરમિયાન આ પ્રકારની કાર્ય વહેંચણી બંનેની શારીરિક રચના, સ્વભાવ, તબિયત, કાર્યક્ષમતા તેમજ પ્રાકૃતિક આવશ્યક્તાના તદ્દન મુતાબિક છે.

સ્ત્રી વર્ગની રાજનૈતિક સક્રિયતાના તથા ગરમા ગરમીમાં હિસ્સેદારી અથવા રાજકીય નેતાગીરી એ ધાર્મિક તથા મઝહબી દષ્ટિ બિંદુથી જ નહીં બલ્કે તેમની પ્રાકૃતિક તથા કુદરતી ક્ષમતાઓ કાબેલિયતોની વિરુદ્ધ છે. રાજકરણની પગદંડી ઘણી મુશ્કેલ તથા ગુંચવણમય હોય છે, જેના ઉપર ચાલીને મંઝિલ સુધી પહોંચવા માટે કાર્યશક્તિ, ચિંતન, પૂર્વ અનુમાન, દૂરંદેશી ત્વરિત નિર્ણય શક્તિ, અતિ બુદ્ધિમત્તાની સખત જરૂરત હોય છે, જેનાથી સ્ત્રીઓ

સામાન્યતઃ કુદરતી રીતે વંચિત હોય છે. એક પાર્ટી અથવા રાજ્ય તથા રાજ્યની નેતાગીરી માટે નેતામાં જે ક્ષમતાઓ અનિવાર્ય છે, એક સ્ત્રી તેને પૂર્ણ પાડવાની શક્તિથી લાચાર તથા આજિઝ હોય છે. ભાવનાઓની ઉગ્રતા, આતૂરતા તથા બેસબ્રી, કુદરતી શરમો હયા, નિર્ણય શક્તિનો અભાવ, વિશેષ સ્વભાવિક રૂચીઓ વગેરે એવી બાબતો છે જેના કારણે નાઝુક સ્ત્રી વર્ગને આગેવાની નેતાગીરીના વજનદાર હોદ્દાના લાયક ઠરાવી શકાય નહીં.

ઈતિહાસના કોઈ પણ વિદ્યાર્થીના દિમાગમાં એ સવાલ ઊભો થઈ શકે છે કે દુનિયાના ઈતિહાસમાં અમુક એવી સ્ત્રીઓનું વર્ણન પણ જોવા મળે છે જેમણે પોતાની અતિ બુદ્ધિમત્તા, આશ્ચર્યજનક વિચારશૈલી તથા પૂર્વ અનુમાન (દૂરંદેશી) સત્તા તથા હુકૂમત કરવાની અત્યંત ક્ષમતાઓ દ્વારા પોતાની સત્તાને પ્રગતિ આપી પોતાનું નામ રોશન કર્યું છે અને હમેશાં માટે ઈતિહાસનો એક અતૂટ ભાગ બની ગઈ છે, તો પછી આ નાઝુક વર્ગને રાજસત્તા તથા નેતૃત્વની ક્ષમતાઓથી વંચિત ઠરાવીને તેણીઓને આ હક્કથી મેહરૂમ કઈ રીતે ઠરાવી શકાય છે ? પણ હક઼ીકતમાં આવી ઘટનાઓ અપવાદ તથા જુઝ હોય છે જેને લઈને સામાન્ય નિયમ વિરુદ્ધ દલીલો ન કરી શકાય. અને એમાંય શરીઅતની પાબંદીઓને તો રહી નથી જ એ હક઼ીકત છે.

સ્ત્રીઓ સંબંધે સ્વતંત્રતાની વકાલત કરનારા તેમજ ગળુ ફાડી ફાડીને સમાનતાનો નારો લગાડનારા પશ્ચિમીઓ (યૂરોપિયનો) સ્ત્રીઓ પ્રત્યે કેટલી હમદર્દી ધરાવે છે તથા તેમના આ પ્રયાસો સ્ત્રીઓ અંગે નિખાલસ છે કે પછી ઈસ્લામ દુશ્મનીમાં છે, તેનો અંદાજો ખૂદ તેમના કરતૂતો તથા કારનામાંઓથી જ લગાડી શકાય છે. વાસ્તવિક્તા એ જ છે કે તેઓ પોતે જ આ સિદ્ધાંત ઉપર અમલ નથી કરતા. સ્ત્રીઓની આઝાદી સંબંધે સૌથી મોટા ઠેકેદાર અમેરિકાને જ જોઈ લો જે આજે આખા જગતમાં માનવજાતની સમાનતાનો ઢંઢેરો પીટી રહ્યું છે, પરંતુ આજ સુધી એકપણ ખુશનસીબ સ્ત્રી ત્યાંની પ્રમુખ નથી બની શકી.

ઈસ્લામ જે એક પ્રાકૃતિક ધર્મ તથા દીને ફિતરત છે અને દરેક ક્ષેત્રે મધ્યમતાનો પાઠ શીખવે છે તે આ વિષયમાં પણ ઘણી સ્પષ્ટ ફિક્ર તથા વિચાર ધરાવે છે. ઈસ્લામે સ્ત્રીઓને ઘરની શોભા ઠરાવી છે, તથા તેની પ્રાકૃતિક ક્ષમતાઓના આધારે તેનું કાર્યવર્તુળ પણ ચોક્કસ કરી આપ્યું છે. ઈસ્લામે તેમની ઈજ્જત તથા માન સન્માનની સુરક્ષા માટે તેમને પર્દાનો આદેશ આપ્યો છે અને પર્દા વિના (બેપર્દા) ગૈર મેહરમ (પર પુરૂષો) સામે જવાને શરીઅતની દષ્ટિમાં એક સખ્ત જુર્મ તથા અપરાધ ગણાવેલ છે. સ્પષ્ટ છે કે શરીઅતના આ પ્રકારના આદેશોનું પાલન એવી સ્ત્રી કદી પણ નથી કરી શકતી જેના દિમાગમાં રાજકરણ તથા નેતૃત્વનું ભૂત સવાર હોય, અથવા રાજનૈતિક આગેવાનીનો નશો ચડયો હોય. આ પવિત્ર તથા નાઝુક વર્ગનું રાજકરણ તથા નેતૃત્વના મેદાનમાં ઝંપલાવવું અન્ય રીતે પણ કેટલીયે ખરાબીઓ તથા બુરાઈઓનો દરવાજો ખોલી આપે છે. ગૈરમર્દ સાથે એકાંતમાં ચર્ચા, ગૈર મર્દો સાથે ઉઠવું બેસવુ, બેપર્દગી તથા બેહયાઈ આ મેદાનની એક સામાન્ય વાત છે. રાજકરણ એ હરીફાઈ તથા મુક઼ાબલાનું મેદાન ગણવામાં આવે છે જ્યાં દરેક વ્યક્તિ પોતાના હરીફને માત કરવા માટે દરેક પ્રકારના શરઈ અથવા ગેરશરઈ પ્રયાસો કરવાથી પણ ચૂક્તો નથી. પોતાની તમામ શરઈ તથા ધાર્મિક મર્યાદાઓ તથા જવાબદારીઓને ભૂલી જાય છે. આવી સ્થિતિમાં એક સ્ત્રી પોતાનામાં સ્ત્રીપણાની સુરક્ષા કઈ રીતે સાચવી શકે છે ? ઈસ્લામી હદોમાં રહીને પોતાની રાજનૈતિક જવાબદારીઓને કઈ રીતે અંજામ આપી શકે છે ? આશ્ચર્યજનક વાત છે એ લોકોની જેઓ ઈસ્લામી આદેશો ઉપર કાર્યરત રહીને સ્ત્રી માટે રાજનૈતિક નેતાગીરી અંગેની ભાગીદારીની વાતો કરે છે. ઈસ્લામના આ સિદ્ધાંત તથા ખયાલને સ્ત્રીઓના અધિકારો વિરુદ્ધ ઠરાવવો એ સરાસર બેઅકલી તથા નાદાની છે. ઈસ્લામનો આ આદેશ હક઼ીક઼તમાં સ્ત્રીઓના સ્ત્રીપણાની હિફાઝત તથા તેમની ઈજ્જત તથા મર્યાદાની સુરક્ષા માટે છે. અલ્લાહ તઆલા સૌને સાચી સમજ અતા ફર્માવે. (આમીન)

## બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

**★ ગોંડલમાં સમૂહ શાદી ★**

**ગોંડલ** : કલંદર કમિટી ગોંડલ થકી જનાબ સૈયદ મીઠુમિયાં બાપુ અલાઉદ્દીન બાપુ નાગાણી કાદરી બરકાતીની યાદી જણાવે છે કે મઝકૂર કમિટી થકી તા. ૧૦–૧૦–૨૦૧૦ના રોજ રવિવારે અમીને મિલ્લત હઝરત કિબ્લા ડો. સૈયદ મુહમ્મદ અમીનમિયાં બરકાતી (સજ્જાદાનશીન–મારાહરા શરીફ)ની સદારતમાં ૫૨ જોડાના સમૂહ નિકાહ રાખવામાં આવ્યા.

**★ બોલ્ટનમાં આલિમાના રિદા વ સનદની અર્પણવિધિ ★**

**બોલ્ટન** : મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી જણાવે છે કે મક્કા મસ્જિદ બોલ્ટન ખાતે તેમની નિગરાનીમાં તથા આલિમા મેહઝબીન આપાની તા'લીમ હેઠળ પાંચ બહેનોએ આલિમાની તા'લીમ મુક્કમલ કરતાં તેમને એક પ્રોગ્રામમાં આલિમાની સનદ તથા રિદા અર્પણ કરવામાં આવી. લેંકેશાયરમાં પ્રથમવાર સુન્નીઓમાં પાંચ આલિમાને સનદ અપાયી છે. તેમજ આલિમા બહેનો થકી અંગ્રેજીમાં અઝમતે વાલિદૈન (અઝ : મુફતી નિઝામુદીન સાહબ–મુબારકપુર) તેમજ જન્નતકી કુંજીયાં, નૂરાની રાતેં, ઈર્શાદુલ કુર્આન વગેરે કિતાબો અંગ્રેજીમાં અનુવાદિત થઈ મંઝરે આમ પર આવી ચૂકી છે. સુબ્હાનલ્લાહ ! બહેનોમાં આ પ્રગતિ નોંધપાત્ર છે જેનાથી એક પાકીઝા ઈસ્લામી માહોલ ખડો થઈ શકે છે. મૌલાના નિઝામુદીન સાહબ તથા મોહતરમા મેહઝબીન આપા તેમજ સર્વ સંચાલકોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**★ ઉર્સે અમીરે અહલે સુન્નત ★**

**જુનાગઢ** : ખાતે તા. ૪–૧૦–૨૦૧૦ સોમવારે સૌરાષ્ટ્રના મશ્હૂર બુઝુર્ગ અમીરે અહલે સુન્નત ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના નૂર મુહમ્મદ મારફાની رحمۃ اللہ علیہનો ૧૨મો ઉર્સ શરીફ હુઝૂર મૌલાના ગુલઝાર અહમદ નૂરી સજ્જાદાનશીનની સરપરસ્તીમાં યોજાયો. જેમાં મૌલાના મુઈનુદ્દીન રઝવી, મુફતી હસીબુર્રહમાન, મૌલાના નૂરઐન સાહબ, મૌલાના મુનવ્વર રઝા–ધોરાજી......વગેરે આલિમોનાં બયાનો થયાં અંતમાં ન્યાઝનું આયોજન કરવામાં આવેલ.

**વારાહી** : તા. સાતલપુર મુકામે નૂરે મદાર માધ્યમિક શાળાના નવા મકાનનું ઉદ્દઘાટન પીર હઝરત સૈયદ મેહઝરઅલી બાપુ–મકનપુર શરીફના થકી તા. ૩–૧૦–૨૦૧૦ના રવિવારે સમાજના આગેવાનો, શિક્ષણ પ્રેમીઓની હાજરીમાં કરવામાં આવ્યું જેમાં વક્તાઓએ મુસ્લિમોની શિક્ષણ પ્રત્યે જાગૃતિ પર પ્રવચનો કર્યાં હતાં.

**વેરાવળ** : અલ બરકાતી ગૃપ બહારકોટ તરફથી સરકાર હાજી માંગરોલી શાહ બાબાની દરગાહના પટમાં તા. ૧૩–૭–૨૦૧૦ના રોજ રાત્રે સરકાર હાજી પીયાના ઉર્સ શરીફના મોકા પર મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા આ'ઝમી (ઘોસી, યુ.પી.) શાહઝાદા સદરુશ્શરીઅહ્‌ની ઈમાન અફરોઝ તકરીરનો પ્રોગ્રામ થયો હતો.

**નાપાડ** : થી મૌલાના મુહમ્મદ અન્વર રઝા લખી જણાવે છે કે ૧૦–શવ્વાલ હિ.સ. ૧૪૩૧ સોમવારે સવારે મદ્રસા મુહમ્મદિયા અંજુમને સદાકતના તલબા–તાલિબાતના થકી આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની વિલાદતના દિવસના મોકા પર ''જશ્ને યૌમે રઝા'' મનાવાયો જેમાં અંતમાં બોરસદથી પધારેલ મહમાને ખુસૂસી હઝરત મૌલાના મજલે અલી બાવાએ આ'લા હઝરતની શાનમાં શાનદાર બયાન કર્યું હતું.

**માંડવી** : (જિ. સુરત) થી આસિફ મુહમ્મદ દરિયાઈ અશરફી જણાવે છે : તા. ૨૧–૯–૨૦૧૦ના રોજ પીરે તરીકત હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી દરિયાઈ અશરફીની સદારતમાં હઝરત કિબ્લા બાલાપીર બાવા رحمۃ اللہ علیہનો ઉર્સ મનાવાયો, જેમાં હઝરતે અવલિયા અલ્લાહની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. અસ્લમભાઈ પઠાણ, ખાલિદભાઈ વકીલ, આમિરભાઈ પઠાણે નઅતે પાકના ગુદલસ્તા પેશ કર્યા હતા. અન્ય આલિમો, ખલીફાઓ તથા સુન્ની અવામે હાજરી આપી હતી.

### ★ શાદી મુબારક ★

**વેરાવળ** : મુકામે જનાબ મુહમ્મદ હુસૈન મુગલના નેક ફરઝંદ અલ્તાફની શાદી સાજીયાબાનુ સાથે તા. ૧૮–૯–૨૦૧૦ શનિવારના રોજ રાતે ૧૧ વાગે પટણી હોલ લાબેલામાં રાખવામાં આવી મૌલાના હાફિઝ જાવેદ સાહબે નિકાહ પર બોધદાયક બયાન કર્યુ. (રજૂકર્તા : હાજી કાલુ કરવત, પ્રમુખ : અલ બરકાતી ગૃપ–વેરાવળ)

**અરગામા** : (તા. વાગરા) પટેલ ઈલ્યાસ ઈસ્માઈલ હાફેજીની નેક દુખ્તર શહેનાઝબાનુની શાદી અરગામા નિવાસી પટેલ હનીફ ઈસ્માઈલ હાફેજીના નેક ફરઝંદ શોએબ સાથે ૮ ઝીલ કઅદ હિ.સ. ૧૪૩૧ અંગ્રેજી તા. ૧૭–૧૦–૨૦૧૦ના રોજ રાખવામાં આવી.

ઉપરોક્ત દુલ્હા દુલ્હનો, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના મહબૂબ ﷺના સદકામાં નવદંપતિઓને બંને જહાન સદા ખુશ તથા આબાદ રાખે. (આમીન) –તંત્રી

### ★ નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં ★

અમારે ત્યાં સુંદર છપાઈ ગ્લેઝ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : મુકામે જનાબ ઝાકિરભાઈ દિવાનનાં વાલિદા સખીનાબેન મુહમ્મદશા દિવાનનો ઈન્તેકાલ રમઝાન શરીફના ૩૦મા રોઝાએ તા. ૧૯–૯–૨૦૧૦ના રોજ થયો હતો. તા. ૩૦–૯–૨૧૦ના રોજ દયાદરા નૂરાની ઉર્ફ મુખ્તારુલ મસાજિદ મસ્જિદમાં કુર્આનખ્વાની થઈ ત્યારબાદ હઝરત મૌલાના સાદિક સાહબ દહેગામીએ બયાન કર્યું. અંતમાં મર્હૂમાની મગફેરતની દુઆ થઈ હતી.

**દયાદરા** : તા. ૧૯–૯–૨૦૧૦ના રોજ હુરીબેન ઈબ્રાહીમ જાડાનો ઈન્તેકાલ થઈ ગયો. ઈશાની નમાઝ બાદ મર્હૂમાને સુપર્દે ખાક કરવામાં આવ્યાં.

**કુરચણ** : તા. ૧૩–૯–૨૦૧૦ના રોજ આમેના મુહમ્મદ ભૂત અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં જેમના ઈસાલે સવાબ અર્થે યૂસુફ મુહમ્મદ ભૂત તરફથી રૂા. ૧૦૦/– લિલ્લાહ "બરકાતે ખ્વાજા" (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ ! *–તંત્રી :*

**રનાડા (આમોદ)** : તા. ૧૪–૯–૨૦૧૦ના રોજ રનાડા મુકામે જનાબ ઈકબાલભાઈ ગરાસીયાના વાલિદ સાહબ હાજી મુહમ્મદ હાજી છતભા ગરાસીયા ઈન્તેકાલ કરી ગયા છે.

**ગંધાર** : મુકામે રમઝાન શરીફમાં ૨૩મી તરાવીહની આઠમી રકાતમાં સજદાની હાતલમાં અબ્દુલભાઈ કચ્છીનો ઈન્તેકાલ થઈ ગયો હતો.

**ઈટાદરા** : (તા. માણસા, જિ. ગાંધીનગર)થી બહેલીમ મુહમ્મદ આરિફ અકબરખાન રઝવી (પોલીસ કોન્સ્ટેબલ) લખી જણાવે છે કે તેમના વાલિદે મોહતરમ હાજી અકબરમિયાં મુહમ્મદમિયાં રઝવી નૂરી કાદરી, ચિશ્તી, નક્શબંદી, સુહરવર્દી ૨૯ રજબ હિ.સ. ૧૪૩૧ અંગ્રેજી તા. ૧૧–૭–૨૦૧૦ સોમવારે રાત્રે ૯. ૧૦ વાગ્યે ઈન્તેકાલ કરી ગયા.

**ભરૂચ** : થી જનાબ સૈયદ અલ્તાફ અલી સજ્જાદ અલી રિફાઈ (તેલીયા મસ્જિદ, લાલ બજાર)નાં વાલિદા સૈયદા ઈકબાલુન્નિસા રિફાઈ તા. ૨૫–૯–૨૦૧૦ના રોજ શનિવાર મગરિબ બાદ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. મર્હૂમાનો ચેહલૂમ તા. ૩૦–૧૦–૨૦૧૦ના રોજ તેલીયા મસ્જિદમાં રાખવામાં આવેલ છે.

દુઆ છે કે રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં ઉપરોક્ત મર્હૂમોની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે તથા તેમનાં કુટુંબીજનોને સબ્ર જમીલ અતા કરે. (આમીન) "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ" ખાતે કુર્આન ખ્વાની કરી સર્વના માટે ઈસાલે સવાબ તથા દુઆ કરાવવામાં આવી હતી. *–તંત્રી*

# આ છે અમારા સહાયક મુજાહિદો !

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા), ઈસ્લામિક વેલ્ફેર મિશન (દયાદરા), બરકાતે ખ્વાજા મંથલી (દયાદરા) તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)ને ચંદામાં સહાય કરનારાઓના અમો આભારી છીએ.**

| નામ | શહેર |
|---|---|
| મુહમ્મદ હનીફ જી. બેલીમ (સાવન રેડીયો) | પાટડી |
| ઈબ્રાહીમભાઈ એચ. માજોઠી | મીઠાપુર |
| મૌલાના સિરાજુલ હુદા | ઝાલોદ |
| હાફેઝ ફારૂક ઈસ્માઈલ પટેલ | બોડેલી |
| ક઼ારી શાહિદ રઝા કાપડવાળા | કોઠી (વાંકાનેર) |
| અબ્દુલ ગફ્ફાર એસ. કાઝી | કોઠી (વાંકાનેર) |
| મૌલાના ઝૈનુલ આબેદીન | પીપળીયારાજ |
| અબ્દુલ હમીદ મુલ્લા | બીલીમોરા |
| ઓસામા મુહમ્મદભાઈ/ઈકરામભાઈ | સૂરત |
| મકસૂદભાઈ રાજવાની/અલ્તાફ સૂર્યા | સૂરત |
| મકતબે રઝા | સૂરત |
| અબ્દુલ સમદભાઈ આછોદી (નાના વરાછા) | સુરત |
| અકબરભાઈ ડાભાવાલા | સૂરત |
| મૌલાના મુખ્તાર અહમદ | કોસંબા |
| મુહમ્મદ આકિબ ખાન બરકાતી | પેટલાદ |
| માસ્તર યૂસુફમિયાં મલેક | બડાપુરા |
| હાજી ઈદ્રીસભાઈ ગોધા | સાંસરોદ |
| મેહબૂબભાઈ બાવલા | સાંસરોદ |
| ઈસ્માઈલભાઈ કડુજી | નબીપુર |
| હાફેઝ ગુલામ મરચી | નબીપુર |
| ઈસ્માઈલભાઈ કડુજી | નબીપુર |
| સલીમભાઈ જોહાં | હલદરવા |
| શબ્બીર માસ્તર | કુરચણ |
| સલીમભાઈ શેખ (જમાલપુર) | અમદાવાદ |
| માસ્તર દાઊદભાઈ ઝંઘારવાલા | ભરૂચ |
| મોઈનભાઈ (હાજીપીર કિરમાની) | ભરૂચ |
| તારીકભાઈ શેખ | ભરૂચ |
| હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા | ભરૂચ |

| નામ | શહેર |
|---|---|
| મુનીરભાઈ શેખ (અમન મોબાઈલ) | ભરૂચ |
| યુસૂફભાઈ ગડીમલ | ભરૂચ |
| હાજી મુસ્તાકભાઈ મુન્શી વાગરાવાળા | ભરૂચ |
| હાફેઝ અબ્દુર્રહીમ | ભરૂચ |
| મૌલાના મેહબૂબ રઝવી | ભરૂચ |
| સૈયદ હશ્મતબાપુ મજુમિયાં બરકાતી | જંબુસર |
| હાજી અલ્લાહરખા ફુટવાલા | જંબુસર |
| હાજી મુહમ્મદ યૂસુફ માસ્તર | વોરાસમની |
| હાફેઝ મહબૂબ ઝંઘારવી | કરજણ |
| હાફેઝ મુબારક લુવારાવાલા | તીલકવાડા |
| મૌલાના સૈયદ અખ્તર દહીઅપવાળા | ભાલેજ |
| જનાબ ક઼ારી શમીમ સાહબ | આમોદ |
| ઈરફાનભાઈ M.R. | ભાવનગર |
| અબ્દુલ રઝ્ઝાકભાઈ | ભાવનગર |
| ઈરફાનભાઈ (માણિયા હાતિના) | જામનગર |
| ક઼ાદરી મુહમ્મદ રફીક આદમમિયાં | જામનગર |
| અબ્દુર્રઝ્ઝાક કાસમાણી | જામનગર |
| ડો. મકસૂદભાઈ દયાદરવી | ચીખલી |
| ઉષ્માનગની મુબલ્લિગ | વડોદરા |
| હાફેઝ શબ્બીર સાહબ સારણવાલા | વડોદરા |
| નાશિરહુસૈન ઈબ્રાહીમ શેખ | વડોદરા |
| અમીરમિયાં ક઼ાઝી | વડોદરા (તાંદલજા) |
| સુલ્તાન રઝા | વડોદરા |
| અબ્દુલ કાદર રઝવી શેખ | નડિયાદ |
| આ'લા હઝરત લાયબ્રેરી | નડિયાદ |
| સૈયદ ફારૂકઅલી મહેરઅલી (ટીનાભાઈ) | હાડગુડ |
| રઝા પેન એન્ડ કિતાબ ઘર | જુનાગઢ |
| રોશન અલીભાઈ | અંજાર |

વધુ ટાઈટલ ૩......

ટાઈટલ ૨ નું ચાલુ.....

| નામ | શહેર |
|---|---|
| હાફેઝ સલીમ સાહબ રઝવી | ખંભાત |
| અબૂબક્રભાઈ ઈસ્માઈલ પટેલ | દેડીયાપાડા |
| ઈબ્રાહીમભાઈ ખત્રી | ઉમલ્લા |
| ઈમ્તિયાઝ ડી. બાલા | કિલ્લાપારડી |
| હાફેઝ યાકૂબ ચાંચવેલી | મોડાસા |
| આરિફભાઈ હુક્કવાલા | મોડાસા |
| વ્હોરા અ.અઝીઝ અ. સત્તાર ઉર્ફે પેન્ટર લાલા | આણંદ |
| વ્હોરા કૈયુમભાઈ અબ્દુલ ઘંટીવાલા | નરસંડા |
| હાફેઝ અ. કાદિર સાધીવાલા | વણાકબોરી |
| શરીફખાન એસ. ગરાસીયા | રાજપીપલા |
| ખાલિદભાઈ કુરૈશી | કોસંબા |
| મૌલાના અબ્દુલગની રાજેભાઈ | હિંમતનગર |
| જનાબ હાજી સૈયદ રૂકનુદીન મહંમદમિયાં | હાડગુડ |
| હસન અબ્દુલ મજીદ મુલ્તાની ચાવાલા | ઝંખવાવ |
| મુતવલ્લી હુસૈનભાઈ સાહિબખાન | સેલંબા |
| બશિરમિયાં રહીમમિયાં શેખ | માંડવી |
| ઈસ્માઈલભાઈ ચિરાગ (ઈલેક્ટ્રીક સ્ટોર્સ) | વાંકાનેર |
| હાફેઝ અબ્દુલ્લાહ પીપલીયાવાળા | પીપલીયા |
| રઈસ અહમદભાઈ | મેંગ્લોર |
| ખેરુ કિતાબ ઘર (રફીકભાઈ લાલપુરવાલા) | ઉનાવા |
| સલીમભાઈ અકબર રાઠોડ | ભોજ |
| ઈમરાનભાઈ (સુપર ઓપ્ટીકલ) | પોરબંદર |
| યૂનુસભાઈ રવન્ના | જૂનાગઢ |
| યૂનુસભાઈ બોરડીવાલા/અઝહરભાઈ | પારખેત |
| માજોઠી મેહમૂદ ઉષ્માનગની | ભુજ–કચ્છ |
| એફ. આઈ. કિતાબ ઘર | અંજાર (કચ્છ) |
| જનાબ મૌલાના કમરુદીન | કાલોલ |
| ઓસ્માણગની આહમદ હાજી | મથડા |
| ઈકબાલ પી. અજમેરી | લીલીયામોટા |
| ખિઝરભાઈ નવીવાળા | ધોરાજી |
| બરકાતી બુરખા કલેકશન | ધોરાજી |
| સૈયદ તુફૈલ હુસૈન | વિજાપુર |
| મકબૂલભાઈ ડભાડ | ચીખલી |
| દાઉદ નૂર મુહમ્મદ રઝવી | અલીયાબાડા |
| સાબરી સિલેકશન | પ્રભાસપાટણ |
| અબ્દુલ્લાહ એન્ડ કું. | દીવ (U.T.) |
| સુદેસરા અહમદભાઈ | વઘઈ (જિ. ડાંગ) |
| શેખ મુહમ્મદ હનીફભાઈ | ગાંધીનગર (પોર) |
| અઝીઝભાઈ મછાસરવી | અડાજણ દરગાહ |
| હાફેઝ સઈદ સાહબ | ભાલેજ |
| સૈયદ મુહમ્મદ અસ્ગરઅલી દહીંઅપવાળા | મહુધા |
| મુહમ્મદ ઈકબાલ જાફરભાઈ પનારાવાલા | વિરમગામ |
| ફારૂકભાઈ મુબલ્લિગ | દાહોદ |
| ઝાકીરહુસૈન ગફૂરભાઈ પીરવાલા | દેવકા |
| ઈમ્તિયાઝભાઈ લોહાર | ભુજ |
| ઐયૂબ અ. અઝીઝ | ગોંડલ |
| ગુલામ રસૂલ રઝવી | બોટાદ |
| મૌલાના મુલતાની મુહમ્મદ અલ્લારખા રઝવી | વિરમગામ |
| એમ. એમ. અગરીયા | પાલીતાણા |
| સલીમભાઈ લીંબુવાળા | આણંદ |
| મૌલાના ઈમરાન મછાસરાવાલા | વેરાવળ |
| મૌલાના નઝમુલહુદા–અરબચોક | વેરાવળ |
| અ. સત્તાર અ. રહમાન | વેરાવળ |
| ડો. નજીર મુહમ્મદ દેવલા | હિંમતનગર |
| અમીનભાઈ મેમણ | ગોંડલ |
| તૌસીફ પટેલ | વાગરા |
| મુતવલ્લી અશરફભાઈ/દિલાવરભાઈ | નોબાર |

**તેમજ દેશ વિદેશથી અમારી હોંસલા અફઝાઈ કરનાર સર્વ સુન્ની હમદર્દોનો અમો દિલની ગહરાઈથી આભાર માનીએ છીએ. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની બંને જહાનને આબાદ ફરમાવે. (આમીન)** *લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*

નોંધ : **બરકાતે ખ્વાજા (માસિક)**ના ગ્રાહકો તથા **અંજુમને રઝાએ મુસ્તફા**ના મેમ્બરો, ડોનરો કરી આપી સુન્નિયતના કામમાં વેગ આપવા ઈચ્છનારાઓ અમારો સંપર્ક કરે એવી વિનંતિ. *–તંત્રી*